અસ્તિત્વ કે વિનાશ?

[સંપાદકીય]

જગતનાં જીવનનો ઊંડો અભ્યાસ કરતાં; તેમજ તેનો ઈતિહાસ તપાસતાં; જીવનની બે વૃત્તિઓ સ્પષ્ટ સામે આવે છે. એક છે જીવનના અસ્તિત્વને ટકાવી રાખવાની વૃત્તિ; અને બીજી પોતાના અસ્તિત્વ માટે અન્યનો વિનાશ કરવો! યુગયુગથી આ પ્રશ્ન માનવ સામે ઊભો છે અને તેનું પૃથક્કરણ કરતાં એક વસ્તુ સ્પષ્ટ છે કે માનવસમાજ અને જગત-જીવો: જીવનના અસ્તિત્વને ટકાવી રાખવાનાજ બધા પ્રયત્નો કરે છે.

નાની કીડી જેટલી ચીવટથી ઇંડા મૂકે છે; સેવે છે; ભય આવતાં ઉપાડીને ભાગે છે. તેના માટે જરૂરી ખોરાક ભેગો કરે છે. એટલી જ ચીવટથી માનવ–માતા પણ બાળકને જન્મ આપે છે; ઉછેરે છે. મોટો કરે છે અને આશા રાખે છે કે પોતાની ઉત્તરાવસ્થામાં એ બાળક તેનો આધાર બને. ત્યારે બીજી તરફ એવું જોવામાં આવે છે કે પોતાના સ્વાર્થ માટે વ્યક્તિ વધુ બળવાન થઈને કેવળ પોતાના અસ્તિત્વ માટે અનેક બીજાઓનો વિનાશ કરે છે. આ વિનાશને અટકાવવાની પ્રક્રિયા માનવસમાજમાં આદિકાળથી ચાલુ છે; વિચારકો તેને પોતપોતાના કાળમાં વધારે ને વધારે શુદ્ધ રૂપ આપે છે અને તે વિનાશને થતો રોકવા પ્રયત્ન કરે છે. જ્યાં એક તરફ સંગઠિત માનવસમાજ અન્યના જીવનનો વિનાશ કરવા ગતિમાન થાય છે; ત્યાં આવા વિચારકો, સંતો ઋષિઓ નબળા વર્ગના લોકોને તૈયાર કરે છે અને એ વિનાશને સામૂહિક તપ–ત્યાગ દ્વારા રોકવા મથે છે. એ વિનાશની રીતો હિંસા છે અને અસ્તિત્વને ટકાવી રાખવા માટેની જે ભાવના અને પ્રક્રિયા છે તે અહિંસા છે. ધીમે-ધીમે માનવ સદીઓથી સંગઠિત રૂપે જીવતાં શીખા ગયો છે. એટલે આજે તેને અસ્તિત્વને ટકાવી રાખવા માટે સામુદાયિક રૂપે જ વિચારવાનું અને કાર્ય કરવાનું છે! એમાંથી એક નવી વાત આ વીસમી સદીમાં માનવસમાજ આગળ આવી છે; તે છે " સહ–અસ્તિત્વ." આ વિચાર પ્રમાણે હવે વિનાશને અવકાશ રહેતો નથી. ગમે તેટલાં સંઘર્ષના સાધનો વસાવવાં છતાં, અવિશ્વાસની નજરે જોવા છતાં લોકો:એમ માને

છે કે જીવન વિનાશ માટે નથી; અસ્તિત્વ માટે છે. એક ઘરમાં જેમ ભિન્નભિન્ન વય, વિચાર અને જાતિની વ્યક્તિઓ રહી શકતી હોય તો આખા વિશ્વમાં દેશો અને સમાજો પણ રહી શકે છે.

અને આ ભૂમિકાએ જગતને પહોંચાડવાનું શ્રેય સામુદાયિક અહિંસાના પ્રયોગકારો અને પ્રયોગોને ફાળે જાય છે. આ પ્રયોગો ઘણી સાવધાનીપૂર્વક થવા જોઈએ અને તેમાં પણ કેટલીક કાળજી રાખવી જોઈએ. પ્રયોગકારની કેટલી યોગ્યતા હોવી જોઈએ; તે ચકાસીને જ કામ થવું જોઈએ. નહીંતર એટલા અંશે બીજા અનર્થો ફેલાઈ જવાનો ડર રહે છે.

આ આખાયે વસ્તુ (Matter) વિષયને "સામુદાયિક અહિંસા-પ્રયોગો" શીર્ષક શિબિર પ્રવચનમાં, પ્રખર વિચારક પૂ. મુનિશ્રી સંતબાલજીએ બહુ જ ઊંડાણથી અલગ-અલગ પ્રવચનો વડે આવરી લીધું છે.

એમાં એમણે કેટલીક વસ્તુઓ શાશ્વત સિદ્ધાંતો રૂપે રજૂ કરી છે. પ્રયોગકારની યોગ્યતા અંગે તેમણે એક સિદ્ધાંત આપ્યો છે:–અહિંસકે હિંસક તત્ત્વો, કોમી તત્ત્વો કે પ્રાંતીય તત્ત્વો સાથે સાઠગાંઠ ન બાંધવી જોઈએ. એનું કારણ એ છે કે અહિંસા પોતાનામાં વિશાળ છે–તેને જ્યારે સંકુચિત રૂપ આપી દેવામાં આવે તો ત્યાં ખોટું થાય છે. સામ્યવાદ, કોમવાદ કે પ્રાંતવાદ આવા સંકુચિત રૂપો છે.

ચીન સાથે ભારતે ગાંઠ બાંધી. પરિણામ એનું જે આવ્યું તે આજે સુસ્પષ્ટ છે–કારણ કે સહ–અસ્તિત્વ માટે બે રાષ્ટ્રોની જીવન પ્રણાલિકા અલગ હોઈ શકે; પણ તેનો મૂળ આધાર અલગ ન હોવો જોઈએ. સામ્યવાદ હિંસા વડે પણ પ્રચારમાં માને છે, ત્યારે ભારત અહિંસક-તટસ્થ બળ અને

[illegible]

[illegible]

[illegible] શોષણ, દમન, અન્યાય આ બધા તત્ત્વોના અહિંસા સાથે મેળ બેસતો નથી.

આ જ વાતને વિશેષે નજર સામે રાખીને વિચારવાની છે. વિશ્વના દેશો "સહ-અસ્તિત્વ"ને માનતા થઈ ગયા છે અને એ જ યુગયુગના અહિંસક પ્રયોગોનું પરિણામ છે. હવે જોવાનું એ છે "સહ-અસ્તિત્વ"ના સિદ્ધાંતને પોતપોતાની રીતે મનાવવા માટે જે હરિફાઈ છે અને વિનાશકારી તૈયારીઓ છે તે દૂર થશે કે નહીં? જો પોતાની પ્રણાલિકાને જગતના સુખ માટે શ્રેષ્ઠ સાબિત કરવી હોય તો અંતે વિનાશ અને હિંસાને તિલાંજલિ આપવી જ પડશે. શ્રેષ્ઠતા માટે અસ્તિત્વનું ખરું મૂલ્યાંકન ત્યારે જ થશે।

એ બાબતમાં જગત બહુ જ આશાપૂર્વક અહિંસાના સામુદાયિક પ્રયોગો તરફ મીટ માંડી રહ્યું છે. કારણ કે વિનાશ કોઈને પસંદ નથી; વિનાશમાં કોઈ શાંતિની કલ્પના કરે એ નરી મૂર્ખતા છે; એનું મુખ્ય કારણ એ છે કે જગતનો ક્રમ જ જીવનને ટકાવવા – અસ્તિત્વ માટે જ ચાલુ છે.

આ અંગે ઘણું ઘણું આ પ્રવચનોમાં પૂ. મુનિશ્રી સંતબાલજીએ રજૂ કર્યું છે. જેનું હંમેશ માટેનું મૂલ્યાંકન ઘણું ઊંચું છે, એમ દરેક ચિંતકને વાંચ્યા પછી લાગ્યા વગર રહેશે નહીં.

જૈન વિદ્યાર્થીગૃહ,
મદ્રાસ
૧૦-૬-૬૩

ગુલાબચંદ જૈન

બે બોલ

મુનિશ્રી સંતબાલજીને તમો સૌ જાણો છો. તેઓ એક ક્રાન્તિકારી જૈન સાધુ છે. તેઓ આત્મસાધનામાં મગ્ન રહેવા છતાં સમાજકલ્યાણની અનેક પ્રવૃત્તિમાં સક્રિય માર્ગદર્શન અખંડપણે અહોનિશ આપતા રહે છે. તેઓશ્રી માને છે કે હવે માત્ર ઉપદેશથી કામ નહીં ચાલે પણ જે સમાજ-જીવન ચૂંથાઈ ગયું છે; ડગલે ને પગલે અશાન્તિ દેખાય છે તેના નિરાકરણ માટે સાધુસંતોએ સક્રિય માર્ગદર્શન આપવું જોઈશે. આ તો જ બની શકે જો સાધુસાધ્વીઓ પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહનો મોહ છોડે અને સાંપ્રદાયિકતામાંથી મુક્ત બની, સર્વધર્મનો અભ્યાસ કરે. આમ કરવાથી આપોઆપ ગ્રામજનતાનો અને આમ-જનતાનો સંપર્ક આવી જશે.

આજે કોઈ પણ એક પ્રશ્ન કે એક જ ક્ષેત્રના અનેક પ્રશ્નો લેવાથી સમાજ વ્યવસ્થા પૂર્ણ નહીં બને. જો ધર્મમય સમાજરચના ઊભી કરવી હશે તો માનવજીવનમાં ઊભા થતા સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય અને દરેક ક્ષેત્રના પ્રશ્નોનો સર્વાંગી વિચાર કરવો પડશે. અને અમલ પણ સંસ્થાદ્વારા જનતા વાટે કરવો પડશે. પ્રાચીન કાળમાં યુગાનુરૂપ આમ થતું હતું; એટલે જ ભારતની સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ બની છે; અને આજ સુધી ટકી છે. આપણે ત્યાં ઘરના ધર્મની ચોકી સ્ત્રીઓ કરતી એટલે કુટુંબ સ્નેહસભર અને પવિત્ર રહેતું. સમાજની ચોકી બ્રાહ્મણો કરતા, તેઓ ક્યાંય વ્યસનો, અપ્રમાણિકતા કે ગેરરીતિઓ પેસી ન જાય તેને માટે સતત ક્રિયાશીલ રહેતા; તેથી દેશ નીતિસભર રહેતો. અને સંતો આખા દેશમાં પરિભ્રમણ કરી સંસ્કૃતિની ચોકી અખંડપણે કર્યા કરતા હતા. રાજ્ય પણ સંતો, બ્રાહ્મણોને આધીન રહીને ચાલતું. આ બધાના કારણે સમાજ શાન્તિથી જીવતો. અને અધ્યાત્મલક્ષી રહી શકતો; કોઇ જાલીમ દુષ્ટ કૃત્ય કરનાર નીકળતો તો રાજ્ય તેને યોગ્ય નસ્યત કરતું.

આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. પૂર્વ પશ્ચિમ એક થવા લાગ્યાં છે. વિજ્ઞાને દોટ મૂકી છે. એટલે મહારાજશ્રી એ જ પુરાણી સંસ્કૃતિને નજરમાં રાખી, યુગાનુરૂપ નવી ઢબે સમાજ વ્યવસ્થા ગોઠવવા પ્રયત્ન કરે છે.

હવે વિશ્વરાજ્યોમાં લોકશાહી વ્યવસ્થા શ્રેષ્ઠ બનતી જાય છે ત્યારે જનતાને ઘડવાનું જ મુખ્ય કામ અગત્યનું બન્યુ છે. એટલે એમનાં નીતિનાં પાયા પર સંગઠનો બનાવવાં જોઈએ. એ સંગઠનો સતત સાચે રસ્તે વિકાસ કરતાં રહે તે માટે; તેનું સંચાલન આજના બ્રાહ્મણો કે જે રચનાત્મક કાર્યકરો કહેવાય છે તેમની બનેલી સંસ્થાના હાથમાં મૂકવું જોઈએ. અને રચનાત્મક કાર્યકરોની સંસ્થાને પણ માર્ગદર્શક પ્રેરણા મળતી રહે તે માટે સાધુસંતોએ ધ્યાન રાખવું જોઈએ. દુનિયાભરનાં રાજ્યોની અશુદ્ધિઓ દૂર કરવા માટે પણ સાધુસંતોએ ધ્યાન આપવું જોઈએ.

આ સાધુસંતો સર્વાંગી પ્રશ્નોને સમજે, અને તે માટે સાથે બેસી વિચાર વિનિમય કરી શકે તે માટે સંવત ૨૦૧૭ ના ચાતુર્માસમાં મુંબઈમાં માટુંગા (ગુર્જરવાડી) મુકામે સાધુ–સાધ્વી અને સાધક–સાધિકાઓનો એક શિબિર યોજવામાં આવેલો. તે સતત ચાર માસ ચાલ્યો, તેમાં જે પ્રવચનો ચર્ચા વ. ચાલ્યાં તેનું પુસ્તક આકારે સંકલન થાય તો બીજા સાધુ સાધ્વી, સેવકો અને પ્રજાને તેમાંથી ઉપયોગી માર્ગદર્શન મળે તેવી ઘણાં ભાઈબ્હેનોને લાગણી થઈ આવી. ખાસ કરીને પૂ. નેમિચંદ્રજી મહારાજની એવી તીવ્ર ઇચ્છા હતી. પરંતુ આટલા બધા સાહિત્યને તૈયાર કરવું, તેનું સંપાદન કરવું, અને પછી છપાવવું તે ઘણું અઘરું કામ હતું. તેને માટે સમય જોઈએ અને સહાય માટે નાણાં પણ જોઈએ. આની વિમાસણ ચાલતી હતી. પણ જે કામ કુદરતને ગમતું હોય છે તે કામને આગળ વધારવા કુદરત જ કોઈકને નિમિત્ત બનાવી પ્રેરણા આપે છે.

માટુંગાના આ શિબિરમાં શીવમાં રહેતા શ્રી મણિભાઈ લક્ષ્મીચંદ લોખંડવાળા પ્રથમથી રસ લેતા હતા. તેમને મુનિશ્રી સંતબાલજી ઉપર અપાર શ્રદ્ધા છે. મહારાજશ્રી જે ધર્મકાર્ય કરી રહ્યા છે તે આજના યુગે ખૂબ જરૂરી છે તેમ તેઓ માને છે. એટલે શિબિરનાં કામોમાં અનેક રીતે તેઓ ઉપયોગી થતા હતા. તેમણે કહ્યું કે "મહારાજશ્રીના આ શિબિરપ્રવચનો પુસ્તકરૂપે છપાય અને સાધુસંતોને અપાય તો તેનો લાભ તેમના જીવનવિકાસમાં તો થાય જ

પણ તેઓ છકાયનાં પિયર (સમાજનાં માબાપ) છે તેથી સમાજને માર્ગદર્શન આપવામાં ઘણા ઉપયોગી થઇ શકે."

તેમના આ શુભ વિચારથી અને પ્રયત્નથી આ પુસ્તકો છાપવાનું મહાન કામ શરૂ કરી શકાયું છે. આ પ્રવચનોનું મુખ્ય તત્ત્વ જાળવી અલગ અલગ મુદ્દાવાર નાનાં નાનાં પુસ્તકરૂપે છપાય; તો વાંચનારને સુગમ પડે એમ લાગવાથી દરેક વિષયના જુદાં જુદાં પુસ્તકો છાપવાનું નક્કી કર્યું છે. કુલ દશેક પુસ્તકો તૈયાર થશે એવી ધારણા છે.

આ પુસ્તકોનું સંપાદન પણ ટૂંકાણમાં છતાં મૂળ ભાવ અને અનિવાર્ય એવી વિગતો જાળવીને થાય એ જરૂરી હતું. એ માટે પણ શ્રી. મણિભાઈ લોખંડવાળાએ મદ્રાસના જૈન વિદ્યાર્થીગૃહના ગૃહપતિ શ્રી ગુલાબચંદ જૈનનું નામ સૂચવ્યું. તેમને રૂબરૂ મળવા બોલાવ્યા અને વાતચીત કરી અને તેમણે સહર્ષ આ કામગીરી સ્વીકારી.

અંતમાં અમે પૂ. મુનિશ્રી સંતબાલજી તેમજ મુનિશ્રી નેમિચંદ્રજીએ આવું સર્વાંગ સુંદર અનુભવપૂર્ણ સાહિત્ય જનતાને આપ્યું; તે બદલ તેમનો આભાર માનીએ છીએ. તે જ રીતે સાયનમાં શીવ સોસાયટીમાં રહેતા વોરા મણિભાઈ લક્ષ્મીચંદ કચ્છ મુંદ્રાવાળાએ આ પુસ્તકો છપાવવામાં પૂરતો સહકાર આપેલ છે, તેમજ મહેનત લઈ શેઠ શ્રી. પદમશીભાઈ તથા બીજાઓ પાસેથી સહકાર અપાવેલ છે તે બદલ તેઓશ્રીઓનો આભાર માનીએ છીએ. તેમની મદદ વગર અમે આ સાહિત્ય પ્રકાશિત કરી શકત કે કેમ? તે સવાલ હતો. અને મદ્રાસવાળા શ્રી. ગુલાબચંદ જૈન કે જેમણે અનેક જવાબદારીઓ હોવા છતાં આ કામને ધર્મકાર્ય માની સમયસર સંપાદન કર્યું છે તેમનો પણ આભાર માનીએ છીએ. પૂ. શ્રી. દંડીસ્વામી, શ્રી. માટલિયા, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિકસંઘ વગેરેએ પણ પ્રેરણા આપી છે, તેથી તેમનો અને જ્ઞાત, અજ્ઞાત સૌએ જે સહકાર આપ્યો છે તેમનો પણ અમે આભાર માનીએ છીએ.

સાધુસંતો, સાધ્વીઓ, સેવકો અને જનતા આ પુસ્તકોનો અભ્યાસ કરી સ્વપર કલ્યાણનો સ્પષ્ટ માર્ગ અખત્યાર કરશે એવી અમને આશા છે.

તા. ૨૪-૪-૬૨ સાધુસાધ્વી શિબિર વ્યવસ્થાપક સમિતિ, મુંબઇ.

પ્રાક્ કથન

જૈન આગમોના મોખરે 'આચારાંગસૂત્ર' આવ્યું છે. તે કરતાં ઉમાસ્વાતિવાચક કે જેઓ શ્રુત મહાત્માઓ દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી અને તેરાપંથી એમ ચારે જૈનફિરકાઓને માન્ય છે, તેમનું એક સૂત્ર છે:- 'પરસ્પરોપગ્રહો જીવાનામ્' એટલે કે પારસ્પરિક ઉપયોગી થવું એ જીવમાત્રનું મૂળ લક્ષણ છે. વાત સાચી છે. આપણે તો સામાન્ય રીતે એકલા માનવને જોઈએ છીએ. તેમ જૈન ધર્માનું નથી. એટલે પ્રાણીમાત્રમાં પણ માનવપ્રાણી એવું છે કે તેને બીજા માનવપ્રાણી વિના ચાલતું નથી. આમાંથી નરનારીના લગ્નથી કુટુંબરચના શરૂ થઈ. અને ધીમેધીમે કુળ, ગામ, દેશ અને માનવજગતના સંબંધો બંધાયા તથા વિકસ્યા. ભારત જ એક એવો મહાદેશ છે કે જ્યાં માત્ર માનવજગત સાથે જ નહીં, બલ્કે પ્રાણીજગત સાથેના ગાઢામાં ગાઢ સંબંધની વાત આવે છે. બીજાં પ્રાણીઓ કરતાં માનવ સાથેના માનવસંબંધોમાં જેમ વધુ મધુરતા રહેલી છે, તેમ વધુ કટુતા પણ ઊભી થવાના પ્રસંગો વારંવાર જન્મી શકે છે.

ઘણીવાર તે કટુતા સીધી પરસ્પરને વ્યક્તિગત સ્પર્શે છે. કેટલીક વાર તે વ્યક્તિગતસ્પર્શતા પ્રશ્નની પાછળ કોઈ મહાન આદર્શ પણ હોય છે. ત્યાં પણ મૌલિક મધુરતા જાળવવી અને કટુતા નિવારણ કરવું, એ કાર્ય ઘણું અટપટું અને કઠણ બને છે. છતાં જગત જેનાથી ટકે છે, તે સત્ય, પ્રેમ અને ન્યાયના મૂળ સિદ્ધાંત માટે તે પાર પાડવું પડે છે. ઠેઠ રામકાળથી ભારતમાં એ પ્રણાલિ ચાલી આવી છે. તેથી જ તો ભારતમાં સામુદાયિક અહિંસાનો પ્રયોગ થઈ શક્યો હતો. રામ અને રાવણ વચ્ચે ખૂનખાર જંગ ખેલાયો અને છતાં મરતી વખતે રાવણનું તેજ રામના હૈયામાં પેઠું. એટલું જ નહીં રાવણનાં નજીકનાં જનોના સંબંધો પણ રામ સાથે મધુર રહી શક્યા. કૃષ્ણયુગે નિઃશસ્ત્રી પ્રેરક સંબંધની શરૂઆત થઈ. મતલબ કે કૃષ્ણ યુદ્ધમાં હાજર રહ્યા, પણ નિઃશસ્ત્રી

તરીકે રહ્યા. મહાવીર બુદ્ધયુગે કોઈ સાધુસાધ્વીને યુદ્ધમેદાનમાં નિઃશસ્ત્રીપ્રેરક તરીકે પણ હાજર ન રહેવું પડ્યું. માત્ર સાધુના અગત્યના અંગરૂપ શ્રમણોપાસક (એટલે કે ગૃહસ્થાશ્રમી શ્રાવક)થી કાર્ય ચાલ્યું. ગાંધીયુગે ગાંધીજીની રાહબરી તળે ભારતવાસી ભાઈબહેનોએ દક્ષિણ આફ્રિકામાં અને ભારતમાં પરિપૂર્ણ હથિયારોવાળા શાસનકર્તા સાથે સામુદાયિક અહિંસાનું યુદ્ધ કર્યું. તેમ જ તેમાં વિજય પણ મેળવ્યો. ગાંધીજી ગયા બાદ સામુદાયિક અહિંસાની પ્રક્રિયા સ્થગિત થઈ હતી. પણ ભાલનલકાંઠા પ્રયોગમાંથી પાછી એ સ્થગિત થયેલી પ્રક્રિયા ચાલુ થઈ છે. અલબત્ત એણે લગભગ સર્વ પ્રયોગમાં સફળતા મેળવી છે. પરંતુ વ્યાપક પ્રશ્નોમાં જેટલા પ્રમાણમાં એનો વ્યાપક અનુબંધ હોય, તેટલા પ્રમાણમાં તાત્કાલિક અસરકારકતા દેખાય તે એકાદ પ્રશ્નમાં દેખાઈ નહોતી અને હજુ દેખાઈ નથી. આબુદનાં ઋષિઆલમંદિરનાં નાણાંની ઉચાપત એનાં લાગતા વળગતા પાસેથી જે રીતે મળી જવી જોઈએ તે હજુ મળી નથી. પણ મને ગળાડૂબ ખાતરી છે કે જે સંપૂર્ણ સફળતા અસરકારક રીતે પાર પડી નથી તે પાર પડયે જ રહેશે. દેશના અને આંતરરાષ્ટ્રીય બધા પ્રકારના અન્યાયો સામે શુદ્ધિ-પ્રયોગ જો સમસ્ત અનુબંધ સાથે થાય, તો તેમાં વિજય વિષે તલભાર શંકા થઈ શકે તેમ નથી. ચીનના હૂમલાનું ન્યાયી નિરાકરણ કરવાની પણ તેમાં ત્રેવડ રહેલી છે. શુદ્ધિપ્રયોગનું ખેડાતું શાસ્ત્ર જેમ જેમ આચરાતું જશે, તેમ તેમ એની અનંતાનંત છૂપાયેલી શક્તિઓ બહાર આવતી જશે અને વિશ્વની માનવજાતને વલ્લભ અને આચરણીય બનતી જશે. આમ માનીને આ પુસ્તકમાં એને લગતાં પ્રવચનો પ્રગટ થાય છે.

એક અગત્યની વાત

એક અગત્યની વાત ખાસ યાદ રાખવા જેવી છે :—

"સામુદાયિક અહિંસાના પ્રયોગો ચાહે તેટલા પવિત્ર ભાવે અને અરાગદ્વેષ વૃત્તિએ આચરાય છતાં વિભૂતિરૂપ વ્યક્તિના તેવા પ્રયોગોમાં જે સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને પ્રકારની અહિંસા આચરાય છે; તેમાં કંઈક ક્યારેક

રહેવાની કારણકે વ્યક્તિગત જીવનસાધનામાં સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને પ્રકારની અહિંસા સુશક્ય છે, તે સમુદાયગત જીવનસાધનામાં સુશક્ય નથી." છતાં જ્યાં સમુદાય વર્ષોથી ત્યાગ-તપ-નીતિમય આચાર વગેરેથી ઘડાયેલો છે, તથા છેલ્લે જ્યાં આધ્યાત્મિક સંત વિભૂતિઓની જાગતી ચોકી છે, ત્યાં તો સમુદાયગત અહિંસામાં પણ સૂક્ષ્મ અને સ્થૂળ બન્ને પ્રકારો સારી પેઠે જળવાય છે. કમમાં કમ બન્ને પ્રકારો સારી પેઠે વિકસે છે, તેમાં તો ના પાડી શકાય તેમ જ નથી." આથી જેમ આપણે હાઈસ્કૂલના શિક્ષણને કૉલેજના કે પ્રાથમિક શિક્ષણના વિરોધી તરીકે ગણતા નથી, પણ વિકસતો ક્રમ લેખીએ છીએ. તેમ જો રાજકીય અહિંસામાં જરૂર પડયે શસ્ત્રની છૂટ હોય, પણ રાગદ્વેષ ઘટાડાના ધ્યેય સાથે હોય। તેમ સામુદાયિક સામાજિક અહિંસામાં ગુનેગારની સમાજપ્રતિષ્ઠા તોડવી તે પૂરતી સ્થૂળ હિંસા (વાસ્તવિક રીતે તો સ્થૂળ દબાણ જ કહેવાય, તે) ક્ષમ્ય હોય, પણ શારીરિક કે આર્થિક દબાણ પ્રાયઃ ત્યાજ્ય લેખાવાં જોઈએ. ટૂંકમાં રાગદ્વેષનો ઘટાડો અને શસ્ત્ર ઘટાડો તેમાં વધુ સહજ હોય.

આટલું જો ક્ષમ્ય માની આગળ ન વધીએ, તો વ્યક્તિગત અહિંસા પૂરતી અહિંસા સીમિત બની જાય. એટલું જ નહીં સમુદાયોમાં તો હિંસા (સૂક્ષ્મ અને પછી તો સ્થૂળ પણ) વધતી જ જાય. કારણ કે નાનાથી માંડી મોટા લગીના કોઈ પણ માનવની એ તો સામાન્ય ફરજ છે જ કે, તેણે જેમ કોઈને જાતે અન્યાય ન કરવો જોઈએ તેમ કોઈ વ્યક્તિ, કોઈ સમૂહ કે કોઈ રાષ્ટ્ર બીજાને અન્યાય કરી રહ્યાં હોય તે તેના નિવારણ માટે સતત પ્રભાવશીલ રીતે મથવું જ જોઈએ. આ જે નથી કરતો તે માનવ ગમે તેટલો મોટો સંત કહેવાતો હોય તો યે હ સાચો માનવ બન્યો નથી તેમ માનવું રહ્યું.

આ દૃષ્ટિએ જોતાં સામુદાયિક અહિંસાના પ્રયોગોનું આચરણ સર્વત્ર જરૂરી બની જાય છે. તે ક્યાં અને કેવી રીતે કરવું? અનુબંધ તત્ત્વો તેમાં ક્યાં ક્યાં જોઈએ? વગેરે વિવરણ વાચકો આ પ્રવચન

માંથી મેળવી શકશે. ગાંધીજીએ સવિનય કાનૂનભંગ, અસહકાર અને સત્યાગ્રહ શબ્દો યોજ્યા છે. શુદ્ધિપ્રયોગમાં ગુનેગારની સામાજિક પ્રતિષ્ઠા તોડવી, લોકશાહીમાં માનનારી સંસ્થાની રક્ષા કરવી, લોકશાહી કાનૂનનો ભંગ ન કરવો વગેરે શબ્દો યોજાયા છે. 'સત્યાગ્રહ'માં મોટે ભાગે તપ વ્યક્તિગત હતું, શુદ્ધિપ્રયોગમાં વ્યક્તિગત ઉપરાંત ખાસ તો સમૂહગત છે. અને એકલી અંતઃ પ્રેરણા નહીં પણ અંતઃપ્રેરણા ઉપરાંત સંસ્થાગત સંચાલનની અનિવાર્યતા રહેશે. આ બધી બાબતો ખૂબ વિગતે વિચારીને વાચકોએ આ માર્ગે આગળ વધવાનું છે. વાસ્તવિકતાએ જોતાં તો આ પ્રયોગોનો જાત અનુભવ સુસંસ્થા તત્ત્વને સામે રાખીને થશે, તેટલે અંશે આ પ્રયોગોમાં રહેલી અપરંપાર ખૂબીઓનું દર્શન થઈ શકશે. મારી નમ્ર પ્રાર્થના એ છે કે 'નવું' માની આ સાધનને કોઈપણ અવગણે નહીં, બલકે જૂનાનું યુગાનુકુલરૂપ માની તેમાં પોતાથી બનતો સહયોગ આપે. અહિંસા પરમોધર્મની પ્રતીતિ તેમને તેમાંથી થયા વિના નહીં જ રહે. ઘરથી માંડીને જગત સુધી તથા નાનાથી માંડીને વિશ્વવ્યાપી પ્રશ્ન લગી તેમાંથી લડવાનું અને છતાં અંતરથી વધુ નજીક ભેટવાનું અદ્‌ભુત સમન્વયકારિદર્શન પણ એમાંથી જ થશે.

સોહના, તા. ૮-૬-૫૭ 'સંતબાલ'



ો ફેલાવી શકે! એવી શક્તિ કેવળ અહિંસામાં રહેલી છે. આના
ંસા દ્વારા પ્રેરિત પ્રયોગોમાં રહેલી છે. જેવી રમખાણો વગેરે
ા-સેના; શુદ્ધ નમતે રેડક્રોસ અને વિશ્વશાંતિ માટે શાંતિ-સૈનિકોની
ારગતા. એ તરફ જગત મીટ માંડીને રહે છે ત્યારે અણુપ્રયોગની
ાશક શક્તિનો ચિતાર વાંચીને કાંપી જાય છે!

આનું કારણ શું છે? એનું કારણ એ જ છે કે કોઈ પણ માણસ
ાના જીવનનો અંત ન આવે તે માટે સતત મથતો હોય છે.
ાનના દરેક ક્ષેત્રમાં જીવનને ટકાવી રાખવા માટે સતત પ્રયત્ન થતો
ામાં આવે છે...નાનામાં નાની કીડીઓ પણ પોતાના આરંભ
ાગોને ટકાવી રાખવા માટે મથતી હોય છે. જીવનનું આ સ્પંદન
ક સ્થળે જોવા મળે છે. એ જીવન સંઘર્ષમાં જ્યાં પોતાના અસ્તિત્વની
ત આવી, ત્યાં બીજાને ટકાવી રાખવાની પણ વાત આવી છે.

એ અહિંસા છે અને તેના સામુદાયિક પ્રયોગો સંપૂર્ણ માનવ-
માજ ઉપર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે જુદી-જુદી રીતે
ુદા-જુદા દેશો અને યુગોમાં પણ થયા...! સમાજ, કાયદો, ન્યાય,
ાજા અને અંતે ધર્મ એ આ મહાન પ્રયોગોના પરિણામ સ્વરૂપે જ
ાવ્યા છે.

ાચીન ભૂમિકા :

ભગવાન ઋષભદેવના કાળથી અહિંસાનો ક્રમિક વિકાસ સધાતો
હો છે. તે આપણે ભારતીય સંસ્કૃતિના ઈતિહાસથી જાણી શકીએ
ીએ. ભારતીય સંસ્કૃતિની એ વિશેષતા છે કે તેમાં અહિંસાના વિકાસને
મેશાં પ્રધાનતા આપવામાં આવી છે.

ભગવાન ઋષભદેવે સમાજ-રચના કરી. તેમણે લોકોને માંસાહાર
તરફથી વનસ્પતિ-આહાર તરફ વાળ્યા અને ખેતી, પશુપાલન વગેરે
શીખવાડ્યા. પરસ્પરમાં વ્યવસાયિક ઝઘડાઓ ન થાય તે માટે તેમણે

અલગ અલગ આશ્રમો શરૂ કરાવ્યા. કોઈ બળવાન, કોઈ દુર્બળ ઉપર અત્યાચાર ન કરી બેસે, કુટુંબ અને સમાજની વ્યવસ્થાઓ સુંદર રીતે ચાલતી રહે, તે માટે તેમણે જુદા જુદા ધંધાઓ-કાર્યોમાં આખાય સમાજને લગાડ્યો. સમગ્ર સમાજનું સંચાલન કરવા માટે કાયદા કાનૂન બાંધ્યા, અને મર્યાદાઓની ગોઠવણ કરી. પોતે સમાજ સંસ્કારક અને રાજ્યસંચાલક બનીને તેમણે પ્રજાનું હિત સાધ્યું. આ બધી બાબતો જીવનમાં વધનારી હિંસાને અટકાવવા અને અહિંસાની પ્રતિષ્ઠાપના કરવાનો જ પ્રયોગ હતો.

તેમના સમયમાં ભરત બાહુબલિનું દ્વંદ્વ યુદ્ધ; એ પણ અહિંસા તરફનું પગલું હતું. બન્ને રાજાઓની સેના ન લડે પણ બન્ને રાજાઓ જ બળ અજમાવી લે...! એમના પછી ત્યારબાદના ઘણા રાજાઓના દ્વંદ્વ યુદ્ધોની વાતો આવે છે.

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના કાળમાં યજ્ઞોમાં ધર્મના નામે પણ મૂંગા પશુઓનું બલિદાન આપવામાં આવતું હતું. મોટા મોટા યજ્ઞ સમારંભો બ્રાહ્મણો અને ક્ષત્રિયો મળીને કરતા હતા. નારી-જાતિ અને શૂદ્ર વર્ગ સાથે પણ ઘોર અન્યાય થતો હતો. તે વખતે ભગવાન મહાવીરે અને બુદ્ધે આ હિંસાઓનો પ્રતિકાર કર્યો; અનેક ક્ષત્રિયો અને બ્રાહ્મણોને સમજાવી ઘોર હિંસાઓ બંધ કરાવી. યજ્ઞમાં માનવ બલિના બદલે આજે ફળ-ફુલ વગેરે ચડાવવામાં આવે છે, તે આ પ્રયાસોનું પરિણામ છે. તે સિવાય તે યુગમાં થતી દાસ દાસી-ક્રય-વિક્રયની ઘોર હિંસક પ્રથાને પણ અભિગ્રહ (સૌમ્ય સત્યાગ્રહ) દ્વારા બંધ કરાવી.

તે છતાં ક્ષત્રિયોમાં નિર્દોષ પશુઓનો શિકાર કરવો; તેમજ દેવી દેવોના નામે મૂંગા જનાવરોનું બલિદાન આપી; ઉપભોગ કરવાની વૃત્તિ પૂરી રીતે ગઈ ન હતી. આ પ્રકારની હિંસાને દૂર કરવા માટે મારવાડમાં આચાર્ય રત્નપ્રભસૂરિજી, ગુજરાતમાં આચાર્ય હેમચંદ્રસૂરિજી

લેવો ઠીક થશે કે જે અહિંસાનો પ્રયોગ વ્યક્તિ દ્વારા પ્રેરિત થઈને જનસમૂહ દ્વારા આંદોલિત થતો હોય તે સામુદાયિક અહિંસાનો પ્રયોગ છે.

હિંસા કરતાં અહિંસા બળવાન છે

એ તો તદ્દન સ્પષ્ટ વાત છે કે હિંસા કરતાં અહિંસા વધારે બળવાન છે અને માણસોની ક્રૂર વિનાશક શક્તિઓ પણ અહિંસા આગળ નમી પડે છે। અહિંસા જ્યારે માનવનો પોતાનો જ વિચાર છે ત્યારે હિંસામાં તેને પોતાનાપણું લાગતું નથી.

ભ. ઋષભદેવના સમયમાં ભરત બાહુબલિનું દ્વન્દ યુદ્ધ થયું. પહેલાં નાટક યુદ્ધ થયું એમાં બાહુબલિ હાર્યા. પછી બાહુબલિએ કહ્યું: "હાર્યો એ કબૂલ પણ હજુ શરીરબળની પરીક્ષા કરીએ।" બન્નેએ મુષ્ટિ યુદ્ધ શરૂ કર્યું. ભરતે વાર કર્યો તે ઝીલતાં બાહુબલિને ચક્કર આવી ગયાં. પણ પછી ભાનમાં આવતાં તેમણે એવી દોડ મૂકી કે હમણાંજ ભરતને જમીનમાં દાટી દેશે? પણ તેમનો ઉચકેલો હાથ ઉંચોજ રહી ગયો। તેમના મનમાં વિચાર આવ્યો..."અરરર...! હું આ શું કરું છું...? રાજ્ય માટે ભાઈનો વિનાશ ઈચ્છું છું।"

વિનાશ માટે ઉપડેલો હાથ પોતાના વાળ તરફ ગયો. તેમણે ત્યાંજ હાથ અટકાવી દીધો અને સાધુજીવન સ્વીકાર્યું? એ હતો હિંસાનો અહિંસા ઉપરનો વિજય....!

આમ પણ જોવા જઈએ તો હિંસામાં કેવળ વિનાશજ રહેલો છે. તે સંસ્કૃતિ, સંસ્કૃતિના સ્તંભો તેમજ સ્મારકોને પણ ટકવા દેતી નથી. ગ્રીસ મિશ્ર વગેરેની સંસ્કૃતિઓના મંડાણ હિંસા ઉપર થયા તો આજે તેમના અવશેષ માત્ર રહ્યા. ત્યારે ભારતમાં અહિંસા ઉપર પહેલાંથીજ જોર અપાતાં અહીં હજુ સંસ્કૃતિ ટકી શકી છે. કાવ્ય; કળા, સ્થાપના વગેરેનો વિકાસ શાંતિ-અહિંસા કાળમાં થશે. પણ યુદ્ધ કે હિંસાના સમયે તો કેવળ વિનાશજ પોતાનું આતંક જમાવે છે.

જેમ પૂનામાં જરૂર છે–તેમ જબલપુરમાં જરૂર છે–આસામમાં પણ જરૂર છે. આ શાંતિ–સૈનિકો સાચા અહિંસક પ્રયોગવીરો હશે અને તેઓ જનતા પાસે એવા પ્રયોગો કરાવનારા હશે.

અહિંસક પ્રયોગકારની યોગ્યતા

આપણે જે અહિંસાના પ્રયોગોની વાત કરીએ છીએ તેમાં સામુદાયિક અહિંસક પ્રયોગકારની વાત કરીએ છીએ. એ પ્રયોગકાર કેવો હોવો જોઈએ? આ પ્રયોગકાર જાતે સંપૂર્ણ અને પાકો અહિંસક હોવો જોઈએ. એનું પ્રત્યક્ષ દર્શન લોકોને તેના તરફ ખેંચનારૂં હોવું જોઈએ. જે જાતે અહિંસાને આચરતો હોય તેનો પ્રભાવ કંઈક ઓર જ હોય છે.

ગાંધીજીનું પ્રવચન રેડિયોથી સાંભળી શકાય છે; પણ ગાંધીજીને આંખ આગળ બોલતા જોવા–એનો પ્રભાવ કંઈક ઓર જ પડે છે. આવો પ્રભાવ તેજ વ્યક્તિ પાડી શકે જ્યારે તે પ્રાણપ્રતિષ્ઠા અને પરિગ્રહને હોમી શકે. આ વસ્તુ લોકો માને છે એટલી સહેલી નથી.

ગાંધીજીના બહેન તે રળિયાત બહેન, તેઓ આશ્રમમાં રહી શક્યા નહીં. ગાંધીજી અસ્પૃશ્યતા વગેરેમાં-માનતા હતા. તેથી તેમના બહેન કહેવા લાગ્યાં: "તમે આભડછેટ વગેરેમાં માનતા નથી એટલે હું તમારી સાથે આશ્રમમાં રહી શકવાની નથી."

ગાંધીજીને બહેન પ્રત્યે પ્રેમ અપાર હતો પણ જ્યાં સિદ્ધાંતની વાત આવી ત્યારે તેમણે સાફ કહી દીધું: "તમારે જવું હોય તો જાવ; પણ હું મારા સિદ્ધાંતો નહીં છોડી શકું."

બહેનને એમ થતું હતું કે જામેલી પ્રતિષ્ઠા કઈ રીતે છોડી શકાય? પણ ગાંધીજીએ જામેલી પ્રતિષ્ઠાને ઠોકર મારી અને સિદ્ધાંતને સાચવ્યો હતો.

જાતે અહિંસક

એ પ્રયોગકાર જાતે અહિંસક હોવો જોઈએ. જ્યાંસુધી લોકો પોતે આદર્શોનું પાલન ન કરે; ત્યાંસુધી તેમનો લોકોમાં પ્રભાવ પડતો નથી.

સત્ય–અહિંસાનો વધારેમાં વધારે પ્રયોગ કર્યો છે. હું પોતે ગાંધીજી પાસે રહ્યો નથી એટલે જાત અનુભવ તો નથી. પણ એક સલાહ આપું છું. તમે જે કંઈ કરો તેનો જાહેરમાં એકરાર કરજો!"

પણ, ગુનાનો એકરાર કરે તો પોલિસ પકડે એટલે પાટા ઉખેડનાર નાસી છૂટયા. માત્ર એક જ મર્દ ઊભો રહ્યો! પોલિસે આવીને પૂછયું: "પાટા કોણે ઉખેડ્યા?"

એણે કહ્યું: "મેં!"

"બીજા કોણ – કોણ હતા?" પોલિસે પૂછયું.

"બીજાનાં નામો હું લેતો નથી; પણ હું એમનો નેતા હતો!" તેમણે કહ્યું.

પોલિસે ખૂબ માર માર્યો પણ તે અડગ રહ્યા. જેલમાં લઈ જઈને પકડી રાખ્યા. સ્વરાજ્ય આવ્યા પછી તો એ પણ છૂટી ગયા. તે દરમ્યાન એમનાં પત્ની અને કુટુંબ પણ અડગ રહ્યાં.

અગુપ્તતા

આમ જ્યાં જાહેરમાં ભૂલનો એકરાર કરતા આવડવો જોઈએ ત્યાં સામુદાયિક અહિંસાના પ્રયોગકારમાં અગુપ્તતા પણ હોવી જોઈએ. જે કંઈ કરો તે ખુલ્લું કરો.

સ્વરાજ્ય મેળવ્યા બાદ સમાજવાદીઓ કહેવા લાગ્યા: "અમે પાટા ઉખેડ્યા, ભાંગફોડ કરી એટલે વહેલું સ્વરાજ્ય આવ્યું."

તેમને સ્પષ્ટ રીતે મારે કહેવું પડ્યું: "તમે કામ કર્યું એ ખરું પણ સ્વરાજ્યનો યશ તો અહિંસાને જ આપો!"

ખરેખર ભારત જે કંઈ કરી શક્યું છે; સ્વરાજ્ય મેળવ્યું કે ભૂદાન પ્રયોગ થયા એ બધા પાછળ જે શક્તિએ મોટાભાગે કામ કર્યું છે તે અહિંસા જ છે; અને તેની જ સ્પષ્ટ અને ઉઘાડી શક્તિએ જ શક્તિશાળી બ્રિટિશ સામ્રાજ્યશાહીને ઝૂકાવી છે.

કોની પાસે વધારે આશા?

આવો જ પ્રયોગ – સામુદાયિક અહિંસાનો પ્રયોગ આખા વિશ્વના ધોરણે થાય તો જ શાંતિ – સુખ આવી શકે છે. એટલે આવા પ્રયોગની આશા કઈ સંસ્થા પાસે વધારે રાખી શકાય?

એ માટે ઘડાયેલી સાધુ-સંસ્થાના સભ્યો પાસે જ વધારે આશા રાખી શકાય! તેઓ જ સમાજમાં રહીને સમાજ વડે કે સંસ્થાઓ વડે સામુદાયિક અહિંસાનો પ્રયોગ કરાવી શકે તેમ છે.

મહાને એમ થશે કે ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ વિ. સાધુ સંસ્થામાં ન હતા, છતાંય ગૃહસ્થોમાં સાધુતાવાળા એ પુરુષો આ પ્રયોગ કરી શક્યા તો પછી સાધુ બનવાની જરૂર શી છે? પણ, આપણે એવા પુરુષો વિરલ જ જોયું–અને અપવાદનો કાયદો વહેવારમાં ન લાગુ કરી શકાય. સાથે એ પણ જોવાનું છે કે દરેક ગૃહસ્થ આ કાર્ય કરી શકતો નથી. આવો પ્રયોગકાર કાંતો સંતકોટિનો હશે કાંતો વાનપ્રસ્થી હશે.

ઉપરાંત અહિંસાનો સામુદાયિક પ્રયોગ કરવો એટલે હિંસક-તામસી પ્રવૃત્તિઓનું નિયંત્રણ આણવું! આ કાર્ય કેવળ સુસાધુ જ કરી શકે–કરાવી શકે તેમ છે. ઘણીવાર નેતાઓનો જ્યાં પ્રભાવ નથી પડતો ત્યાં સંત-સાધુઓનો પ્રભાવ પડે છે. ખાસ કરીને નૈતિકજીવન ઘડતરમાં.

દરેક માણસ શાંતિ ઇચ્છે છે પણ તેને શાંતિનું વાતાવરણ મળતું નથી એટલે તે હિંસા કે અશાંતિ તરફ ખેંચાય છે. સામ્યવાદીઓ પણ હમણાં-હમણાં શાંતિની, શસ્ત્ર-સંન્યાસની વાતો કરવા લાગ્યા છે; એ અહિંસાના વાતાવરણનો જ પ્રભાવ છે ને?

આવું વાતાવરણ–અહિંસક વાતાવરણ સામુદાયિક પ્રયોગો કરી દરેક ક્ષેત્રે ઊભું કરવાની જરૂર છે। તે થતાં જગતના સંયોગોને બદલતાં વાર નહીં લાગે.

ખેડૂતમંડળના કાર્યક્રમોને લીધે તેમની સાથે મને પરિચય હતો. મેં તેમના આ કાર્યક્રમનો વિરોધ કર્યો. પણ સ્થાનિક વેપારીઓ, જેમાં કેટલાક કોંગ્રેસીઓ પણ હતા; તેમનો સહયોગ વિદ્યાર્થીઓને હતો. તેમણે ખાવાનું, પીવાનું પૂરું પાડયું હતું. અમલદારો ઉપરથી તો મારી પડખે હતા, પણ અંદરથી વલણ નરમ જણાતું હતું. અમારા સાથી લખમશીભાઈને સાથીદારોના દબાણના કારણે દુકાન બંધ કરવી પડી. મેં દુકાન બંધ ન કરી. મારા ઉપર ખૂબ જ દબાણ આવ્યું. સગાં–સંબંધીઓએ પણ બહુ પ્રયત્નો કર્યા. ખેડૂતો, ખેડૂતમંડળના કારણે મારી મદદે આવતા ગયા તેમ તેમ વિદ્યાર્થીઓ ઉશ્કેરાતા ગયા. તેમણે મને અને ખેડૂતમંડળ બન્નેને ગાળો આપવી શરૂ કરી.

રાત્રે અમે ગ્રામસભા યોજી; તે ન થવા દેવી. એવો વિદ્યાર્થીઓના પ્રશ્નનો મોરચો હતો. ભચાઉમાં નવેક હજારની વસતિનાં ત્રીજા ભાગના ખેડુતો છે. સભા શરૂ થઇ. અને લખમશીભાઈએ હિંસક આંદોલનને વખોડયું. વિદ્યાર્થીઓ વગેરે ખૂબ ઉશ્કેરાયા; પત્થર મારવા શરૂ કર્યા વિદ્યાર્થીઓએ " ખેડૂત મંડળ મુર્દાબાદ "નાં સૂત્રો ઉચ્ચારવા શરૂ કર્યા.

આ સભામાં એક બાબાજી બેઠેલા હતા. તેઓ એ ન સાંખી શક્યા. તેમણે ત્રાડ પાડી; " યહ કયા લગાયા હૈ ? કુછ મનુષ્યતા રખો ! જગતાત મર જાયેંગે તો તુમ કૈસે જીઓગે ? "

બસ આખું વાતાવરણ બદલાઈ ગયું. બધા વિદ્યાર્થીઓની વિરૂદ્ધ થઈ ગયા તેથી તોફાનીઓને ભાગવું પડયું. પોલિસને અમે અગાઉથી જ કહી દીધેલું કે અમે કોઈના નામ આપશું નહીં, તેમજ કોઈના ઉપર અમારે કામ ચલાવવું નથી.

અંતે સભામાં સર્વાનુંમતે તોફાનોને વખોડનારો ઠરાવ પસાર થઈ ગયો. ટૂંકમાં સાધુના વચનની અસર અને ખેડૂતોના સામુદાયિક અહિંસક શાંતિની અસરનો સુમેળ થયો. તે કામ પાર ઉતર્યું. ગુજરાતના વડાપ્રધાનનો સુંદર સહાનુભૂતિનો સંદેશ આ બદલ આવેલો.

રીતમાં આવતાં નથી.

ઘણા ગનુ ખાટારા વચ્ચે હોમાયા હતા. તેથી ગાંધીજીને ખૂબ દુઃખ થયું હતું. તેમણે કહ્યું કે આવેશ અને રોષમાં આવી જઈને બલિદાન ન આપવું જોઈએ, તે ઉપયોગી થતું નથી. એક બાજુ હિંસા છે; બીજી બાજુ અહિંસા છે. સહેજ આવેશ, ક્રોધ, રોષ, આ બધાં તત્ત્વો અહિંસાની વિરૂદ્ધમાં છે, એટલે પ્રેરક વ્યક્તિઓ ઘણો જ ઊંડો વિચાર કરવાનો રહે છે.

અહિંસક પ્રયોગના ભૂતકાળનાં ઉદાહરણો

હવે આપણે અહિંસક પ્રયોગનાં કેટલાક ભૂતકાળનાં ઉદાહરણો જોઈએ. સંસ્કૃતિનાં ચરણ મંડાયા તે પ્રારંભકાળનો એક દાખલો છે.

ભરત અને બાહુબલિ : આ બન્ને ભાઈઓ વચ્ચે તકરાર પડી. બન્ને મોટા મહારથી હતા. એટલે ઇંદ્રને ચિંતા થઇ કે આ બેના કારણે અસંખ્ય સૈનિકોના પ્રાણ જશે, એટલે તેમણે કહ્યું કે પરસ્પર શક્તિનું માપ કાઢવું છે ને? તો ત્રાટક (દ્દષ્ટિયુદ્ધ) કરો! જે હારે તે હાર્યો. એથી કામ ન સર્યું એટલે મુષ્ટિ–યુદ્ધ બતાવ્યું.

ભરતે મુઠ્ઠી મારી. પછી બાહુબલિ તૈયાર થયા. પણ પછી વિચાર કર્યો કે માર્યા પછી શું? તેમનો હાથ અટકી ગયો અને યુદ્ધ મૂકી સંયમના મેદાને તેમણે પ્રસ્થાન કર્યું.

આ કદાચ અહિંસાના વિકાસના પ્રારંભના તબક્કાનો પહેલો પ્રસંગ હશે. તે છતાં પણ આપણે જોઈ શકીએ છીએ કે એ કાળે જે દંડ-વિધાન હતું તેમાં પણ "હા-કાર", "મા-કાર" અને ધિક્-કાર. આ ત્રણેયમાં પણ આજની પ્રાણ હણી લેતી જોગવાઈવાળી કોઈ સજા ન હતી. એટલે ભલે એ યુગને જંગલ-યુગ, વન્ય-યુગ કે પ્રાગ્ સંસ્કૃતિનો યુગ ગણાવાય; પણ માનવસમાજ માટે અહિંસાનું આચરણ ત્યારથી જ શરૂ થયેલું.

રાજા શિબિર અને ભગવાન શાંતિનાથ :—ભગવાન શાંતિનાથ અને રાજા શિબિર એ બન્નેનાં ઉદાહરણો લગભગ સરખાં છે. જ્યાં એક પારેવાને ગિધથી બચાવવા માટે બન્ને જાતે તોળાઈ જાય છે. અહીં ખાવા માટે પણ પરહિંસા-રોકવાનું કાર્ય રાજ્ય-રાજાનું છે, એનું સુંદર પરોક્ષ સૂચન મળે છે,

ભગવાન નેમિનાથ અને પશુવાડો :—એવી જ રીતે એક દષ્ટાંત નેમિનાથનું છે. નેમિનાથ લગ્ન કરવા જાય છે. જાન નગરદ્વારે પહોંચે છે ત્યાં તેઓ પશુઓનું આક્રંદ સાંભળીને પૂછે છે?"

"લગ્ન પ્રસંગે મિજબાની કરવા!" લોકો કહે છે. નેમિનાથને ગળે આ વાત ઉતરતી નથી. લોકો કહે છે કે ' તેમને મારીને વ્યંજનો બનાવવામાં આવશે. તે સાંભળી નેમિનાથે કહ્યું: "લગ્ન જેવાં પવિત્ર કાર્યમાં આવી અપવિત્ર મિજબાની શા માટે?"

લોકોએ દલીલ કરી કે લગનમાં તો આવું ચાલે જ!

જાન પાછી વળાવે છે; અને એમ આદર્શ ઉદાહરણ રજૂ કરે છે. લગ્ન એટલે બે શરીરાત્માનું મિલન. તે પ્રસંગે અન્યનું પ્રાણ-વ્યપરોપણ ક્યાં સુધી ઠીક ગણાય! ઓછામાં ઓછું સામાજિક પ્રસંગોએ તો એનાથી દૂર રહેવું જોઈએ.

પાર્શ્વનાથ અને તપ-હિંસા : પાર્શ્વનાથના સમયમાં યજ્ઞ-યાગ તો થતાં અને તેમાં પણ હિંસા તો થતી જ; પણ ઘણા તાપસો ધૂણી ધખાવી ને બેસતા અને તેમાં નિર્દોષ મરાતા જીવો તરફ દુર્લક્ષ સેવાતું.

એવા એક તપસ્વી કમઠની ધૂણીમાંથી તેમણે જ્યારે સર્પ-સર્પિણી કાઢ્યા ત્યારે લોકોને થયું કે ધર્મ-કાર્ય કે તપ જેવા પવિત્ર પ્રસંગોમાં આવી હિંસા સારી ન લાગે! યજ્ઞમાં હોમાતાં પશુઓને પણ ન હોમવાં જોઈએ એવી તેમણે ભૂમિકા તૈયાર કરી.

મહાવીર અને તે કાળના પ્રસંગો : ભગવાન મહાવીર અને બુદ્ધ ભગવાને પાર્શ્વનાથ પ્રભુએ તૈયાર કરેલી ભૂમિકા ઉપર યજ્ઞમાં અપાતી પશુબલિ બંધ કરાવી એટલું જ નહીં; તેમણે તે યુગમાં અહિંસાનું પાલન કેવી રીતે થાય તેનું જ્ઞાન-ભાન લોકોને આપ્યું. થોડાંક પ્રસંગો ઉપરથી એ વાત સ્પષ્ટ થશે.

(क) સાધ્વી મદનરેખાને ખબર પડે છે કે તેમના પૂર્વાશ્રમના બે પુત્રો નમિ અને ચંદ્રયશ વચ્ચે એક હાથીના કારણે યુદ્ધ થવાનું છે. તે પોતાનાં ગુરાણીજીની આજ્ઞા લઈને જાય છે અને બન્નેને સમજાવીને યુદ્ધ બંધ કરાવે છે. સાધુઓએ જાતે જઈને શું કરવું જોઈએ તેનું આ સુંદર ઉદાહરણ છે.

(ख) અર્જુન માળીનો પણ એવો જ એક પ્રેરક પ્રસંગ છે. તેનામાં પત્ની ઉપર ગુંડાઓ દ્વારા થતો અનાચાર જોઈને પ્રતિહિંસા જાગી. તે રોજ ૬ પુરુષ અને એક સ્ત્રી એમ સાતની હત્યા કરતો. લોકો ને રસ્તે નીકળતા થરથરતા.

એ સમયે ભગવાન મહાવીર આવે છે અને સુદર્શન શ્રમણોપાસક દર્શન કરવા જાય છે. લોકો ના પાડે છે, પણ તે સાચી અહિંસા રાખી અને બલિદાનની ભાવનાને જગાડીને નીકળે છે.

ધસમસતા કાળ જેવા અર્જુન માળીનું બધું ઝનૂન અહિંસક પ્રયોગવીર સુદર્શન સાથે આંખો ચાર થતાં ઓસરી જાય છે અને તે પણ સુદર્શનની સાથે જઈને ભગવાન મહાવીરનો શિષ્ય બને છે.

ભગવાન બુદ્ધ અને અંગુલિમાલ : એવોજ એક ભયંકર લૂંટારાનો પ્રસંગ બુદ્ધના જીવનમાં બને છે. લોકો તેમને એ રસ્તે જવાની ના પાડે છે. પણ બુદ્ધ જાય છે; અહિંસાની પ્રગાઢ શક્તિ અને બલિદાનમાં તેમને વિશ્વાસ છે. પરિણામે અંગુલિમાલ બુદ્ધને મારવા આવે છે પણ પાસે આવતાંજ તેમનાં ચરણોમાં નમી પડે છે.

આ બધાં પ્રસંગો વ્યક્તિ અહિંસાની સંપૂર્ણ શકિત અને નિર્વૈર બલિદાન આપવાની ભાવના શું કરી શકે છે તે બતાવે છે.

ઉપગુપ્ત ભિક્ષુ અને અશોક : અશોકે હથિયાર પકડ્યાં, રાજ્યો જીત્યાં પણ તેને ખરો આનંદ ન મળ્યો. જ્યારે કલિંગના યુદ્ધમાં તે કારૂણ દશ્ય જુવે છે ત્યારે ભિક્ષુ ઉપગુપ્ત પાસે આવે છે અને ત્યાં પહેલી વાર સંદેશ પામે છે "તેં લોહીથી દંડથી યુદ્ધથી લોકોને જીત્યા; હવે તું પ્રેમથી લોકોને જીત....લોકોના હૃદય ઉપર રાજ્ય કર।"

અશોકે તે દિવસથી શસ્ત્ર સંન્યાસ કર્યો. જે કાર્ય અશોકની તલવાર ન કરી શકી તે કાર્ય અશોકની અહિંસા કરી શકી અને આજે પણ લોકો તેને ભૂલ્યા નથી.

આમ આ અહિંસાનો પ્રયોગ વ્યાપક રીતે ચાલતો થયો; સમાજમાં તે માટે ભૂમિકાઓ કેળવાતી ગઈ. પરિણામે ગાંધીજીએ એ ભૂમિકા ઉપર રાજ્યની શક્તિને શુદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેમને સમસ્ત ભારતનો સહયોગ મળ્યો. એટલુંજ નહીં લોહી રેડ્યા વગર સ્વતંત્રતા મેળવવાની નવી વાત ઇતિહાસને પાને તેમણે લખાવી.

હિંસા કે અહિંસા :

અહિંસાનું આખું ખેડાણ થવા છતાં ઘણીવાર એવા પ્રસંગો ઊભા થાય છે જ્યારે સહેજે હિંસા તરફ ઢળી પડે છે; ત્યારે શું કરવું ? હિંસાનો ઉપાય પ્રતિહિંસા નહિ જ; એ સમજાવટ કે વાટાઘાટથી વસ્તુનો નિકાલ આવી શકતો હોય તો તે કરવું વધારે સારું છે !

અંગ્રેજોથી સર્વને આઝાદ કરી કે કામ કરી શક્યા તે અહિંસાના જોરે જ થયું છે. લોકો મહમૂદ ગઝની, નાદિરશાહ કે મહમ્મદ ગોરીને યાદ રાખતા આવ્યા નથી કારણ કે લોકોને હિંસા-વિનાશનું સ્વરૂપ ગમતું નથી. હિંસાથી હિંસાના ગુણાકાર થાય છે અન્યાયનો નાશ થતો નથી. એટલે જ તલવારથી અન્યાયનો પ્રતિકાર થઈ શકશે પણ તેના કરતાં અહિંસાથી ન્યાયનો ન્યાય થાય તો હિંસા વધશે નહીં.

સહુથી વધુ જવાબદારી સાધુઓની

તો, આવી અહિંસાના પ્રચાર માટે, એને સમાજવ્યાપી બનાવવા માટે જો કોઈની પણ મોટી જવાબદારી હોય તો તે સાધુઓની છે કારણ કે તેમનો સીધો સંબંધ ધર્મ સાથે છે. રાજ્યની અહિંસાની એક મર્યાદા હોય છે. રાજ્ય ઉપર આધાર રાખનાર પ્રજા પણ તોફાનો વ. વખતે હિંસાના માર્ગોનો આશ્રય લેતી હોય છે. તે વખતે આવા લોકસેવકો અને સાધુઓની ફરજ છે કે પ્રજાસંગઠનો દ્વારા પ્રજાને અહિંસાને માર્ગે દોરે, તાલીમ આપે. આજે એમ મનાય છે કે મંદિરો વગેરે ધર્મનાં કાર્યો ઊભાં થયાં છે, તો હવે ધર્મે જ તેને શોધવાનાં છે. જેમ ખેડૂ ક્યારું ખેતરે છે પાણી તેને આપે છે એવું જ કાર્ય સાધુઓએ કરવાનું છે.

ઘણાં લોકો કહેશે કે શાસ્ત્રમાં તો સાધુઓ માટે લખ્યું છે કે તેમણે ઉપદ્રવોથી દૂર રહેવું જોઈએ, 'संकिलेसकरं ठाणं दूरओ परिवज्जए' સંકલેશ પેદા કરનાર કારણથી દૂર રહેવું જોઈએ. પછી તોફાનો, હુલ્લડો કે હિંસા ચાલે ત્યાં તેઓ કઈ રીતે જાય !

છે. તે પોતાના બાળકની માંગણી કરે છે. પણ, પેલો આદિવાસી આપવા ઇચ્છતો નથી. એટલે બન્ને વચ્ચે ઝઘડો થાય છે. સાધ્વીને તે વાતની ખબર પડે છે અને તે આવીને સમાધાન કરાવે છે.

આવા સામાજિક પ્રસંગોમાં પણ સમાધાન કરાવવાનું કામ સાધુઓ કરતા હોય, ત્યારે ધર્મની વાત આગળ વધારવા માટે, ગૂંડાગીરી અને અધર્મને અટકાવવા હોય, અસત્યને, અપ્રમાણિકતા ને પ્રતિષ્ઠિત થતાં અટકાવવાં હોય તો સાધુપુરૂષો એમાં રસ નહીં લે તો બીજું કોણ એ કામ કરશે? સાધુઓએ નાનું ઘર મૂકીને આખા વિશ્વને કુટુંબ કર્યું, ત્યારે સમાજનાં મૂલ્યો માટે પ્રાણ-પ્રતિષ્ઠા અને પરિગ્રહ એમણે છોડવાં જોઈએ.

ગૃહસ્થોને કેટલીક મર્યાદા નડશે પણ સંતોને હરકત આવતી નથી. ગૃહસ્થો માટે પણ ત્રણ મનોરથો શાસ્ત્રમાં આપ્યા જ છે :—

(૧) ક્યારે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહ છોડી નિર્ગ્રંથ બનું?

(૨) ક્યારે સર્વથા આરંભ છોડી અનાસક્ત જીવન જીવું?

(૩) ક્યારે પંડિત મરણને પામું?

સામુદાયિક અહિંસાના પ્રયોગની તાલીમ

આ ત્રણેય મનોરથોમાં ઊંડો વિચાર વ્યક્ત થાય છે. તે વ્યક્તિની સામુદાયિક અહિંસા પ્રયોગની તાલીમ વગર થતું નથી. પરિગ્રહથી મોહ છૂટવો કઠણ...તેમાં પણ શરીરનો મોહ છૂટવો વધુ કઠણ! એવીજ રીતે ગુસ્સાને જીરવવો કઠણ; ગુસ્સાની સામે શાંત રહેવું એથી પણ કઠણ અને ગુસ્સાને ખાળી નાખવો-પ્રેમભાવ દર્શાવવો એ એનાથી પણ કઠણ કામ છે.

શ્રાવકો પ્રતિક્રમણ કરે છે ત્યારે પાંચ વ્રતનાં પચ્ચક્ખાણ ટુંક સમય માટે લે છે. ધીમે ધીમે તે કેળવાય છે. આ બધી તાલીમ છે. કોઈ એમ સમજે કે તાલીમ વગર હું ધારીશ તેમ કરી શકીશ તો તે ખોટું છે. વ્રત-પાલનથી વસ્તુનું જે સૂક્ષ્મ સ્વરૂપ સમજાય છે, આચરાય

છે તે તાલીમ વગર આવતું નથી. પરિણામે નાની વસ્તુમાં પણ સિદ્ધાંત સમાયેલ છે કે નિગરાણ છે તેની સમજણ હોતી નથી. એટલેજ લોકોમાં ક્યારેક હિંસા પ્રગટ થતી જોવામાં આવે છે. અહિંસાના પૂજારી અને સમર્થક લોકો પણ ધર્મના નામે હિંસાને ઉત્તેજન આપતા જોવામાં આવે છે. સિદ્ધાંત અને વહેવારના સુમેળ માટે તાલીમ ઘણીજ જરૂરી છે.

તાલીમ પામેલાનો વહેવાર

જેમણે સામુદાયિક અહિંસાના પ્રયોગની તાલીમ મેળવી હશે તેનો વહેવાર કેવો હોવો જોઈએ? તે અંગે એક સુંદર ઉદાહરણ જૈન સૂત્રોમાં ધર્મરૂચિ અણગારનું મળે છે.

તેઓ કડવું શાક ભિક્ષામાં વહોરી લાવ્યા. હળાહળ ઝેર જેવું. ગુરુએ પરઠી આવવા (નિર્જીવ સ્થાનમાં નાખી આવવા) માટે જણાવ્યું. પણ તેમાંથી એક ટીપું નીચે પડયું. તેની સુગંધના કારણે કીડીઓ ટપોટપ આવી અને અણગારે જોયું કે તે બધી મરી ગઈ. અહીં સિદ્ધાંતનો પ્રશ્ન આવ્યો. કીડીઓ નાની હતી; પણ સિદ્ધાંત મોટો હતો. પોતાની ભૂલનો ભોગ બીજાને કેમ બનાવી શકાય? અંતે એ શાક એમણે પોતે ખાઈને બલિદાન આપ્યું–પ્રાણ છોડ્યા.

ધર્મ એટલે શું?

એટલે અહિંસક પ્રયોગો કરવા માટે ધર્મને સાચા શબ્દોમાં સમજવો પડશે. સુદર્શન શ્રમણોપાસકના પ્રસંગમાં; અર્જુનમાળીની પત્ની સાથે બલાત્કાર કરનાર છ લલિતગોષ્ઠી (ગુંડા) પુરૂષોને રાજ્યનો ટેકો હતો. એ ઉપરથી આજના રાજકારણનો પણ વિચાર થાય છે. આજે કોંગ્રેસ સત્તા લેવા માટે ગમે તેવા લોકોને પોષે છે કારણકે ઉપર જવા માટે ભધું કરવું પડે છે. એમાં એકલી કોંગ્રેસનો દોષ નથી. જો રાજ્ય સારૂં બનાવવું હોય તો સારા માણસોને રસ

લઈને મોકલવા જોઈએ, એવી જ રીતે ધર્મ–અહિંસાને સામુદાયિક રૂપ આપવું હશે તો એનાથી દૂર ભાગવાથી કામ નહીં ચાલે.

ધર્મ રક્ષાશે તો જ પ્રજા રક્ષાશે. જે ધર્મથી લોકોનું રક્ષણ ન થતું હોય તો સમજવું કે ત્યાં ખરો ધર્મ નથી. ધર્મ કોઈ ભાપણનો વિષય નથી. એ તો સતત આચરણની વસ્તુ છે. સત્યને મોખરે રાખી જીવનમાં અહિંસાનું આચરણ કરવું એ જ ધર્મ છે.

હિંસાના પ્રકાર :

સામુદાયિક અહિંસાના પ્રયોગની વાત આવે છે એટલે સર્વ પ્રથમ હિંસા કેટલા પ્રકારની છે તે જાણી લેવું પણ જરૂરી છે. હિંસાના બે પ્રકાર છે : (૧) દ્રવ્યહિંસા અને (૨) ભાવહિંસા. કદાચ સકારણે કોઈ દ્રવ્યહિંસા કરે તો તે ક્ષમ્ય ગણાય છે. જેમકે ડોકટર દર્દીને ઝેરની દવાઓ આપે છે; પણ તે બચાવવા માટે. તેવી જ રીતે તે ઓપરેશન કરે છે અને દર્દી મરણ પામે છે તો તેવી હિંસા ક્ષમ્ય ગણાય છે. પણ ભાવ–હિંસા કદી ક્ષમ્ય બનતી નથી. કોઈ ઉપરથી સારું બતાવે; ખુશામત કરે પણ અંદરથી કપટ રાખે તો તે વધુ હિંસક છે. અહીં ઉપરથી દેખાતો અહિંસક અંદરથી વધુ હિંસક છે; ત્યારે પેલા ડોકટરના કેસમાં તે હિંસક દેખાવા છતાં વધુ અહિંસક છે.

જૈન ગૃહસ્થોના (શ્રાવકોના) અહિંસા વ્રતનું નામ છે—સ્થૂળ પ્રાણાતિપાત–વિરમણ વ્રત. એટલે સ્થૂળ હિંસાથી દૂર થવું. એમાં સાધુઓ માટે તો જ્યાં સંપૂર્ણ હિંસા નિવૃત્તિનું મન–વચન–કાયાથી પ્રરૂપણ છે ત્યાં શ્રાવકો માટે જાણી કરીને, હિંસા કરવાની ભાવનાએ હિંસા કરવા તથા કરાવવાની નિંવૃત્તિ સૂચવવામાં આવી છે. જે કર્મથી સામાની હિંસા થશે–તે જાણી કરીને કરવું એ પોતાના અર્થમાં પૂર્ણ–હિંસા છે. એટલે અહિંસાનો સામુદાયિક પ્રયોગ કરનારે સર્વપ્રથમ તો લોકમાનસને ભાવ–હિંસા તરફથી વાળવાનું છે. હુલ્લડો, રમખાણો કે તોફાનો ફાટે છે ત્યારે ઘણા લોકો હુમલો કરે છે–તેઓ તો નિંદનીય છે પણ એમનાં વખાણ કરનાર

[illegible]

[illegible]

[illegible]

[illegible] છે. અત્યારના પ્રસંગોમાં તેમણે સામુદાયિક અહિંસાના રસ્તા બતાવવા જોઈએ.

સત્ય-અહિંસાને સમાજવ્યાપી બનાવવા માટે

અમારા પૂ. ગુરુદેવે એકવાર ગાંધીજીને પૂછેલું કે "લડાઈ જીતવા માટે ધર્મરાજ થોડું જૂઠું બોલ્યા હતા! તો આપણે પણ કોઈની સેવા માટે, કોઈના હિત માટે થોડું અસત્ય બોલીએ તો શું વાંધો છે?"

ગાંધીજીએ કહ્યું: "એ મહાપુરુષ માટે હું કંઈ નહીં કહું. પણ સત્યના ભોગે સ્વર્ગનું રાજ્ય મળતું હોય તો હું તેનો ઇન્કાર કરું."

સત્ય બોલવું એક વાત છે; પણ તેને સામાજિક બનાવવું એ બીજી વાત છે. દુનિયા ઉપર આફત આવે ત્યારે માર્ગ બતાવવો જોઈએ. ગાંધીજીને સ્વરાજ્યની ધૂન એટલી બધી હતી કે તેમને સત્ય પહેલાં અને

અહિંસા ચીજ એમ કહેવાનો અધિકાર પ્રાપ્ત થ
સામાજિક ન્યાય જાળવવા, સત્ય જાળવવા, અહિંસ
સ્વરાજ્ય જરૂરી હતું. એટલે તેમણે એ પ્રાપ્ત ક
સમાજ આપી બનાવીને.

હવે સ્વરાજ્ય મળ્યા બાદ એ રાજ્યને સારું
ફરજ અહિંસક પ્રયોગકારો ઉપર આવી પડી છે.
રાજ્યસંસ્થા પછી લોકસંસ્થા, લોકસેવક સંસ્થા અ
એ રીતે દરેકને પવિત્ર બનાવવી જોઈએ. આમ ન
અહિંસાની વાત, સામુદાયિક પ્રમાણિકતાની શુદ્ધ
થશે નહીં.

એટલે આજે દરેક ક્ષેત્રે અહિંસક પ્રયોગો
તેમ કરવા જતાં કઈ સંસ્થા અહિંસાનો વિચાર
સંગઠનો છે જે અહિંસા અને નીતિમાં માને છે; પ
છે કે જે સત્ય અને અહિંસાને સામે રાખીને ચા
તપાસીને તેને ટેકો આપવો પડશે. કાંતો નવી સં
પડશે. ગાંધીજીનો પ્રયોગ, તેમનો વ્યક્તિગત ન હોં
હતો. એ પ્રયોગ ચાલુ રહેત તો દેશમાં આજે જે
લાંચરુશ્વત, સટ્ટા વિગેરે જોવા મળે છે તે દૂર થ
મોડું થયું નથી. દરેક ક્ષેત્રે પ્રભાવ પાડવા માટે
પ્રયોગ ચાલુ કરવા જોઈએ અને તે માટે અહિંસા
આવવું જોઈએ. એકવાર અહિંસાનો સામુદાયિક
પ્રશ્નોનું નિરાકરણ આપોઆપ થઈ જશે.

ચર્ચા–વિચારણા

સંતો અને સામુદાયિક અહિંસાના પ્રયોગો

શ્રી. પૂંજાભાઈએ ચર્ચાનો પ્રારંભ કરતાં જણાવ્યું : "સ્વામી સહજાનંદજીએ આખી કાઠી જાતિનું પુનરુત્થાન કર્યું. શ્રી. રવિશંકર મહારાજે સાબરકાંઠા, મહીકાંઠાના પછાત વર્ગના લોકોને દોર્યા.. બાબર જેવા ગુનેગારને પણ અંતે ફાંસી થઈ ત્યારે મહારાજને મળીને કહેવાનું મન થયું કે "તમે બતાવેલ રસ્તો ખરો હતો. પણ મારાં કૃત્યો બદલ આ સજા મને ઓછી લાગે છે!"

એટલે સંતપુરુષોની આ અસર સામુદાયિક અહિંસાના પ્રયોગની દિશા સૂચવે છે.

સમાજનું ઘડતર થવું જોઈએ!

શ્રી. દેવજીભાઈ : "દશ વર્ષ પહેલાંની વાત છે.

લીંબડી સંપ્રદાયના એક વયોવૃદ્ધ, જ્ઞાની અને ચારિત્ર્યશીલ સંત કચ્છના એક મોટા ગામમાં ચાતુર્માસ નિમિત્તે આવ્યા હતા. ત્યાં ૬૦ ઘરો સ્થાનકવાસી જૈન સંપ્રદાયના હતા. પણ ગામમાં ઉપ-સંપ્રદાયો હોઈને કુસંપ તેમજ ફાંટાઓ ઘણા હતા. તેમણે બધાને બોલાવીને કહ્યું. પણ, તેની ધારી અસર ન થઇ. તેઓ ઊંડા વિચારમાં પડ્યા. જો મારા વચનોની અસર ન થાય તો હું ચાતુર્માસ રહીને પણ શું કરી શકીશ? કુસંપ ચાલુ હશે તો લોકો વ્યાખ્યાનોનો પણ ઊંધો અર્થ લેશે. તેમ જ મારાં પ્રવચનોમાંથી દરેક મનફાવતો અર્થ કાઢવાને બદલે અનર્થ વધારે ફેલાવશે.

તો કરવું શું? ચાતુર્માસ માંડી વાળું, એ પણ એક રસ્તો છે. પણ, તે નિષેધાત્મક અહિંસાનો. એટલે કે એક બાજુનો રસ્તો છે ત્યારે ભગવાન મહાવીરનો રસ્તો સર્વાંગી છે. તેમણે અહિંસાની વિધેયક

માજુ લઈને જાહેર કર્યું. "જ્યાં સુધી એક જ સંપ્રદાયમાં પણ કુસંપના કારણે ભાગલા છે ત્યાં એ સંપ્રદાયના પૂજ્ય એવા સંત આહાર પાણી કેવી રીતે લઈ શકે!"

તેમણે ઉપવાસ શરૂ કર્યા. વાતાવરણમાં ખળભળાટ મચ્યો. પાંચમે દિવસે બધા ભેગા થયા. પોતપોતાની ભૂલો તેમણે કબૂલી અને આખા સંઘમાં એકતા–સુસંપનું સુવાસિત વાતાવરણ પ્રસરી ગયું.

પણ, એ જ સાધુ બીજા કસ્બામાં ગયા. ત્યાંના કુસંપને શમાવવા પ્રયત્નો કર્યા પણ કારગત ન થયા.

આનું કારણ એ લાગ્યું કે ત્યાં ચાર જુદા જુદા ધર્મોના–સંપ્રદાયોના માણસો હતા. બીજું ત્યાં સરળ સ્વભાવના ખેતી કરનાર લોકો કરતાં તે કસબામાં વેપારી લોકો વધારે હતા. આ રીતે વિચારતાં મને બેએક બાબતો મુખ્ય લાગી ?—(૧) જેણે અન્યાય નિવારણના કાર્યો કરી લોકશ્રદ્ધા ઊભી કરી છે એવી સંસ્થા દ્વારા આવા પ્રયોગો કરવા પડશે. (૨) તે સંસ્થાની સાથે લોકસંસ્થાઓ, સાધુ–વિભૂતિઓ, સેવક–સંસ્થાઓ, સુરાજ્ય સંસ્થાઓનું જોડાણ પણ જોઈશે. તો જ દરેક સ્થળે સામુદાયિક અહિંસાની દિશા દ્વારા રસ્તાઓ નીકળશે અને સમાજનું ઘડતર થશે.

શ્રી. માટલિયા : રાજ્યસંસ્થાનો જો કે પહેલો વિચાર કરવો જ પડશે. પણ સામુદાયિક અહિંસા તો લોકોમાં આપોઆપ પડેલ ધર્મ સંસ્કારના કારણે ધારણ થશે. રોમમાં લશ્કર અને ધર્મગુરુઓ પણ નિષ્ફળ નીવડ્યા ત્યારે નિઃશસ્ત્ર બહેનોની કતારો નીકળી અને વિજય મળ્યો. આમ વ્યક્તિ કે સમૂહ ગમે તે રીતે પણ લોકોમાં પડેલ શીલ–સદાચારનું તત્ત્વ અને તેના પુરસ્કારકર્તાઓ જ જો અનિવાર્ય ઉપયોગી લેખાશે તો સંસાર સ્વર્ગમય બની જશે.

(૨૮–૭–૫૧)



([illegible])

સામૂહિક અહિંસા પ્રયોગમાં દબાણ

સામૂહિક અહિંસાના પ્રયોગોનો મુદ્દો બે રીતે વિચારવાનો છે. એક તો વ્યક્તિગત રીતે દબાણ ગણવું અને બીજું સમૂહ માટે દબાણ ગણવું. [illegible] તે એક વાત છે અને સમૂહ માટે, સંસ્થાની રક્ષા કરવા માટે [illegible] તે બીજી વાત છે। આ અંગે થોડુંક અગાઉ વિચારાઈ ગયું છે.

એના ઉપરથી: સામૂહિક અહિંસાના પ્રયોગમાં કોઈ દબાણને અવકાશ છે કે કેમ તે પ્રશ્ન ઊભો થાય છે। અને આવું દબાણ હિંસામાં ખપે કે અહિંસામાં? દબાણ એટલે દમન. જે દબાણમાં વ્યક્તિઓએ પોતે પોતાની કે બીજાની ભૂલોને સાફ કરવા માટે પ્રાયશ્ચિત લીધું હોય, તેવું દબાણ અહિંસક હોય છે. પણ જેમાં વ્યક્તિ પોતે પોતાની ભૂલોનો એકરાર કરીને સાફ કરતો નથી, ત્યાં બીજી કોઈ વ્યક્તિ, સમાજ કે રાજ્ય દ્વારા દબાણ થતું હોય છે એમાં એક જાતની સૂક્ષ્મ હિંસાનો અંશ હોઈ શકે છે. પણ જે હિંસાની પાછળ અહિંસાનું તત્ત્વ હોય તે હિંસા ખરેખર તો અહિંસાની દિશામાંજ પગલું છે. ડૉક્ટરની વાઢકાપનું દૃષ્ટાંત અગાઉ એ સંદર્ભમાં મૂકવામાં આવેલું.

શાસ્ત્રમાં હિંસાના બે પ્રકાર કહેવામાં આવ્યા છે (૧) અશક્ય પરિહારવાળી હિંસા, (૨) નિવાર્ય હિંસા. એક હિંસા એવી છે કે જેને નિવારી શકાતી નથી; જેમકે ખાવા-પીવા તેમજ શ્વાસ લેવા માટે સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે. આવી હિંસાથી શ્રાવક નહીં, સાધુ પણ બચી શકતા નથી. એવીજ રીતે પ્રામાણિકપણે ગૃહસ્થજીવનમાં ધંધો કરવાથી પણ થોડીક અનિવાર્ય હિંસા થઈ જાય છે. આ હિંસા અનિવાર્ય છે. ત્યારે સ્વાદ કે વાસના માટે જાણી કરીને નાની મોટી હિંસા કરવી તે નિવારી શકાય છે અને તેને અનિવાર્ય ન ગણાવી શકાય.

પણ, જો અન્યાયના નિવારણ માટે વિરોધીઓ સાથે લડવું પડે ા તેવી હિંસાને, અનિવાર્ય હિંસા ગણવામાં આવી શકે. મહાભારતનું ુદ્ધ એવા પ્રકારનું યુદ્ધ હતું. ક્યાંક અન્યાય, શોષણ કે સતામણી ્તી હોય; શિકાર, માંસાહાર કે શોખ માટે પ્રાણીવધ થતો હોય કે ૂંડાગીરી કરીને સમાજને ભય પમાડતો હોય. તેની વિરૂદ્ધમાં યુદ્ધ ્રવું પડે તો તેવી નાની હિંસા અનિવાર્ય બની ક્ષમ્ય બને છે. એના ્દલે જેણે સામાજિક અન્યાય સર્જ્યાં હોય કે સર્જવા કે વધારવામાં ીધી કે આડકતરી રીતે ભાગ લીધો હોય, તેને માટે તે હિંસા ક્ષમ્ય ્થી તેમજ એવા શોષકો, ગૂંડાઓ, અન્યાયી અને અત્યાચારીઓને ્રાથ આપવો પણ અક્ષમ્ય હિંસા ગણાશે.

ભગવાન મહાવીરના સમયે તેમના એક સમ્યક્ દૃષ્ટિ અને શ્રાવક વ્રતધારી અનુયાયી ચેટક રાજા માટે એક આવું યુદ્ધ અનિવાર્યપણે આવી પડેલું. તેઓ ન્યાયની પડખે રહ્યા. તે વખતે લોહીની નદીઓ વહી, પણ એ બાબતનું રાજાના અંતઃકરણમાં ભારેભાર દુઃખ હતું. તેમનુ આત્મભાન લોપાયું નહતું. એટલેજ મર્યા બાદ તેઓ સ્વર્ગે ગયા હતા. ત્યારે સામે પક્ષે કોણિક વગેરેના અતિ-ગર્વના કારણે આ યુદ્ધ સર્જાયું. તેમની હિંસા ક્ષમ્ય ન હતી; શાસ્ત્રો કહે છે કે તેની કે તેના પક્ષકારોની ગતિ પણ તેવી જ થઈ.

ટુંકમાં માનવ વ્યક્તિ, માનવ-સંસ્થા, માનવસમાજ અને પ્રાણી સમષ્ટિ વગેરેના સંબંધમાં આમ વિવેકપૂર્વક હિંસા-અહિંસાનો તોલ કરવો પડશે. અહિંસાની દિશામાં જે પગલાં ભરાતાં હોય; અને તેમાં દબાણના કારણે થતી નજીવી અનિવાર્ય હિંસાને ક્ષમ્ય ધણી શકાય. ખરેખર તો આ દરેક પ્રસંગોમાં અંતિમ પરિણામ અહિંસક હોવા જોઈએ અને દરેક વાતનો વિચાર વિવેકપુરઃસર હોવો જોઈએ.

અનિષ્ટોને દૂર કરવા માટે અમૂક પ્રકારનું દબાણ તો લાવવું પડશેજ. એ અંગે આપણે અગાઉ અહિંસાના પ્રયોગોને સંક્ષિપ્ત

વધારે જવાબદારી રહે છે. બીજા પ્રકારના લોકો એટલે હિ
કે દાંડતત્ત્વો હોય છે. ત્યારે ચોથા પ્રકારના લોકો નિષ્ફ
હોય છે. એવા લોકોથી કોઈ પણ પ્રકારના સમાજ વિવે
રાખવી વધારે પડતી છે. એવા તામસી લોકો જ્યાં વધા
સમાજમાં અનિષ્ટોનો વધારો થતો હોય છે, અને સમ
અવ્યવસ્થિત અને અશાંત થતો હોય છે.

ગાંધીજીનું આત્મદમન અને પરદમન :

આત્મદમન સાથે પરદમનની વાતને વધુ સમજવા મ
મહાત્મા ગાંધીજીનાં જીવન પ્રસંગો લઈએ.

હરિજન આશ્રમમાં એકવાર ગાંધીજીના નાના પુત્રે
હઠ કરી. આશ્રમનો નિયમ હતો કે મીઠું વાપરવું નહી
કંઈક નરમ થયા પણ ગાંધીજીએ સાફ કહી દીધું કે અ
નિયમનું પાલન આપણે કરવું જ જોઈએ.

બાળકે હઠ પકડી કે નહીં ખાઉં. બાપુએ સાફ ક
ખાવું હોય તો ખા! પણ મીઠું નહીં મળે! તે સાથે બા
હતો કે બધા ન ખાય ત્યાં સુધી તેઓ ન ખાતા! હવે
ખાય તો બાપ ક્યાંથી ખાય? સાંજ સુધી બાપ-દીકરા
ખાધું. પણ પછી દીકરાએ મીઠું મૂકી દીધું અને તેની આ
તે વખતે બાપુ જરાક ઢીલા પડ્યા હોત તો આશ્રમમાં ક
ટકત જ નહીં. આમ આત્મદમન સાથે પરદમન તેમણે કર્યું.

ઘણા લોકો કહેશે કે જેની બુદ્ધિ ખિલી નથી, એ
ઉપર આવું દબાણ લાવવું જરૂરી છે? બાળકમાં તો પાડ
પડે એટલે આમ કરવું જરૂરી છે. તેમાં પણ સ્વજનો માટે ત
થઈએ તો જ નિયમો ટકી શકે. એટલે એમ કરવું અનિવાર

એક બાળક માંદું છે. વૈદ તેને દૂધ સિવાય કંઈ પણ

આધ્યાત્મિક દબાણ [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] [illegible]

[illegible]

તાત્કાલિક [illegible] માર્ગે [illegible] કરતાં [illegible]
ગણાય. તેવીજ રીતે આધ્યાત્મિક દબાણ પહેલી નજરે ખોટું અને [illegible]
ભરેલું લાગે છે, પણ તેનું પરિણામ સ્થાયી રૂપમાં આવે છે. [illegible]
આ દબાણ લાવનાર વ્યક્તિ માટે તો એ [illegible] કોઈને તેને અ[illegible]
લાગતું નથી; પણ સમાજનું હિત જગમગાવી મૂકનારૂં તે હોય છે.

ભગવાન મહાવીરે પાંચ માસ પચ્ચીસ દિવસનો અભિ[illegible]
સમાજ ઉપર આધ્યાત્મિક દબાણ લાવવા માટે કર્યો ત્યારે તે વખ[illegible]
સમાજ ખળભળી ઊઠ્યો હતો. પણ તેની સમગ્ર સમાજ ઉપર અ[illegible]
થઈ અને સાચાં મૂલ્યોની પ્રતિષ્ઠા થઇ અને દાસીપ્રથાનું આ[illegible]
દૂર થયું.

મહાત્મા ગાંધીજીએ હિંદુ ધર્મનાં કલંક સમાન અસ્પૃશ્યતા સામે આમરણ અનશન કર્યું ત્યારે આખો દેશ ખળભળી ઊઠયો હતો. પણ તેનાથી ઘણા પંડિતો અને ધર્મનાયકોએ યુગધર્મ ઓળખી લીધો અને દેશ તેમજ દુનિયાને મોટો લાભ થયો. હિંદુ-મુસ્લિમ એકતા માટે બાપુના દિલ્હીના ઉપવાસોનું પણ એ જ કારણ હતું. અંતે એવું થઈ ગયું હતું કે બાપુનું શરીર હિંદના મહાસમાજનું બની ગયું હતું.

આમ આધ્યાત્મિક દબાણનો સીધો અને વહેવારિક અર્થ એ થયો કે વ્યક્તિરૂપે, તે વિશ્વરૂપી કુટુંબીજનો ઉપર પોતાના તપત્યાગનું દબાણ લાવે. તેની અસર એ થાય કે સમાજને અનિષ્ટો અનિવાર્યરૂપે દૂર કરવાં પડે. આમાં સમાજને પ્રારંભમાં દુઃખ તો થાય; પણ અનિષ્ટો દૂર થતાં તેનું પરિણામ એકાંત સુખરૂપે આવે.

નૈતિક–સામાજિક દબાણ : નૈતિક સામાજિક દબાણનો ક્રમ બીજો મૂકયો છે. એનો ઉલ્લેખ મનુસ્મૃતિ, પારાશર સ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ તેમજ નીતિગ્રંથોમાં મળે છે.

ોકો સાફ કરવી જોઈએ અને શુદ્ધ ન્યાયની જાળવણી કરવી જોઈએ.
ાજને રોજગારી મળે અને ન્યાયપૂર્ણની સલામતી મળે, એ ખાસ
ું જોઈએ. બધી બાબતોમાં એક જાતની મતત કાળજી રાખવી
ઈએ કે દૂરાચારીને ટેકો ન મળી જાય. દૂરાચાર કરનાર જાણે છે કે
ટકો પડશે તો ચપટી ધૂળ લઈને આવશે જ. એટલે થોડું તો
રશે જ! આ તત્ત્વ એટલું બધું વ્યાપેલું છે કે ગોરે, ડાંગે, જોશી,
ોક મહેતા, જયપ્રકાશ વગેરે સારી નિષ્ઠાવાળા નેતાઓ; વ્યક્તિ
કે સારા હોવા છતાં–આવા અનિષ્ટોને ટેકો આપી દે છે. તેની
ળ સત્તા લાલસા જ કારણભૂત રહે છે. તો આ બધું દૂર કરવા
ે સામુદાયિક અહિંસાના પ્રયોગો કરવાના છે.

☆

ચર્ચા–વિચારણા

શ્રી. માટલિયાએ ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું: "આર્થિક,
ામાજિક, નૈતિક, શૈક્ષણિક અને રાજકીય–આ બધાંય ક્ષેત્રોમાંથી
નિષ્ટોને દૂર કરાવવા સમાજ દ્વારા આવા પ્રયોગો સંસ્થાકીય સંગઠન
કરવા–કરાવવા પડશે. ગાંધીજીએ એક ચીલો તો પાડ્યો જ છે.
ણે બ્રિટિશરો સામે અહિંસક પ્રતિકાર પણ કર્યો અને મદદ
. કરી.

સર્વ પ્રથમ (૧) સમજાવટનો માર્ગ છે; પણ તેમાં (૧)
તાની ધીરજ ન ખૂટે તે જોવું જોઈશે. (૨) સમજાવટથી ન સુધરે
જાહેરાત કરવી પડશે. આમાં સામાની નિંદાનો ભાવ રહે છે પણ
ત રહીને તે કામ કરવું રહ્યું; નહીં તો એવી વ્યક્તિ કે સંસ્થા
ાજમાં ભ્રમ ઊભો કરીને પ્રતિષ્ઠા જાળવી રાખી અનર્થ વધારે છે.
ી સારા માણસોમાંથી સમાજની શ્રદ્ધા ડગવાનો પણ ભય રહે છે.
ટલે જેમ મિઠાઈ બનાવનાર ચાસણી તપાસે છે તેમ દરેક સમયે

[illegible] (૪) આક્રમણનો [illegible] [illegible] અને [illegible]. જેના વિના નિરંતર [illegible] હતું તે પાછા વળી પડશે [illegible] આક્રમણો પાછા વળી પડશે. [illegible] આ પછી (૫) પ્રતિકાર આવીને રહે છે. અહિંસક પ્રતિકારમાં પોતાની જાત વિના [illegible] હોમીને સામૂહિક તપ આવે છે. ગાંધીજીએ આ રીતે જાતથી હોમીને સામૂહિક [illegible] ઉપવાસ કરવાની તાકાત કરી હતી. તે છતાં પણ ન થાય તો (૬) આત્મસમર્પણ કરવું જોઈએ. બાપુએ ઝેકોસ્લોવેકિયાને કહ્યું હતું કે આક્રમણનો મુકાબલો હથિયારથી કરશો તો તેને હું અહિંસા લેખીશ. પણ જો જાતને હોમશો તો અહિંસાનો ઉમદા પાઠ જગતને મળશે. જ્યાં તન ન પહોંચી શકે ત્યાં પ્રાણાર્પણ તો પહોંચી જ શકે છે.

સન ૧૯૫૮ માં કેટલાકે ટીકા કરી : "આ વખતે અમદાવાદ જઈ હોમાવાનું મૂકી માત્ર એક બાજુ ઉપવાસો કરવા તે કેવું!"

પણ, આપણે કલકત્તા ખાતે જોયું કે સુહરાવર્દીના પ્રયોગો સફળ ન થતા; બાપુએ જેમ ત્યાં આમરણાંત ઉપવાસ કરેલા તેમ દિલ્હીમાં પણ કર્યા હતા. બાપુ વિશ્વવ્યાપી વ્યક્તિ હોઈને તેમનાં શરતી

અનશનો આખા જગતના પ્રાણને જાગૃત કરતાં, તે છતાં તેઓ સાથી અને કોંગ્રેસને સાથે લઈ લેતા. તે ઉપરાંત અહીં ખૂબ જાગૃતિની જરૂર છે.

આંધ્ર માટે રામુલુના ઉપવાસોએ અને તેના મરણે લોકોમાં હિંસા પ્રગટાવી હતી. તેમના ઉપવાસો શુદ્ધ છતાં ઉદ્દેશ્ય સાંકડો હતો. તેના પરિણામો પ્રત્યાઘાતો આજે જોવા મળે છે. માસ્તર તારાસિંગના ઉપવાસો, નાગાપ્રદેશના તોફાનો આવી જાગૃતિના અભાવનાં પરિણામો છે.

સદ્‌ભાગ્યે ભા. ન. કાંઠા વગેરે પ્રદેશમાં ગામડાંનો (રચનાત્મક કાર્યકરોની સંસ્થા) પ્રાયોગિક સંઘ તેમ જ અહીંના શહેરમાં વિશાળ હેતુએ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ રચાઈ ગયો છે. તેણે અત્યાર સુધી અનેક પ્રશ્નોમાં પૂ. મહારાજશ્રીની દોરવણીથી, નાની ઉંમર છતાં, માર્ગદર્શક ઠરાવો–પ્રયોગો અને કાર્યોથી માર્ગદર્શન મળ્યું છે.

ઉપરનાં (૧) સમજાવટ–વાટાઘાટ, (૨) જાહેરાત. (૩) અસહકાર, (૪) બહિષ્કાર, (૫) પ્રતિકાર અને (૬) આત્મ સમર્પણ એ છએ પગલાં ભરતી વખતે ખૂબજ સાવચેતી રાખવાની જરૂર છે.

શ્રી. દેવજીભાઈ : "કચ્છ પ્રાયોગિક સંઘની નૈતિક દોરવણી તળે સામુદાયિક અહિંસાના પ્રયોગ ભચાઉ ખેડૂત મંડળે કર્યાં છે. તેમાં પણ કરમરિયા ગામમાં સુમરા અને સામેના આગેવાનોની તાણાતાણીમાં ગામને થતી હેરાનગતિમાંથી ગામને બચાવવું અને પક્ષોનું સમાધાન કરવું; એ તેની સફળતા ગણી શકાય. તેથી સામાન્ય અને દબાયેલી પ્રજા પણ જાગૃત થઈ. તાજી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વિકાસ અધિકારી વગેરે અમલદારોએ તેથીજ ખેડૂત મંડળની સહાય માંગી હતી."

શ્રી. પૂંજાભાઈ : "ગામડાંઓમાં વાડાબંધી અને દાંડ જૂથનું જોર હોય છે. ગ્રામ પ્રજાની એકતા અને સહૃદય માણસો આગળ ન

આવે તો તે જૂથો પોતે ટોપાપાનું લઈ, ચોરીઓ પોતેજ કરાવે. છે. એટલે નીચલા થરોથી સાચા ન્યાયનું અને એકતાનું કામ વિશાળ દષ્ટિથી શરૂ થવું જોઈએ. તો શિક્ષક, અમલદાર, દાંડ અને મૂડીવાદી વગેરે બધા સીધા થશે."

શ્રી. બળવંતભાઈ : "માટલિયાએ ગયા વખતે લાંચ અને દાંડ તત્ત્વો સામે જે બે કાર્યક્રમો મૂકેલા તેનાથી ઘણું કામ થઈ જાય. કોંગ્રેસનું સ્વેચ્છાએ ગામડાંઓએ રાજકીય માતૃત્વ સ્વીકાર્યું છે; એટલે કોંગ્રેસી આવરણ લાંબો વખત આ કામમાં આડું નહીં આવે."

પૂ. મુનિશ્રી સંતબાલજી : "આપણે સાત સપ્તાહ વીતાવ્યાં. હજુ દશેક થશે. ત્યાં લગી કાર્યક્રમો નિશ્ચિત નહીં થાય. આપણે સમગ્ર જગતના પ્રશ્નોમાં કયા અગત્યના છે? આજે રાજકીય પક્ષો રૂપી અનિષ્ટોને દૂર શી રીતે કરવાં પડશે વગેરે પ્રથમ વિચારવું પડશે. સામેથી આવી પડેલ કોઈ પ્રશ્નને નહીં છોડાય; પણ સામેથી લેવાનો પ્રશ્ન હોય તો લાંબું અને ઊંડું વિચારવું પડશે.

(તા. ૨૫-૮-૬૧)

☆

વ્યક્તિગત અહિંસા અને સામુદાયિક અહિંસા

સામુદાયિક અહિંસાના પ્રયોગો અંગે લોકોમાં જોઈએ તેવો ઉત્સાહ ઘણીવાર દેખાતો નથી. અહિંસામાં સૌ માને છે. શાંતિની પણ વાતો કરે છે પણ તે બધું વ્યક્તિગત થઈ શકે, એવું બધા માને છે અને સામુદાયિક અહિંસા પાળી શકાતી નથી એમ કહીને એ પ્રશ્ન ઉપર મંદતા નાખવામાં આવે છે.

જો અહિંસા વ્યક્તિગત પાળવાની હોત તો સાધુસંસ્થાની જરૂર ન હતી. પણ વ્યક્તિગત અહિંસાનું આચરણ જો વ્યક્તિના જીવનને ઉન્નત કરી શકે તો સમૂહગત અહિંસા સમૂહને ઉન્નત કરી શકે! એ રીતે વ્યક્તિગત અહિંસાનો વિચાર સમૂહગત થયો અને વ્યક્તિગત અહિંસાને સામુદાયિક રૂપ શી રીતે આપવું? વ્યક્તિગત અને સામુદાયિક અહિંસાનો તાળો મેળવવો શી રીતે! એમાંથી સાધુસંસ્થાની ઉપયોગિતા આવી ને ઊભી રહે છે.

આખો સંસાર કદિ સુધરવાનો નથી. સંસાર અનાદિ-અનંત છે. પણ એક વાત યાદ રાખવાની છે કે આખો સંસાર ભલે શુદ્ધ ન થાય પણ તેમાં પ્રતિષ્ઠા તો સદ્‌ગુણોની જ હોવી જોઈએ. નહીંતર વ્યક્તિગત અહિંસા પણ, સામુદાયિક અહિંસા ઉપર આંખમીંચામણા કરવાથી ઢીલી પડી જાય છે.

જૈનો અહિંસામાં આગળ હોવાના કારણે તેમના ધાર્મિક પર્વ પર્યુષણનું ઘણું મહત્ત્વ છે. આજે જોવા જશું તો ગામડાથી લઈને શહેરમાં, આ દિવસોમાં ફંડફાળા થશે. તે વખતે વિચારાશે કે સામુદાયિક અહિંસાનું પહેલું પગલું શું? તો કસાઈખાનાં—ખાટકીવાડા કેમ બંધ થાય તે માટે ગતિ વિધિ થશે. બીજી વાત રૂપે આ શરીરને ઓછામાં ઓછું નાનું ગૌણ કેમ કરવું તેવી તાલીમ લેવી કે ઓછામાં ઓછી

શેઠ વિચાર કરે છે કે "ખાટકીખાના તો ચાલશે જ મારા એકલાથી બંધ થવાના નથી. કરશે તે ભરશે ! એટલે કહે છે કે" લઇ જા ! પણ રોજનો એક રૂપિયો નવાં વ્યાજ તરીકે અને જૂનું વ્યાજ તો ચાલુ જ !

તેમની પત્નીએ આ વાત સાંભળીને કહ્યું : "આજે પર્યુષણના દિવસો છે. હું રોજ ધર્મકરણી કરૂં છું. જીવ માત્રની માફી માગું છું અને તમે તો હિંસાને સીધો ટેકો આપી રહ્યા છો !

શેઠે કહ્યું; "એ તો ધંધાની વાત છે."

"પણ, તમારે ઊંડો વિચાર તો કરવો જોઈએ ને ?" શેઠાણીએ કહ્યું કે પેલા રૂપિયા ન આપવા જોઈએ પણ શેઠ માન્યા નહીં એટલે શેઠાણીએ કહ્યું "તમે નહીં માનો તો હું મારા ઉપવાસો ચાલુ રાખીશ.

શેઠમાં જૈન સંસ્કાર તો હતા જ તેણે કહ્યું : "તો શું કરું !"

શેઠાણી કહે : "જૂનું વ્યાજ માફ કરો, નવા સો રૂપિયા આપો અને વ્યાજ ઓછું કરો સાથે કહો કે પેલો ખાટકીનો ધંધો ન કરે !'

પેલો ખુશ થઈ ગયો. તેણે કહ્યું : "મારે શા માટે હવે ખાટકીનો ધંધો કરવો પડે ?" તે સારા કામે લાગી ગયો.

આમ જગતમાં અમૂકે ઝીણવટથી વિચારવું પડશે. જગતમાં ભલે હિંસા ચાલતી રહે આપણે વળી કયાં ટૂચા દેવા જશું—આપણે તો આપણું સંભાળવું. આ દૃષ્ટિ ખોટી છે. સ્વાર્થ દૃષ્ટિ છે. જૈન શ્રાવક માટે પંદર કર્માદાન કહીને તેવા ધંધા ન કરવાનું સૂચવ્યું છે. જો શેઠે તે વખતે કદાચ બસોનું દાન પુણ્ય કર્યું હોત તો સામુદાયિક અહિંસાનો આચાર ન ફેલાત. બાઈના સંસ્કારે શેઠને થયું કે વધારે વ્યાજ લેવું; તેથી ટાંગાવાળાને થયું કે આવો હિંસક ધંધો મારે ન કરવો. જો આવો ખ્યાલ આવી જાય તો સામુદાયિક અહિંસા ગતિમાન થઇ જાય.

પર્યુષણના દિવસોમાં જેમ કસાઇખાનાં બંધ કરાવાયાં છે; તેમ જૈનોએ પોતે મીલો–ચક્કીઓ–મોટરો વગેરે બંધ રાખવાં જોઇએ; કારણ

કે પંદર કર્માદાનમાં "યંત્ર ન ચલાવવાં" એ પણ છે. પણ તેને કોઈ માન્ય નહીં રાખે – પરિણામે યંત્રના નામે ત્યાં શોષણ તો ચાલુ જ રહેશે. એટલે એ વાતની છાપ બીજા ઉપર નહીં પડે. એટલે વ્યક્તિગત અહિંસાનું એવું છે કે તેમાં ગતિ દેખાય છે–કોઈ પગે ચાલે, કોઈ ઘોડે ચાલે, કોઈ મોટરમાં બેસે–પણ દરેકે ગતિ તો કરવી જોઈએને–એવી જ રીતે વ્યક્તિગત અહિંસા માત્ર પાળવાથી સામુદાયિક અહિંસાની ગતિ અટકી જશે.

ગયા વખતે ચાર મુદ્દાઓ રજૂ કર્યા હતા :—(૧) રાજ્યની દંડશક્તિ મર્યાદિત કેમ રહે? (૨) રાજ્ય અહિંસાની દિશામાં આગળ કેમ વધે? (૩) સમાજ અહિંસાની દિશામાં આગળ કેમ વધે; અને (૪) વ્યક્તિગત લોકો અહિંસામાં કેમ આગળ વધે. આ ચાર વાતો સમજાઈ જાય તો સામુદાયિક અહિંસાના ક્ષેત્રનો વિચાર આવી જાય.

એના અનુબંધ માટે લોકસંસ્થા, લોકસેવક સંસ્થા, સાધુ સંસ્થા અને રાજ્યસંસ્થા – એમ ચારને લીધી. રાજ્યનું દબાણ પણ હોય એટલે કે કાયદો ઘડાય; અને ધર્મનું દબાણ હોય – એટલે કે ધર્મ પ્રમાણે આદેશ હોય; તે છતાંયે જો વચમાંનું લોકોનું–સમાજનું દબાણ નહીં હોય તો પણ પ્રશ્ન ઉકેલાશે નહીં. કેટલાંક તત્ત્વો રાજ્યનું માનતા નથી તેમ ધર્મનું પણ માનતા નથી. તેવા માટે મધ્યમ માર્ગ કાઢયો–સમાજનું નૈતિક દબાણ ઊભું કરવું. એક ઠેકાણે ખાડો થાય છે તે માટે પાપ થાય છે. બીજી તરફ વધારે ભરતીના કારણે પાપ થાય છે. ટાંગાવાળાને ખાટકીનો ધંધો કરવાની ઇચ્છા એટલા માટે થઈ કે તે શેઠનું વ્યાજ ભરી શકતો ન હતો અને જતે દહાડે શેઠ ટાંચ લાવવાના હતા. શેઠ શા માટે તેને પૈસા ધીરવા તૈયાર થયા? તો કહે કે વધારે વ્યાજ મળતું હતું. આમ વધારે ધન માટે આડા ધંધા કરવા પડે અને તેમાં હિંસા શરુ થઈ જાય છે.

કોઇ પણ પ્રક્રિયા શરૂ થાય છે તેનાં કારણો હોય છે. એવું હિંસાનું પણ છે. કોઇ માણસ ખૂન કરે છે? તેને ન્યાય મળતો નથી!

[illegible]
[illegible]

એટલે [illegible] કે વ્યક્તિગત અહિંસા [illegible] તેની વ્યાપક અને શુદ્ધ હોવા છતાં સામુદાયિક બન્યા વગર ન [illegible] બની શકતી [illegible] અને [illegible] પ્રકાશ આપે છે. [illegible] સામુદાયિક વિચાર નહીં હોય તો [illegible] તેનું મહત્ત્વ [illegible] પણ [illegible] જ પડશે. આજ રાજ્યનો વિચાર નહીં ચાલે! વ્યક્તિ, સમાજ, રાજ્ય અને સંસ્થાનો વિચાર કરીને નૈતિક [illegible] ઊભું કરવું પડશે. રાજ્ય હોવા છતાં સમાજનો ખ્યાલ પહેલો કરવો પડશે. નહીંતર રાજ્ય હોવા છતાં, સાધુઓને પાકિસ્તાનથી ભાગીને હિંદ આવવું પડ્યું! હજારો-લાખોને હિંદમાં આવવું પડ્યું! એટલે વ્યક્તિગત અહિંસાને સામુદાયિક રૂપ આપવામાં એવો સમાજ ઊભો કરવો એ વધારે મહત્ત્વનું છે. આ બધું સામુદાયિક અહિંસામાં જ આવી જાય છે.

ચર્ચા – વિચારણા

શ્રી. રવિશંકરભાઈએ ચર્ચાનો આરંભ કરતાં કહ્યું : "વ્યક્તિગત [illegible] ઉપર નિર્ભર છે. કોઈક વ્યક્તિઓ અહિંસાનો આચાર સામુદાયિક અહિંસા [illegible] શી રીતે આચરવી એ સવાલ ? [illegible] હોય ત્યાં વ્યક્તિગત અહિંસા શી રીતે [illegible] પણ દોડો જતા નથી. [illegible] હોય ત્યાં એ [illegible] હક માગવા [illegible] હોય ત્યાં જૂના કારણે [illegible] પણ એ માગ [illegible] હોય ત્યાં [illegible] ભારે પડી શકે છે. [illegible] અને [illegible] કેટલાક સંગઠનોને સામે ભારે પડી શકે છે. [illegible] અને તેના મૂળો [illegible] અને સામાજિક [illegible] લાગણી ત્યાં છે [illegible]. આજે તેના મૂળો [illegible] અહિંસાના પ્રયોગો કરીને તેને [illegible] પડશે.

શ્રી. ભગવંતભાઈ : "મારા ગામ માટે અહિંસાનું [illegible] તે સમુદાયમાં [illegible] શરૂ થાય છે. ગામમાં એ [illegible] પાણી [illegible] પણ બાપ [illegible] કરતાં પણ પાણી [illegible]. [illegible] હરિજનોને [illegible] પણ [illegible] નહીં. [illegible] શુદ્ધિ [illegible] આશ્રમમાં [illegible] પણ [illegible] નહીં. [illegible] તો [illegible] શરૂઆત પહેલાં તો નરહરિભાઈએ કરી. [illegible] તો [illegible] [illegible] આવ્યા. [illegible] અનેક કાર્યકરો [illegible] સંસ્થાઓને [illegible] પ્રવૃત્તિ થતી તેને દૂર [illegible] એકાદશી [illegible] પ્રવૃત્તિ [illegible] ધીમે ધીમે દૂર થઈ ગઈ.

કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો, ધીમે ધીમે દૂર થઈ ગઈ.

[illegible] પોતાનો અનુભવ કહું. એ મેળા માટે લોકો ટિકિટ વગર [illegible] રૂપિયા આપી દીધા. મને [illegible] ટિકિટ તપાસનારને ઉપરાંત દશ રૂપિયા [illegible]. તેણે રૂપિયા પાછા આપ્યા એ પૂછ્યું. મેં ટિકિટ તપાસનારને [illegible]. એટલે ગુંદી આવી મેં પણ ટિકિટ ન લેવાણી તે [illegible] નો [illegible]. એટલે [illegible] નાણાંનો સદુપયોગ થયો.

નરહરિભાઈને એ વાત કરી. [illegible] એ નાણાંનો સદુપયોગ થયો.

શ્રી. રવિશંકરભાઈ : "કોઈ વ્યક્તિની પ્રેરણાથી શરૂ થાય છે અને મજબૂત તેને [illegible] છે. એટલું જોઈએ કે તે વ્યક્તિમાં હિંમત અને નિઃસ્પૃહતા હોવાં જોઈએ, નહીંતર બધું બગડી જશે !"

રે. બીજામાં જાહેરાત કરે. કેટલીકવાર તેઓ શુદ્ધિ પ્રયોગ ન કરતા પણ સામાજિક દબાણ લાવતા.

એકવાર કસ્તુરબાની ભૂલ થઈ. ફંડના આવેલા પાંચ રૂપિયા બીજા ખર્ચમાં વાપરી નાખ્યા. એટલે તેમણે નવજીવનમાં જાહેરાત કરી કે કસ્તુરબાએ ભૂલ કરી છે. તે વાત જાણીને તેગણજી ઠેઠ વડોદરાથી દોડી આવ્યા અને કહ્યું: "આ તમે ભૂલ કરી. "એમની આબરૂ ધૂળમાં મેળવી!"

ગાંધીજીએ કહ્યું: "એ લખતાં મને ખૂબ દુઃખ થયું છે. પણ મારે જાહેર જીવનનો ચીલો પાડવાનો છે. સંસ્થાઓ વધશે, ફંડો થશે અને એમાં જરાક બગાડો થશે તો લોકોની શ્રદ્ધા તૂટી જશે. એટલે મારે મારા પ્રત્યે કડક રહેવું જોઈએ. તેથી બીજાને તે દાખલા રૂપે બનશે!"

આ બધી વાતો રજૂ કરવાનો આશય એ છે કે શુદ્ધિ પ્રયોગ અને સત્યાગ્રહ માટે વમળ ઉઠયાં છે ત્યારે આપણને શંકા ન રહે. ક્યાં સુધી શુદ્ધિ પ્રયોગ કરવો. કેટલી હદે જવું તે બધા વિચારો કરી શકાય?

હમણાં થોડા દિવસ પહેલાં એક ભાઈ આવ્યા. તેમણે કહેવડાવ્યું કે મહારાજશ્રીને મળવું છે. વાત જાણ્યા પછી મેં મળવાની અનિચ્છા બતાવી. કોઈ સાધુનાં દર્શને આવે અને તેને ના પડાય તે કેવું સાથીઓને પણ આંચકો લાગ્યો. એક ભાઈ તો ઠીક ઠીક ગરમ થય પણ, આની પાછળ મારો આશય તો એ વ્યક્તિના ભલાનો જ હ સમાજનાં મૂલ્યનો હતો. દર્શન કરવા આવે તે જુદી વાત છે અંદરની દૃષ્ટિ મેલી હોય તો કોઈને લાભ થતો નથી. તે ભાઈ અન્યાય સામેના શુદ્ધિ પ્રયોગ વખતે સામે પક્ષે હતા. તેમના એમ હતું કે શુદ્ધિ પ્રયોગ ભલે થયો; હવે અમે સંતબાલ સાથે એમ દેખાડી સમાજમાં પ્રતિષ્ઠા મેળવી લેવાની તેમની વૃત્તિ આવાં માણસો શુદ્ધિ પ્રયોગને નીચો પાડે છે.

ઘણા એવા હોય છે કે પોતે શુદ્ધિ પ્રયોગ કરતા નથી,

ગૌતમ અને કેશી મુનિનો મેળાપ થવાનો હતો. કેશી મુનિ પોતે ગૌતમને સામે લેવા જાય છે. ગૌતમ માને છે—પ્રણામ કરે છે. તેથી ગૌતમના મનમાં ઊંડી છાપ પડે છે. આમ શત્રુ ભાગે. શુભ હેતુસર શુદ્ધિપ્રયોગો કરવાના છે. તે માટે અભિમાન ન રાખવાનું પણ કાળજી તો રાખવીજ! કાનૂનભંગ કર્યા સિવાય કાનૂન સંશોધન કરવું પડશે. અમૂક પ્રશ્નો અંગે કોંગ્રેસની સામે લડવું પડશે તો બીજી બાજુ ટેકો આપવો પડશે. રચનાત્મક કાર્યકરોનો ક્યારેક વિરોધ કરવો; તો ક્યારેક તેમને ટેકો આપવો પડશે. એવું ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓએ કરવું પડશે.

ગાંધીજીએ જ્યારે સવિનય કાનૂનભંગ, અસહકાર અને સત્યાગ્રહ એ ત્રણેની વાતો એક સાથે મૂકી અને કાર્ય શરૂ પણ કર્યું. પણ, દેશી રાજ્યોની લડતમાં ઓછું ધ્યાન આપ્યું કારણ કે એ માનતા કે મુખ્ય કામ બ્રિટીશરોને કાઢવાનું છે. તે છતાં આંતરિક બાબતોમાં એટલીજ જાગૃતિ રાખતા. દારૂના પીઠે બહેનોને પિકેટીંગ માટે મૂકતા; હરિજનોના પ્રશ્નો ચર્ચતા અને સાથેજ લીંબડી રાજ્યને જાપાનથી ઠેઠ રૂ પાછું મંગાવવા જેટલી આંતરિક પરિસ્થિતિને વળાંક આપી શકતા. એટલે કે જાગૃતિ રાખવીજ પડશે પણ તેથી કામ મૂકી દેવાશે નહીં. આપણે રાજ્યની શુદ્ધિ કરવી છે—લોકશાહીને ટકાવવી છે. એટલે વિરોધ પક્ષી બનવા કરતાં પ્રેરક–પૂરક બળોને ટેકો આપવો પડશે અને અનિષ્ટો સામે અહિંસક શુદ્ધિપ્રયોગો કરવા પડશે.



ચર્ચા–વિચારણા

શ્રી. દેવજીભાઈએ ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું: "શુદ્ધિપ્રયોગમાં સમાજ જાગૃતિ અને નૈતિક દબાણ આવતાં ખોટી પ્રતિષ્ઠા મેળવનારાં તત્ત્વોને દૂર ભાગવું પડે છે; નહીંતર અપમાનિત થવું પડે છે અથવા સુધરવું પડે છે.

શ્રી. પૂંજાભાઈ : "અત્યાર સુધી તો કાં તો જેની લાઠી તેની ભેંસનો કાયદો હતો કે જેની પીઠબળે માનવસમૂહ હોય તેની જીત થતી! આવા નિરાશ સમયે શુદ્ધિપ્રયોગ માનવમાં નવું બળ પ્રેરે છે. જેમ અગરબત્તી બળીને સુગંધ ફેલાવે તેવું શુદ્ધિપ્રયોગોનું છે.

હું મિંગલપુર શુદ્ધિપ્રયોગમાં ગયેલો. ત્યારે એ નામ મારા માટે નવું હતું. મને એમ થતું કે શ્રદ્ધાથી ભલે આ લંઘણુ કરૂં છું. પણ શું તેની અસર સરકાર ઉપર થશે ખરી! પણ, જેમ જેમ વિચાર કરતો ગયો તેમ તેમ શ્રધ્ધા સતર્ક બની અને જનજાગૃતિનો પરચો જોતાં સરકારને અસર થઈ. તેમાં પણ ખાંભડામાં જે જોયું તે અદ્દભૂત હતું. અમે ઉપવાસ કરીએ અને ખુન્નસ પ્રકૃતિના લોકોના હાજાં ગગડે. બે વર્ષની પ્રજા જાગૃતિ પછી તો ઘણી હાલાકીઓ અટકી ગઈ છે. એટલે શુધ્ધપ્રયોગથી જે નવું બળ મળે છે તે દરેકને ગમે તેવી હાલાકીઓ વખતે ન્યાય મેળવવા સહી લેવાનું બળ પ્રેરે છે."

શ્રી. બળવંતભાઈ : 'ગુજરાતમાં ભાલનળ કાંઠા પ્રયોગની અસર છે; સૌરાષ્ટ્રમાં રચનાત્મક કાર્યકર્તાઓની સમિતિના કારણે ન્યાયની આશા રહે છે પણ દેશના બીજા ભાગોમાં તેવું નથી! તો જલદી જલદી શુધ્ધિ પ્રયોગ સમિતિઓ ઊભી થવી જોઈએ."

પૂ. નેમિમુની : "કેવળ શુધ્ધ પ્રયોગ સમિતિથી કામ નહીં ચાલે અનુબંધ બળ પણ સાથે સાથે જોઇશે!"

પૂ. દંડીસ્વામી : "શુધ્ધિ પ્રયોગ પ્રત્યેની શ્રધ્ધા અને સ્થિતિ પ્રજ્ઞનું માર્ગદર્શન જરૂરી બની રહેશે."

શ્રી. બળવંતભાઈ : "શુદ્ધિ પ્રયોગ શુધ્ધ સંસ્થા દ્વારા થતો હોઇને એ બન્ને વાતોનો ઉકેલ આવી જાય છે. "જનજાગૃતિને ચરણે" પુસ્તક વાંચ્યા પછી મને આકર્ષણ થયું; પણ, ગુંદી અને નાનીબોરૂમાં

[૯]

શુદ્ધિ પ્રયોગનાં મૂળભૂત તત્ત્વો

સામુદાયિક અહિંસામાં શુદ્ધિપ્રયોગ અંગે આપણે વિચારી ગયા છીએ. અહીં શુદ્ધિપ્રયોગનાં મૂળભૂત તત્ત્વો કયાં છે, તે અંગે વિચાર કરવાનો છે. શુદ્ધિપ્રયોગોના કેંદ્રમાં વ્યક્તિ નથી પણ સમાજ છે. સામાન્ય રીતે પોતાની આસપાસના સમાજને એ રીતે શુદ્ધ કરવો કે તે બીજા માટે આદર્શરૂપે બને.

સમાજને કેન્દ્રમાં રાખો :

વ્યક્તિ ગમે તેટલી મહાન હોય કે ખરાબ હોય પણ તેના ઘડતરમાં
સમાજનો ફાળો છે; અને સમાજના ઘડતરમાં એ જ રીતે વ્યક્તિનો
ફાળો રહેલ છે. એટલે સમાજમાં જે દોષ આવ્યા તેમાં વ્યક્તિનો દોષ
પણ એટલો જ છે. એવી જ રીતે વ્યક્તિના ગુના માટે સમાજ મુખ્ય
જવાબદાર છે. વ્યક્તિ કેમ બગડી તેનો વિચાર કરવો જોઇએ; તેની
ઉપર જે ચોકી રહેવી જોઈએ તે રહી નથી. વ્યક્તિના દોષો જોઈ
ઘણીવાર સમાજ આંખ મીંચામણા કરે છે. સ્વાર્થ, લોભ, ભય
શેહશરમને લઈને અમુક દોષોને સમાજ ચલાવી લેતો હોય છે. ઘ
વાર એવી ગુનેગાર વ્યક્તિને ટેકો પણ અપાય છે. એટલે એક વ્યક્તિ
દોષ સમાજ વ્યાપી બની જતો હોઇને, તે વ્યક્તિને કાઢો તોયે
દોષ કાયમ માટે નીકળતો નથી. ઘણીવાર એક વ્યક્તિના દોષો કા
પણ દોષોની પરંપરા તો આવશે, તે સુધારણા કાયમી ટકશે
એટલે વ્યક્તિના દોષમાં સમાજનો દોષ માની સામાજિક દો
કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એવો ભાગ્યે જ કોઇ પ્રસંગ હશે
વ્યક્તિના દોષમાં સમાજ જવાબદાર ન હોય!

પાલણપુરનો પ્રસંગ એનો નમૂનો છે. તે વિષે અગ
કહેવાઇ ગયું છે. એક યુવાન સત્તર વર્ષની કન્યાને તેની માએ

[illegible]
અનેક આવી ભૂલો કરેલી. [illegible] લાગ્યા. [illegible]
કરેલા. કેટલાકમાં ડૉક્ટરને કહેવાની કે પડકારવાની નૈતિક હિંમત નહીં;
ત્યારે આવા પ્રશ્નો [illegible] તો [illegible] ને? એટલે [illegible]
પ્રશ્ન આવ્યો! એટલે તે લીધા.

ડૉક્ટરે કબૂલ કર્યું કે મારી ભૂલ થઈ છે. એટલે પંચે પ્રાયશ્ચિત આપ્યું. ડૉક્ટરે એનો સ્વીકાર કર્યો, પણ ઘરે ગયા પછી સમાજનાં કેટલાંક તત્ત્વોએ એને અટકાવ્યો. ઘણાં આર્થિક હિતથી તો ઘણાં સત્તાના હિતથી સંકળાયેલાં હોય છે. કેટલાક પોતે પાપ કરતા હોય છે; એટલે એકબીજાની ભૂલો ઢાંકે છે. સમાજનો ફેંસલો અપાઈ ગયા બાદ ડૉક્ટર ફરી ગયો તેણે કહ્યું કે પ્રાયશ્ચિત નહીં લઉં થાય તે કરી લો!

સમાજના બે ભાગ થઈ ગયા. સમાજના મોટા વર્ગે શુદ્ધિપ્રયોગને ટેકો આપ્યો પણ એક વર્ગે વિરોધ કર્યો. તેમને લાગ્યું કે આ પ્રશ્નમાં જીત થાય તો આપણી નીચે પણ રેલો આવશે. એટલે રાજકીય વિરોધપક્ષોવાળા એમની સાથે થયા; આર્થિક હિતવાળા તેમની સાથે થયા; સંપ્રદાયવાળા એમની સાથે થયા અને મિત્રાચારીવાળા પણ સાથે થયા.

આમ જોઈએ તો વ્યક્તિ એક હતી પણ બીજી રીતે જોઈએ તો સમાજનો બહોળો ભાગ તેની સાથે હતો. કેટલાંક છાપાંઓ પણ તેમની પડખે હતાં. કેટલીક પત્રિકાઓ પણ બહાર નીકળતી. આ બાજુએ જે કાંઈ ક્રિયા થાય તેનો સામી બાજુએ વિરોધ થતો। જે થવું જોઈએ તે હદ બહાર થયું। પણ. ડોક્ટર પાસે નૈતિક આધાર ન હતો એટલે અંતે તેને નમવું પડ્યું। તેણે સ્વેચ્છાએ બે માસ નગર-નિકાલ સ્વીકાર્યો, તે એનાજ હિતમાં સારું થયું, નહીંતર કન્યાનો મામો તેને મારી નાખત।

આ પ્રયોગમાં મારી સાથે ત્યાંના સમાજનું બળ હતું અને બનાસકાંઠા ખેડૂત મંડળનું પણ પીઠબળ હતું. ભાલનળકાંઠા પ્રયોગનો સહયોગ તો હતો જ એટલે તેની ધારી અસર થઈ. આવા પ્રસંગોમાં શુદ્ધિપ્રયોગ જ અનિવાર્ય બને છે.

શુદ્ધિપ્રયોગ માટે સંસ્થાનો સંદર્ભ :

માણસ ન્યાય માટે અમૂક હદે જાય છે. પછી તેને ટેકો મળતો નથી; એટલે અટકી જાય છે. સરકારની મર્યાદા છે, કોર્ટોની મર્યાદા છે; મહાજનો કે ડાહ્યા માણસો પણ ટેકો આપતા નથી; એટલે માણસ થાકી જાય છે; પછી તે ઝનૂની બની કાયદો હાથમાં લે છે. તેનું ધાર્યું પરિણામ આવતું નથી.

શુદ્ધિપ્રયોગકાર માટે આ તત્ત્વ જાણવું ઘણું જરૂરી છે. આવા પ્રશ્નોમાં વ્યક્તિ મદદ કરે તેના કરતાં સંસ્થા મદદ કરે તો તેની સમાજવ્યાપી અસર પડે છે. શુદ્ધિપ્રયોગ વડે જનજાગૃતિ અને ગતિશીલતા બન્ને આવવાં જોઈએ. વ્યક્તિદ્વારા શુદ્ધિપ્રયોગ થતાં અંગત રાગદ્વેષ કે સફળતા મળતાં અહંકાર થવાની શકયતા છે. જ્યારે સંસ્થાના સંદર્ભમાં કરવાથી એનો યશ સંસ્થાને મળે અને રાગદ્વેષ ન રહે।

ભાવનગરમાં આત્મારામ ભટ્ટે શબ્દરચના હરિફાઈ સામે શુદ્ધિપ્રયોગ

ને [illegible] ગયા અને [illegible] થઈ ગઈ. [illegible] તેનું [illegible] નક્કી થઈ ગયું. [illegible] આપવાના માટે, [illegible] પાસે આ [illegible] સાથે [illegible] કરાવી. [illegible] ઉમ્મર લાયક થઈ ગઈ છે અને તે [illegible] કરી લેવું છે।

શરૂઆતથી જોયું તો ડૉક્ટરે આ એક જ ભૂલ નહોતી કરી; પણ અનેક આવી ભૂલો કરેલી. લોકો વાતો કરીને બેસી રહેતા. કેટલાક ડરતા. કેટલાકમાં ડૉક્ટરને કહેવાની કે પડકારવાની નૈતિક હિંમત નહીં; ત્યારે આવા પ્રશ્નો ફરીફરી તો લેવા જોઈએ ને? એટલે સહેજે એ પ્રશ્ન આવ્યો। એટલે તે લીધો.

ડૉક્ટરે કબૂલ કર્યું કે મારી ભૂલ થઈ છે. એટલે પંચે પ્રાયશ્ચિત આપ્યું. ડૉક્ટરે એનો સ્વીકાર કર્યો. પણ ઘરે ગયા પછી સમાજનાં કેટલાંક તત્વોએ એને અટકાવ્યો. ઘણાં આર્થિક હિતથી તો ઘણાં સત્તાના હિતથી સંકળાયેલાં હોય છે. કેટલાક પોતે પાપ કરતા હોય છે; એટલે એકબીજાની ભૂલો ઢાંકે છે. સમાજનો ફેંસલો અપાઈ ગયા બાદ ડૉક્ટર ફરી ગયો તેણે કહ્યું કે પ્રાયશ્ચિત નહીં લઉં થાય તે કરી લો।

સમાજના બે ભાગ થઈ ગયા. સમાજના મોટા વર્ગે શુદ્ધિપ્રયોગને ટેકો આપ્યો પણ એક વર્ગે વિરોધ કર્યો. તેમને લાગ્યું કે આ પ્રશ્નમાં જીત થાય તો આપણી નીચે પણ રેલો આવશે. એટલે રાજકીય વિરોધપક્ષોવાળા એમની સાથે થયા; આર્થિક હિતવાળા તેમની સાથે થયા; સંપ્રદાયવાળા એમની સાથે થયા અને મિત્રાચારીવાળા પણ સાથે થયા.

આમ જોઈએ તો વ્યક્તિ એક હતી પણ બીજી રીતે જોઈએ તો સમાજનો મોટો ભાગ તેની સાથે હતો. કેટલાંક છાપાંઓ પણ તેમની પડખે હતાં. કેટલીક પત્રિકાઓ પણ બહાર નીકળતી. આ બાજુએ જે કોઈ ક્રિયા થાય તેનો સામી બાજુએ વિરોધ થતો! જે થવું જોઈએ તે હદ બહાર થયું! પણ, ડૉક્ટર પાસે નૈતિક આધાર નહોતો એટલે અંતે તેને નમવું પડ્યું! તેણે સ્વેચ્છાએ બે માસ ગામ-નિકાલ સ્વીકાર્યો. તે એના જ હિતમાં સારું થયું. નહીંતર કન્યાનો ભાઈ તેને મારી નાખત!

આ પ્રયોગમાં મારી સાથે ત્યાંના સમાજનું બળ હતું અને બનાસકાંઠા ખેડુત મંડળનું પણ પીઠબળ હતું. ભાલનળકાંઠા પ્રયોગનો સહયોગ તો હતો જ એટલે તેની મોટી અસર થઈ. આવા પ્રસંગોમાં શુદ્ધિપ્રયોગ જ અનિવાર્ય બને છે.

શુદ્ધિપ્રયોગ માટે સંસ્થાનો સંદર્ભ :

માણસ ન્યાય માટે આગળ વધે જાય છે. પછી તેને ટેકો મળતો નથી; એટલે અટકી જાય છે. સરકારની મર્યાદા છે, કોર્ટોની મર્યાદા છે; મહાજનો કે સારા માણસો પણ ટેકો આપતા નથી; એટલે માણસ થાકી જાય છે; પછી તે ઝનૂની બની કાયદો હાથમાં લે છે. તેનું ધાર્યું પરિણામ આવતું નથી.

શુદ્ધિપ્રયોગકાર માટે આ તત્ત્વ જાણવું ઘણું જરૂરી છે. આવા પ્રશ્નોમાં વ્યક્તિ મદદ કરે તેના કરતાં સંસ્થા મદદ કરે તો તેની સમાજવ્યાપી અસર પડે છે. શુદ્ધિપ્રયોગ વડે જનજાગૃતિ અને ગતિશીલતા બન્ને આવવાં જોઈએ. વ્યક્તિદ્વારા શુદ્ધિપ્રયોગ થતાં અંગત રાગદ્વેષ કે સફળતા મળતાં અહંકાર થવાની શક્યતા છે. જ્યારે સંસ્થાના સંદર્ભમાં કરવાથી એનો યશ સંસ્થાને મળે અને રાગદ્વેષ ન રહે!

ભાવનગરમાં આત્મારામ ભટ્ટે શબ્દરચના હરિફાઈ સામે શુદ્ધિપ્રયોગ

કર્યો. પરિણામે અમૂક હદ સુધી તો સફળ થયા; પણ પછી અમુક હદે જઈને તે વાત અટકી પડી. જો તેની પાછળ સંસ્થા હોત તો એ વસ્તુ કાયમી ટકત.

એવો જ બીજો પ્રયોગ એમણે ગઈ સાલ કર્યો. એ એક રૂપે શુદ્ધિપ્રયોગ જ હતો. પણ નામ તેમણે જુદું જ આપ્યું હતું. અમૂક જગ્યાએ અમૂક સમય સુધી ઊભા રહેવું અને મૌન સત્યાગ્રહ કરવો. ત્યાંના વેપારીઓ ખાંડના કાળા બજારમાં ભળ્યા હતા. એક વર્ષ સુધી એ પ્રયોગ ચાલ્યો; ઘણા પ્રયત્નો થયા પણ પરિણામ ન આવ્યું એટલે આમરણાંત ઉપવાસનું નક્કી કર્યું. છેવટે લવાદને કામ સોંપાયું. આ પ્રશ્ન પણ વ્યકિતએ લીધેલો એટલે અમુક હદે જઈને અટકી ગયો.

સત્યાગ્રહ અને શુદ્ધિપ્રયોગ એ એવાં બળો છે જે સમાજને ગતિ આપે છે પણ એ બન્ને પ્રયોગોમાં જે મૂળભૂત અંતર છે તે જરૂર સમજવું જોઈએ. એટલે શુદ્ધપ્રયોગ દ્વારા ખાસ કરીને સમાજને કેન્દ્રમાં રાખીને સંસ્થા દ્વારા પ્રયોગ કરીએ તો ગતિશીલતા વધે; વસ્તુ અટકી ન જાય !

હમણાં જાણુવા મળ્યું છે કે, સાળંગપુરમાં એક બીજો શુદ્ધિપ્રયોગ થયો હતો. ત્યાં સ્વામી નારાયણ સંપ્રદાયના હનુમાન મંદિરની ગોચર જગ્યા મંદિરના સ્વાર્થી તત્વોએ ખેડાવી નાખી. ખેડુતોના ગાય બળદ માટે એ જગ્યાનો મનસ્વી ઉપયોગ ન થાય માટે મંદિરની સામે શુદ્ધિપ્રયોગ થયો. તેમણે ભૂલ કબૂલી અને બન્ને પક્ષે સુંદર પરિણામ આવ્યું. પણ જો એ પ્રયોગ વ્યક્તિ મારફત થયો હોત જીત મળ્યા પછી ખેડૂતો ટકત નહીં. સંસ્થા હતી એટલે કાયમી બળ મળ્યા કર્યું. હમણાં ત્યાંની જગ્યામાં કોઈ હનુમાનની મૂર્તિ સ્થાપી ગયું. એને કોણ ઉઠાવે ! ખેડૂત મંડળના ભાઈઓ ગયા. તેમણે મૂર્તિનું બીજે પ્રતિષ્ઠાપન કર્યું. આની પાછળ સંસ્થાનું બળ ન હોત તો આ ધર્મની વાત હતી એટલે બધામાં ધર્મ–ઝનૂન વ્યાપત અને વ્યકિત ટકી ન શકત ! પણ અહીં

સંસ્થા હોઇને બન્નેને પાછા હઠવું પડે । સંસ્થા બધી જાતની કાળજી
રાખી શકે ? એટલે સંસ્થા દ્વારા જ શુદ્ધિપ્રયોગ થવો જોઈએ અને તે
પણ સમાજને લક્ષમાં રાખીને થવો જોઈએ.

અનિષ્ટોનું મૂળ ક્યાં છે ?

ત્રીજો મુદ્દો એ છે કે અનિષ્ટોનું મૂળ ક્યાં છે, તે પણ જોવું
ઇએ. ઘણીવાર વ્યક્તિમાં અનિષ્ટો હોય છે તેમ રાજ્ય પણ અનિષ્ટોને
ળખડતું હોય છે। અથવા અનિષ્ટોનું ઉત્પાદન કરનાર બને છે.

વિનોબાજીએ જગન્નાથપુરીના સમ્મેલન વખતે એક પ્રવચનમાં
કહ્યું હતું કે "કોંગ્રેસ પણ કદાચ એવી સ્થિતિએ આવતી રહી છે કે
તે અહિંસાની દિશામાં ખડકની જેમ આડે આવીને ઊભી રહે।"

હું કોંગ્રેસના બે ભાગ પાડું છું. એક સ્વરાજ્ય પહેલાંની કોંગ્રેસ
અને બીજી સ્વરાજ્ય પછીની કોંગ્રેસ। જે પહેલાંની હતી તે તપ-ત્યાગ
વાળી હતી. હવેની સત્તા અને ધન લાલસા વાળી છે. હવે તેમાં
સંશોધન કરી જે સારાં તત્ત્વો છે તેને પ્રતિષ્ઠા આપો અને તેમાં
હતાશા ન આવે તે રીતે ધીરે ધીરે પૂરક અને પ્રેરક તત્ત્વો ઉમેરી દો।
તપ અને ત્યાગનું બળ તો આ દેશમાં છેજ. પણ ગામડાં અને શહેરોના
પ્રશ્નો આવે છે ત્યારે શહેરનો બુદ્ધિશાળી વર્ગ એ વિકસતાં ગામડાંને
પાછાં પાડી દે છે.

બીજા દેશોની ક્રાંતિને આપણે જોઈએ તો ત્યાં જે લોકશા
છે તે લગભગ મૂડીવાદી ટાઈપની લોકશાહી છે. બ્રિટન, ફ્રાં
ા ઇતિહાસ તપાસતાં એ જણાઈ આવશે કે ત્યાં લાગવગિયા
વાદીઓજ આગળ આવી ગયા છે. ભારતમાં એવું ન થાય
સ જોવાનું છે. તેમાં પણ શહેરો ગામડાંને કચડી ન નાંખે એ
ાન રાખવાનું છે.

લોક-લક્ષી લોકશાહી એટલે લોકોને—જે ભારતમાં મોટા
ાંમાં ફેલાયેલ છે—લક્ષમાં રાખીને વિકસતી લોકશાહી.

[illegible] ત્યારે [illegible] થયા. [illegible] દેશોના [illegible] આવે છે. આવા પ્રસંગે ઘણી વિરોધી [illegible] મેળવવામાં આવે છે. પરિણામે આથી, મુંબઈ અને ગુજરાતની ચળવળ વખતે સામ્યવાદીઓ તક જોઈને એ આંદોલનમાં ભળી ગયા અને તેમણે પોતાનું સ્થાન જમાવી દીધું. એટલે જ શુદ્ધિપ્રયોગમાં આ બાબતને સ્થાન નથી; પણ કાનૂન-સંશોધન થાય તેવી પ્રક્રિયા ઊભી કરવી જોઈએ.

આમ શુદ્ધિપ્રયોગમાં ત્રણ બાબતો ધ્યાનમાં રાખવાની છે:- (૧) સમાજને કેંદ્રમાં રાખવો. (૨) સંસ્થા દ્વારા પ્રયોગ કરવો; તેમજ (૩) અનિષ્ટનાં મૂળને શોધી તેને ટેકો ન આપવો તેમજ કાનૂન ભંગ નહીં પણ કાનૂન સંશોધનની દૃષ્ટિ રાખીને શુદ્ધિપ્રયોગો થવા જોઈએ.

ત્રિવિધ જાગૃતિ :

ઘણીવાર કોઈ સંસ્થા પાછળ હશે અને વ્યક્તિ આગળ હશે એવા શુદ્ધિપ્રયોગો પણ કરવા પડશે. સાણંદમાં શુદ્ધિપ્રયોગ વખતે સંસ્થા હતી પણ વ્યક્તિને મુખ્ય બનાવી હતી. આવે વખતે ત્રિવિધ જાગૃતિ રાખવી જોઈએ.

(૧) પ્રયોગમાં, ગુનેગાર પ્રતિ અંગત રાગદ્વેષવાળા ન ભળે;

(૨) ભાષામાં જરાયે હિંસા ન આવે.

(૩) ગુનેગાર કે તેના પક્ષકારને આર્થિક કે શારીરિક સજા ન થાય.

સાણંદમાં શુદ્ધિપ્રયોગ થયો ત્યારે ત્યાં કેટલાક બળો; જેમની સામે પ્રયોગ થયો તેની વિરૂધ્ધનાં હતાં. કેટલાક

કોંગ્રેસ-વિરોધી પણ હતા. આ બધાંને ટાળવા પડ્યા. એક માણસ શ્રી. ક.ની પત્રિકા લઈને આવ્યો અને કહે કે મારે તે લોકોનો વિરોધ કરવો છે. કાર્યકરને ખબર પડી ગઈ એટલે કહ્યું કે પત્રિકા નહીં આપું. આમાંથી બધી કાળજી રાખવા છતાં ક્યારેક કોંગ્રેસને ટેકા મળે તેવું વર્તન અજાણ્યે કેટલાક લોકો વડે થઈ જાય છે.

તે વખતે પ્રાયોગિક સંઘવાળાઓની સભા હતી. આમ્નાયથી લોકોને વેદીઓ સ્પર્શ કર્યો હતો. તે વખતે મણિબેન પટેલવાળાઓ વિરોધ કરવા લાગ્યા. એટલે મહાજનો પેલા કેટલાક ઉશ્કેરાઈને તેમને પેસી ગયા. બેંગાળિયા સાથે થઈ. પ્રાયોગિક સંઘના કાર્યકરો ત્યાં પહોંચી ગયા અને તેમને રોકવ્યા. તે છતાં તેમણે બહાર જઈને ખોટો પ્રચાર કર્યો કે પ્રાયોગિક સંઘવાળાઓએ અમારા ઉપર હુમલો કરાવ્યો. તેવા પ્રસંગે પણ વિરોધરૂપે આપણી હિંસા ન થાય તે ધ્યાન રાખવું રહ્યું.

માણસાપુર શુદ્ધિપ્રયોગ વખતે પણ આવું બનેલું. મંદિરવાળાઓ ઉપર જમાગીરી આવી એટલે તેમણે પ્રચાર કર્યો કે ખેડૂત મંડળવાળાનું એ કામ છે. સરકારે તપાસ કરાવી પણ ખોટું નીકળ્યું. જ્યાં પવિત્ર મંદિરો હતાં હોય ત્યાં સ્વાર્થી હિતવાળા કે વિરોધીઓ આક્રમણો નાખવાના જ. એ વખતે વિચાર કરી ડર્યા વગર કાળજીથી કામ લેવું જોઈએ.

અનુબંધ હોવો જોઈએ :

બીજું તત્ત્વ પણ આવશ્યક છે. તે છે શુદ્ધિપ્રયોગમાં અનુબંધની કાળજી રાખવાની. અનુબંધ એટલે, શુદ્ધિપ્રયોગ કરતાં, રચનાત્મક કાર્યકરોનો ટેકો ન હોય, કોંગ્રેસનો ટેકો ન હોય, લોકસંગઠનોનો ટેકો ન હોય; તો એવો સંસ્થાગત પ્રયોગ થાય પણ તેમાં પૂર્ણ સફળતા મળશે નહીં। કદાચ મળે તો તેની અસરકારકતા નહીં રહે.

સાણંદના પ્રયોગમાં આવું જ થયેલું. ત્યાં પ્રિય નેમિમુનિ એક શાંતિપ્રિય સાધુ તરીકે ગયા; પ્રાયોગિકસંઘ જેવી ૨૦ કાર્યકરોની સંસ્થા

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેઓ પૈસા આપવા તૈયાર થયા; નહીં ગુનેગાર [illegible] નહીં [illegible] શબ્દમાં આપવાં પડ્યાં અને તેઓએ તેમનાં [illegible] નાખ્યું! પણ, પૈસા ગુનેગાર તરફથી પાછા ન મળ્યા! અને તે વખતે ઉપરનાં અંગોનો સાંગોપાંગ અનુબંધ હોત તો પૈસા પણ તરત મળત! તેની અસરકારકતા હંમેશ માટે રહેત.

આજે ત્યાં યદિપ બાળમંદિર બરાબર ચાલે છે; લોકો જાગૃત થયા છે અને વસ્તુને ઓળખતા ગયા છે! તેઓ એ પણ જાણે છે કે ત્યાં કોંગ્રેસ અને રચનાત્મક કાર્યકરોએ લીધેલ વલણ બરાબર નથી. તે છતાં પણ અનુબંધવાળી સંસ્થા તરીકે પ્રાયોગિક સંઘે અને ગ્રામસંગઠને ચૂંટણી વખતે કોંગ્રેસને જ ટેકો આપ્યો! જો કે આજે ત્યાં કામ બરાબર ચાલે છે પણ અનુબંધ વિચારધારા પ્રમાણે કોંગ્રેસ અને સર્વોદયી લોકસેવકોને ગળે તે વખતે વાત ન ઉતરતાં તેની અસરકારકતા ઊભી નથી થઈ!

આમ આ શુદ્ધિપ્રયોગોમાં ક્યાં સફળતા મળી, ક્યાં નિષ્ફળતા મળી તેનું પૃથક્કરણ કરવું પડશે અને ઉપરના શુદ્ધિપ્રયોગનાં મૂળભૂત પાંચ તત્ત્વોના આધારે કાર્ય આગળ ધપાવવું પડશે.

☆

ચર્ચા-વિચારણા

શ્રી. દેવરુભાઈએ ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું: "ગામોગામ નૈતિક લોક-સંગઠનો અને શહેર શહેરમાં પણ જનસંગઠનો નથી થતાં ત્યાં લગી કોંગ્રેસનો શુદ્ધિ પ્રયોગ કેળવવામાં તેમજ કોંગ્રેસને પણ શુદ્ધ બનાવવામાં અડચણ રહેવાની. કારણ કે ગામડાના લોકસેવકોની સંસ્થાનું વ્યવસ્થિત સંગઠન નથી ને કાર્યકરો આવા પ્રશ્નો પ્રત્યે આંખમીંચામણા કરીને ચાલે છે. લોક માર્ગદર્શન જો નૈતિક બાજુએ આવે તો કોંગ્રેસમાંથી જ લોકસેવક-સંગઠન ઊભું થઈ શકે. ચારેય અવસ્થાનો અનુભવ જે શુદ્ધિપ્રયોગમાં મુખ્ય દોષો દેખાય છે."

શ્રી. પૂંજાભાઈ: "શુદ્ધિપ્રયોગ આપણી પાસે અગત્યનું આવ્યો છે. ઘરમાં કોઈ બાપ નહીં તો કદાચ બેટા પણ ન ખાય, અથવા ગામમાં કોઈ પૈસા ન આપે તો વાણિયો દાતણ-પાણી લઈને બેસે છે. આ વાતો શુદ્ધિ પ્રયોગમાં ન આવે. ત્યાં બદલો લેવાનો છે ત્યારે શુદ્ધિપ્રયોગમાં એવું નથી. શુદ્ધિપ્રયોગમાં સામી વ્યક્તિ કે સમાજનાં ભૂલો વગેરે માટે પોતાનું તપોમય બલિદાન હોય છે. ત્યાં પ્રાર્થના-ઉપવાસ, શાંતિમય માર્ગો બધું પ્રાપ્ત પણ બદલો કે દ્વેષની ભાવના ન હોય! આજે બદલો લેનાર કે ગુના કરવામાં ટેવાયેલાને આ વાતો ગળે ન ઉતરે પણ ગરીબોને ન્યાય આપવા માટે આ અસરકારક સાધન છે. આ યુગ વ્યક્તિનો નથી પણ સંસ્થાનો છે. એટલે સંસ્થાગત જો શુદ્ધિપ્રયોગ કરીને સમાજની શુદ્ધિ અને સફાઈ કરવામાં આવે તો તેની ભારી અસર ઉપજે તેમ છે."

શ્રી. ભગવંતભાઈ: "ઘણાને એમ લાગતું હશે કે સાણંદમાં જે વ્યક્તિઓએ છડેચોક અનર્થ કર્યો હતો તેમનું હૃદય પરિવર્તન શુદ્ધિ પ્રયોગથી ન થયું; પણ લોક જાગૃતિ તો આવી છે. સમય પસાર થાય છે તેમ આગાઉ ટેકો આપતા તેવા કોંગ્રેસીજનો પણ તેમનાથી દૂર થતા જઈ રહ્યા છે; તેમજ દબાણ આપતાં નરમાશ વધતી જાય છે.

ચોમેર નૈતિક સંગઠનો હોય અને સંસ્થાનો અનુબંધ હોય તો અસરકારકતા તરત દેખાય નહીં તો મોડું થાય. બાકી શુદ્ધિપ્રયોગ સંપૂર્ણપણે સફળ હથિયાર છે. વેર–ડંખ કે ટોળાંશાહી સિવાય તે દરેક પ્રકારનાં અનિષ્ટોને પ્રેમથી કાઢી શકે છે. લાગવગશાહી કે મૂડીવાદના પ્રભુત્વમાં રાચતો માણસ ન્યાય મેળવી શકતો નથી. ત્યારે શુદ્ધિપ્રયોગથી ગરીબને સાચો ન્યાય મળવાની શક્યતા મોટી છે.''

શ્રી. દેવજીભાઈ : "ભચાઉમાં કણબી જ્ઞાતિ અને ઓસવાળ જ્ઞાતિના લોકોએ ચા મૂકી. ત્યાં શ્વે. મૂર્તિ સાધુઓનું ચોમાસું હતું તેમને એ ન ગમ્યું. થોડાંક માણસો વિરોધમાં પડ્યા. એકે તો હઠ પકડી. અંતે શુદ્ધિપ્રયોગ થયો. બે જણના ત્રણ ઉપવાસ અને બે જણના બે ઉપવાસ થતાં સૌને સમજ પડી ગઈ. અંતે સત્ય બહાર આવ્યું. લોકો સત્યને જલદી પકડી લે છે–પછી અસત્યને ટકવું મુશ્કેલ બને છે. એટલે શુદ્ધિપ્રયોગ સમાજમાં જાગૃતિ લાવે છે અને સત્યનું ભાન કરાવે છે. તેથી અસત્યના પાયા ડગમગી ઊઠે છે!''

[આ પછીની ચર્ચાનો ભાગ હવે પછીના પ્રવચનોને અનુરૂપ હોઈ ત્યાં લેવામાં આવેલ છે. સં.]

(તા. ૨૯–૯–૬૧)



[૧૦]

શુદ્ધિ પ્રયોગ અને લવાદી તત્ત્વ

માણસના જીવનમાં બે ભૂખ છે—રોટલાની અને ન્યાયની. ન્યાયની ભૂખમાંથી લવાદનો પ્રશ્ન આવે છે અને રોટલાની ભૂખમાંથી ન્યાયોચિત આર્થિકતાનો પ્રશ્ન આવે છે. આ બે બાબતોમાં જ્યારે કોઈ વિઘ્ન આવે છે, ત્યારે સામાજિક અશાંતિ ઊભી થાય છે. આ અશાંતિને દૂર કરવા માટે સમજૂતી, સમાધાન, લવાદ અને સૂચના-પત્ર તેમજ પછી ક્રમશઃ શુદ્ધિપ્રયોગ આવે છે. આ અહિંસા સુધી પહોંચવાની રીત છે. હિંસક રીતમાં લડાઈ, મારામારી, ખૂન, લૂંટ વગેરે આવે છે. પણ, હિંસક સાધનો વડે જગતમાં હિંસા વધે છે. એટલે અહિંસક સાધનોનો વિચાર કરવામાં આવે છે.

લવાદ માટે ભૂમિકા :

હવે પ્રશ્ન એ છે કે શું શુદ્ધિપ્રયોગમાં લવાદને સ્થાન છે? જો તો કઈ ભૂમિકાએ? ન્યાય મેળવવા માટે શુદ્ધિપ્રયોગ થાય છે. પણ તે પહેલાં જેને અન્યાય થયો હોય તેના મનમાં ડંખ ન રહેવો જોઈએ. તેને સમાધાન મળવું જોઈએ, તે માટે સમજૂતી થાય તો વધારે સારું છે. ત્યારબાદ લવાદ નીમો કે પંચ ફેંસલા દ્વારા ન્યાય કરો તે યોગ્ય થશે. જો ડંખ રહેશે તો અન્યાય કર્તા અને અન્યાય પીડિત વચ્ચે મહોબ્બત પેદા કરવી છે, તે થશે નહીં.

જૈન પરિભાષામાં સાધર્મી વાત્સલ્ય શબ્દ આવે છે. તેનો ઉત્કૃષ્ટ અર્થ એ પણ છે કે બધા સાથે બેસે અને જમે. શુક્રવારની નમાજ દરેક મુસલમાન સાથે પઢે; રવિવારની પ્રાર્થનામાં દરેક ખ્રિસ્તીઓ સાથે ભજે. એનો અર્થ એ છે કે શોષિત કે શોષક બન્ને સાથે બેસે એ ભૂમિકા આવવી જોઈએ. તે માટે ડંખ કાઢવો જોઈએ. તેમ ન થાય તો નિમિત્ત મળતાં શોષિત સ્પ્રીંગની માફક ઊછળે છે.

હતી. જો ભાગ ઉપર જોર દેવામાં આવે તો મૂળ મુદ્દો માર્યો જાય. અંતે લવાદે થોડું વધારે નક્કી કર્યું. તે ગણોતિયાઓને મંદિરે આપવું પડયું.

શુદ્ધિપ્રયોગ એટલા માટે થાય છે કે અન્યાયની પ્રતિષ્ઠા ન થવી જોઈએ અને સમાજ લાચાર ન બની જાય! પણ જ્યાં સમાજ વ્યવસ્થિત ન હોય ત્યાં પ્રશ્ન ગુંચવાય છે એટલે સિદ્ધાંતને વાંધો ન આવે ત્યાં લવાદ થઈ શકે છે. પણ જ્યાં મૂળભૂત વાંધો હોય, સમાજ ઉપર ખોટી અસર ઊભી થતી હોય તો લવાદનો સાફ ઈન્કાર કરવો જોઈએ! પૈસા અંગે બન્ને વચ્ચે ન્યાયપૂર્ણ અને સમજુતી યુક્ત નિકાલ, માટે લવાદ નીમી શકાય છે.

અમદાવાદમાં મજૂરો ને અન્યાય થતો હતો ત્યારે ગાંધીજીએ પ્રશ્ન ઉપાડ્યો. તેમણે મજૂરોને કહ્યું કે તમને ન્યાય મળે તેવી ભૂમિકા ઊભી થશે; પણ તમારે સંગઠન કરવું પડશે. પછી સભા થઈ. મીલો બંધ પડી. મીલમાલિકોનું સંગઠન હતું પણ મીલમજૂરો વેર–વિખેર હતા. તેમાંથી કેટલાક લાલચમાં પડ્યા; કેટલાક બહાર રહ્યા અને હડતાલ તૂટવાનો ડર આવીને ઊભો રહ્યો. તે વખતે મજૂરોની અંતઃશુદ્ધિ નિમિત્તે ગાંધીજીએ ઉપવાસ કર્યા. ગાંધીજી માટે મીલમાલિકો તરફથી અંબાલાલ સારાભાઈ વગેરેને માન હતું. ઘણા મીલમાલિકોના મનમાં શંકા હતી કે ગાંધીજી તટસ્થ હોવા છતાં મજૂરોનો પક્ષ લેશે! અનશન શરૂ કર્યું ત્યારે અંબાલાલભાઈ જેવાને પણ લાગી આવ્યું કે બાપુ મજૂરોનું ખેંચે છે! મજૂરોમાંથી પણ ઘણા ખસી જવા માગતા હતા, ગાંધીજીના આ પ્રયાસોથી તે નારાજ થયા! અહીં ગાંધીજીની વિચિત્ર પરિસ્થિતિ હતી. બન્ને પક્ષો તેમને એકબીજાના પક્ષકાર માનતા હતા. અંતે અંબાલાલભાઈ, અનસુયાબેન, શંકરલાલ બેંકર જેવાના પ્રયત્નોથી બન્ને પક્ષ માટે ગાંધીજીએ આનંદશંકર બાપુભાઈ ધ્રુવને લવાદ નીમ્યા. તેમનો ફેંસલો બન્ને પક્ષે માન્ય રાખ્યો.

આ એક વિચિત્ર સંયોગજ હતો! ત્યારે પ્રસંગ વશ લવાદની

નીમણુંક ચલાવી શકાય છે. મજૂર મહાજન અને મીલમાલિક મંડળ વચ્ચે લવાદ નહોતું. પણ વળતર કેટલું આપવું; હડતાલનું વળતર આપવું કે ન આપવું; તેમજ મજૂરોની ભૂલો વગેરે વિચારનારૂં મધ્યસ્થ-પંચ જેવું હતું.

પૈસાની આવી બાબતો હોય; બન્ને પક્ષો તરફથી પૈસા ખવાઈ ગયા કે ચવાઈ ગયા; એવી વાતો આવતી હોય તો તેના સમાધાન માટે લવાદને નીમો. આવી લવાદીમાં પણ શારીરિક સજાથી દૂર રહેવાય તે ફેંસલો વધારે ઉત્તમ છે. અન્યાય પીડિતને ડંખ ના રહે અને સંતોષ થાય તો પણ શારીરિક સજા ન થવી જોઈએ. પણ જે ગયું છે જે ક્ષતિ (નુકસાની) થઈ છે, તેનું વળતર મળવું જોઈએ. તે ન મળે તો ડંખ જાય નહીં. અંતે તો ડંખ કઢાવી, ગુનેગાર સામાજિક જીવન જીવતો બને તેવી સ્થિતિ સર્જવી જોઈએ. અન્યાયીનું હૃદય પણ નીચું પડે છે. તેની શુદ્ધિ થાય તો સૌનું ભલું થાય છે!

લવાદ શુદ્ધ હોવો જોઈએ :

લવાદ માટે અંગ્રેજીમાં "આરબીટ્રેટર" શબ્દ વપરાય છે તેનો અર્થ મધ્યસ્થ કે બીચબિચાવ કરનાર એવો થાય છે. તે બન્ને પક્ષને માન્ય હોય કે નહીં તે અંગે કેટલીક વખત ધ્યાન અપાતું નથી. તેમજ તેના ફેંસલામાં કોને કેટલું દુઃખ થાય છે; ડંખ રહે છે તેનો ખ્યાલ ઓછો રખાય છે. એ લગભગ આજની ન્યાય પદ્ધતિ ઉપર ચાલે છે. ત્યારે લવાદ બન્ને પક્ષને માન્ય હોવો જોઈએ તેજ શુદ્ધ હોય છે. લવાદની શુદ્ધિ ગાંધીજીએ આનંદશંકરભાઈ ધ્રુવની નિમણુંકથી કરી બતાવી. આ લવાદ કોઈને અન્યાય થયો છે કે નહીં; તે તપાસી શકે. જેમકે પંજાબી સુબાના પ્રશ્નમાં શીખોને અન્યાય થયો છે કે નહીં; પણ ચીને છડેચોક આક્રમણ કર્યું હોય ત્યાં લવાદની વાત કરીએ તો મૂળભૂત તત્વોજ મરી જશે. એક દાંડ માણસ કોઈના નાણાં પચાવી બેઠો હોય પછી કહે કે લવાદ નીમો, હું ફેંસલો માન્ય કરીશ; તેના જેવીજ આ વાત છે. ઘણીવાર ઉપરની સુફીયાણી વાતોથી

દીંગાઈ ને ટેકો મળી જાય છે. કાશ્મીરના પ્રશ્નમાં આક્રમણ બંધ કર્યા જ લવાદની વાત પાકિસ્તાન કરી શકે!

દ એટલે પંચ :

લવાદ એટલે પંચ. મધ્યસ્થ અને તટસ્થપણું! અગાઉ આપણે 'પંચ બોલે તે પરમેશ્વર' એમ મનાતું. અગાઉ આવા પંચ તરીકે ગણાતો. અને મને લાગે છે કે તે કાળે રાજાના જે પાંચ કર્તવ્યો તે ઉપરથી જ 'પંચ' શબ્દ આવ્યો છે. રાજાનું કર્તવ્ય હતું :—

दुष्टस्य दंडः सुजननस्य पूजा, न्यायेन कोषस्य च संप्रवृद्धि.
अपक्षपातो, निजराष्ट्र चिंता, पंचापि धर्मा नृप पुंगवानाम्

એટલે કે દુષ્ટને દંડ મળે જેથી પીડિતને ડંખ ન રહે, અન્યાયની ષ્ઠા ન થાય, ન્યાય છતે છે તેની સમાજને ખાત્રી થાય, ન્યાયથી વૃધ્ધિ થાય; સજ્જનતાની પ્રતિષ્ઠા થાય, આર્થિક વિ. બાબતો અંગે ક્ષપાત રહે તેમજ રાષ્ટ્રહિત ચિંતન થાય, જેથી અનિષ્ટો દૂર શકાય. એ પાંચ રાજાના ધર્મ છે.

રાવણ સીતાજીને હરી ગયો. તેમને પજવ્યાં છતાં સીતાને ડંખ રહ્યો કારણ કે તેમના પતિ રામ હતા. વળી રાજ્ય રાવણના જ ઈ વિભીષણને આપ્યું હતું. પણ દુર્યોધને જે કાર્યવાહી કરી દુઃશાસન રા ચોટલો પકડીને દ્રૌપદીને લાવવામાં આવી; તેનું દુઃખ દ્રૌપદીને હું, તેનો પડઘો પાંડવોમાં પડ્યો હતો. આ ડંખ કઢાવવા માટે હાભારતનું યુધ્ધ થયું! આ ડંખ કેવળ એક નારીનો ન હતો પણ ાખા સમાજની નારીઓનો હતો! જો તે ન નીકળત તો સ્ત્રીઓની

કરવા ગયા હતા. બન્નેનો મેળ મળે તો સારું. અને પાંચ ગામ આપવા કહ્યું; પણ દુર્યોધન ન માન્યો. એટલે યુદ્ધ થયું!

ભારતમાં 'પંચ' કે ન્યાય તરીકે આગળ રાજા હતા. પછી ઋષિઓ, બ્રાહ્મણો અને ન્યાયમંત્રીઓ આવ્યા. આજે આપણે ત્યાં જે ન્યાય-પ્રથા છે તે પશ્ચિમમાંથી આવેલી છે. તેના ઉપર ખ્રિસ્તીઓ તેમજ મુસ્લિમ શાસકો બન્નેનો પ્રભાવ છે.

ન્યાયનો વિકાસ :

પશ્ચિમમાં ન્યાય આપવાનો વિકાસ થયો. ત્યાં રાજા સિવાય બીજી કોઈ સંસ્થા ન હતી. એટલે ન્યાયનું કામ રાજાને સોંપાયું!

ઈસ્લામમાં ખલીફાના રાજ્યમાં કાજી ન્યાય કરતા, ખલીફાનો દિકરો ભૂલ કરે તો તેને પણ સજા થતી એટલે કહેવાયું કે "કાજી દુબલે કયોં?" તો કહે "સારે શહરકી ફિકર!"

ત્યારે ખ્રિસ્તી ધર્મમાં રાજ્ય સર્વોપરિ હતું એટલે તે ન્યાય આપતું પણ ધીમે-ધીમે તંત્ર બદલાયું. ન્યાયનું તંત્ર ઊભું થયું. ન્યાય કોણ કરે? તો કહે કે તટસ્થ માણસોને સોંપવો એમને ન્યાયાધીશ કહ્યા. ત્યારબાદ વધુ વિકાસ થયો. ન્યાયાલયો થયાં-ફરિયાદી અને આરોપી પક્ષની વકીલાત માટે વકીલો થયા! આ છતાં પણ ન્યાયની અંતિમ સત્તા-દયા આપવી; એ રાજ્યના હાથમાં રહી.

પણ આ બધામાં જે ડંખ જવો જોઈએ તે જતો નથી. પરિણામે ન્યાયાલયો ઘણીવાર બુદ્ધિપૂર્વક દલીલોની જીતનું સ્થાન બને છે અને લોકો સમજે છે કે ન્યાય અમને મળતો નથી.

ડંખ કાઢવા માટે ભારતની સંસ્કૃતિમાં ઘણાં ઉજ્જવળ પ્રસંગો છે! જહાંગીરે ધોબણના દિલમાંથી ડંખ કાઢવા તેના હાથમાં બંદૂક આપીને પોતાને મારવાનું કહ્યું! તેની ધારી અસર થઈ. અને ધોબણના દિલમાંથી ડંખ જતો રહ્યો!

[illegible] जेवी रीते [illegible]
[illegible] जेवी सर्व रीते [illegible] पण [illegible] हती.
[illegible] [illegible]
[illegible] ले [illegible]
(आमा [illegible] थाय [illegible]
[illegible] शके.

[illegible] रीते [illegible]
[illegible]
[illegible] पण [illegible]
[illegible] शके नहीं.

[illegible] के नहीं ते [illegible]
[illegible]
[illegible]
[illegible] नहीं [illegible]
[illegible] सरकार अने [illegible]
[illegible] शके नहीं. [illegible]
[illegible] शके [illegible]
[illegible] शके [illegible]
[illegible] हतो. [illegible]

[illegible] तेनी [illegible]
[illegible] नाम न [illegible] पण शुं [illegible]
सरकारना जवाबदार अमलदारो [illegible] होय तो तेने [illegible]
आपनारने न मळे, त्यां शुं करवुं ? [illegible] होय [illegible] वगेरे [illegible]) [illegible]
माटे थोडी हिंसा थाय; (दा. पाणी, [illegible] एम माने छे के [illegible]
[illegible] आपघात न थाय. [illegible] थोडी हिंसा छे; पण [illegible]
हिंसामां नैतिक सामाजिक [illegible]

[illegible]

શ્રી માટલિયા : "[illegible]

[illegible] પ્રતિકાર કરી શકાય! [illegible]

[illegible] કરે. [illegible] માલિક નથી. [illegible] છે. તેમાં એક આદિવાસીએ સંકલ્પ કર્યો "[illegible] માફી જાહેરમાં માગી, પોતાના જીવનને સુધારવાની ખાતરી નહીં આપે તો હું ઉપવાસ ઉપર ઊતરીશ!"

બીજે જ દિવસે તે ગૂંડો નમી ગયો. [illegible] દાંડાઈ દૂર કરવા માટે [illegible] છે તેમ [illegible] નૈતિકબળ મદદમાં હોય તો જ તે અસરકારકપણું લાગી રહે."

શ્રી. શ્રોફ: "ઘણીવાર કોઈ માતબર સંસ્થા પણ દાંડાઈને સીધો કે આડકતરો ટેકો આપે તો શું કરવું?"

શ્રી. અંબુભાઈ: "નમ્રતા, સૌમ્યતા, ભૂલ સુધારવાની તૈયારી વગેરે સત્યાગ્રહીની શરતો છે. કેટલીકવાર આપણે દાંડાઈ માની લીધેલી હોય છે; તેમાં આપણો નિર્ણય ઉપલકિયો કે ઉતાવળો હોય છે. ક્યારેક પૂર્વગ્રહવાળો હોય છે. વળી વ્યક્તિગત રીતે લોકશ્રદ્ધા પણ જીતી લીધી હોતી નથી. આથી સંસ્થાના સંચાલનની નીચે આવા પ્રસંગો મૂકવા એ સલામત રસ્તો છે, જેથી ગફલત થતી હોય તે ચળાઈ જાય. વળી ખેડૂત મંડળ, એટલે કે નૈતિક ગ્રામ સંગઠન પ્રથમ અદાલત; તેના ઉપર પ્રાયોગિક સંઘની અદાલત અને ઉપર વિશ્વવત્સલ-સંઘની કલ્પના છે. અત્યારે તો મોટા ભાગે આ બધી અદાલતો ખૂબ છણ્યા બાદ ન્યાય થતા હોય છે–એવી સહજ સ્થિતિ હોય છે. (૬-૧૦-૬૧)



કે સમગ્ર [illegible] ઉપર [illegible] છે. [illegible] તેમજ [illegible] ગામડાંમાં [illegible] અમલ [illegible] કરવાનું છે. તે માટે તેના [illegible] ગ્રામમાં નૈતિક-સામાજિક [illegible] એટલી જ [illegible]. [illegible] શુદ્ધિપ્રયોગ એક અહિંસક સાધન છે; જે સામુદાયિક અહિંસાના પ્રચારમાં અમલકારક છે.

ચર્ચા – વિચારણા

શ્રી. માટલિયાએ આજની ચર્ચા શરૂ કરતાં કહ્યું :—આજનું પોલિસ તંત્ર પ્રજારક્ષી બન્યું નથી ત્યાં લગી નગરો અને ગામડાનું રક્ષણ લોકાવલંબી બનાવવા માટે પોલિસતંત્ર અને શુદ્ધિ પ્રયોગ બન્નેની વચ્ચેનું એક દળ જોઈશે। સરકારે જો કે ગૃહરક્ષકદળ અને ગ્રામરક્ષક દળ ઊભાં કર્યાં છે, તેમને હથિયારો પણ આપ્યાં છે પણ તે બીજી દૃષ્ટિએ; કે દાંડ તત્ત્વો સામે તે દળ ઉપયોગી થશે. આવાં દળો એકતરફ સરકાર સામે વધુ જોનારાં અને બીજી બાજુ દાંડ તત્ત્વો સાથે પણ સબંધિત રહેવાનાં. એનાં કારણે આજની ગ્રામ-પંચાયતોમાં જેમ માથાભારે લોકો સરપંચ બની જાય છે તેમ આમાં થવાનું. પણ જો ઠેર ઠેર નૈતિક ગ્રામ સંગઠનો, માતૃસમાજો, મજૂર સંગઠનોનું નૈતિક પ્રતિનિધિત્વ ઊભું થશે અને જિલ્લાવાર, તાલુકાવાર કે નાના વિભાગવાર શુદ્ધિપ્રયોગનું તત્ત્વ આવશે તો તેવો માણસ પ્રમાણમાં દાંડ નહીં રહી શકે. અને ધીરે-ધીરે અહિંસાનો અંકુશ પણ હિંસા ઉપર આવશે.

આનાં પરિણામે આપણે સપ્ત સ્વાવલંબનના કાર્યક્રમોમાં જે સ્વાવલંબી રક્ષા ઈચ્છીએ છીએ, તે આવવાની અને પોતાના ગામ કે નગરની બહેનોની ઇજ્જત રહે—શિયળ રક્ષાય તથા ગામ કે નગરની શાન વધે તેવું જ ગ્રામરક્ષકદળ કે નગર રક્ષકદળનાં માણસો કરશે. એજ રીતે તેને શુદ્ધિપ્રયોગની લાગણી થશે. તેમજ આપણી દૃષ્ટિએ લવાદનો કાર્યક્રમ ચાલશે. આજે તો ગ્રામપંચાયતમાં લવાદને પણ વગમાં તણાવું

થાય છે. ત્યારે લેખકભાઈઓના ... ... સંગઠનથી રહેવાના; કારણ ... પુખ્તવયની તાકાત રહેલી છે."
"તેમાંથી જ ... સિદ્ધાંત—નિષ્ઠા અને નૈતિક ... પ્રગટાવી હોય અને

શ્રી. દેવજીભાઈ : "એવાં લોકોની ... શક્તિ પ્રગટાવી હોય અને ... માર્ગદર્શન ... સંગઠન ... તેમ ... ઉપર ... ... તેની ... [illegible] ... હોય તો ... આ પ્રકરણ ... ... તો તે પ્રયોગ ... [illegible]."

શ્રી. બળવંતભાઈ : "આગળની ... પંચાયતો કે નગરની ... રાજ્યાશ્રયો અને જુદી જુદી ... ... પડશે!"
... ...

શ્રી. માટલિયા : ... ... પણ ... ... તેમનાં ... ... પરાધીન ... પ્રજા ... અને ... ... બનશે!"

શ્રી. પૂંજાભાઈ : "પૂ. ગુરુદેવ નાનચંદજીનું ચોમાસું ... ... વાળા ... ત્યારે ... ... હિંમત ન હતી. ... પણ ... ... માગે ... પડી જાય છે! ને કે ગુંડાઓ ... ઘણીવાર ગુંડાની સામે થનાર ... ... તેઓ ... નૈતિકબળ હોતું નથી, એટલે નૈતિકબળ ... ... સહન કરવું પણ ... તે માટે સંગઠિત થવું જરૂરી છે! ... કેટલાક ગુંડાઓએ ... ... જરૂરી છે. ... ... કેટલાક ... ... અને લોકો ... અને ... રોકયા. ત્યાં તેઓ ... ... નાસી ગયા. એટલે સંગઠન અને અહિંસા બન્ને જરૂરી છે.

શ્રી. બળવંતભાઈ : કેટલાક માયાળુ તત્ત્વો બન્નેને લડાવી, પોતે નિર્લેપ જેવા રહી, પછી સમાધાન કરાવી પોતાની પ્રતિષ્ઠા જમાવે છે; એનાથી બચવું પણ જરૂરી છે.

[illegible]

[illegible]

એટલે શુદ્ધિપ્રયોગનો સ્પષ્ટ અર્થ અનુબંધ દ્વારા સંસ્થાઓમાં, અને સમાજમાં ગતિશીલતા શી રીતે આવે, તેની સૂક્ષ્મ પ્રક્રિયા છે. તેથી બલિદાનની ભાવના એકદમ થાય છે. કોઈ ચિત્રકાર જ્યારે પ્રારંભમાં પીંછી પટલ ઉપર ફેરવે તો રંગના લીટા જ દેખાય; પણ ચિત્રકારના મનમાં તો એનું સમગ્ર ચિત્ર હોય છે. એવી જ સ્થિતિ સર્વાંગી ક્રાંતિકારના મગજમાં હોવી જોઈએ. ભગવાન મહાવીરે અભિગ્રહ કર્યો ત્યારે તેમના મગજમાં દાસીપ્રથા અને નારીજાતિની અવનતિ નાબૂદ કરવાનો સ્પષ્ટ સંકલ્પ હતો! એવી જ રીતે ક્રાંતિકારોએ સ્પષ્ટ પરિણામલક્ષી પ્રયોગો કરવા જોઈએ. તે સિવાય જનતાનું ઘડતર પણ તેથી થવું જોઈએ. આજે બધા ઉપવાસો કરે છે, તે શા માટે? પરંપરાથી ચાલ્યું આવે છે તે માટે! પણ આટલા બધા ઉપવાસો છતાં જૈન સમાજ ઘડાતો નથી. તો તેનો શું અર્થ?

એટલે શુદ્ધિપ્રયોગમાં અનુબંધ પહેલાં રહેવો જોઈએ. હવે જ્યાં ત્યાં અનુબંધ નથી ત્યાં કેટલીકવાર પાછળ પડવું પડે છે તે જોઈએ.

ગાંધીજી સ્વરાજ્ય મળ્યા બાદ એકલા પડી ગયા હતા. તેઓ બોલ્યા કે હવે મારું કોઈ માનતું નથી. તેમણે કોંગ્રેસ સાથે અનુબંધ રાખ્યો હતો પણ સત્તા કોંગ્રેસના હાથમાં આવતાં; સાધુપુરુષો નબળા પડ્યા હતા. એટલે તેમને કંટાળાજનક બોલવું પડ્યું. અહીં અનુબંધ હોત તો પરિણામ જુદું આવત.

રાજકોટના વીરાવાળાના પ્રસંગમાં ગાંધીજીએ આમરણાંત ઉપવાસ કર્યા. કારણ કે વચન આપ્યા પછી ભંગ થતો હોઈને તે સંસ્કૃતિનો નાશ હતો; એટલે સાધુસંતોએ તેને ઉપાડવો જોઈતો હતો. તેમનો અનુબંધ જોઈતો હતો; પણ તેમ ન બન્યું. મોટો વિરોધ થયો પણ ગ્રીસ ગ્વાયરના ચૂકાદાથી ગાંધીજીની જીત થઈ. જો તેની સાથે ધર્મનો અનુબંધ હોત તો ઘણો ફરક પડત.

કોંગ્રેસ સાથે અનુબંધ હતો એટલે ભાવનગરના મહારાજાએ ઠેઠ સુધી જઈને ગાંધીજીના ચરણોમાં પોતાનું રાજ્ય ધરી દીધું. એટલે રાજકોટમાં જે ન બન્યું તે અહીં બની ગયું. ઔંધના રાજા, વડોદરના રાજા એમ બધા રાજ્યો દેશમાં ભળી ગયા. આખો દેશ એક થયો. આ રાજ્યો ભળી ગયાં; તેનો યશ આપણે સરદારને આપીએ છીએ; પણ તેની પાછળ કોંગ્રેસ, ગાંધીજી તેમજ લોકસંગઠનોનું બળ હતું એ ન ભૂલવું જોઈએ. નહીંતર પરિણામ કંઈક જુદું આવત.

હવે આપણા શુદ્ધિપ્રયોગમાં અનુબંધે કેટલો ભાગ ભજવ્યો જોઈએ :—

સાણંદનો શુદ્ધિપ્રયોગ પરિણામલક્ષી અને ઘડતરલક્ષી બન્ને હતો. પરિણામ એ આવ્યું કે પાવતી ફાડેલી તેનું તત્ત્વ આવી જવું જોઈએ. પ્રાયોગિક સંઘના એ નાણાં છે. તે તેને મળવાં જોઈએ; તે મળ્યાં. સાણંદના નાગરિકોએ અને બહારનાઓએ ભેગા મળી આપી

તો સુંદર [illegible] છે. [illegible] જશે તો એ કામમાં ગમે. [illegible] નિરાશા થાય છે. [illegible] કોઈ નથી, પાંદડી ફેરવનારને જેમ પ્રારંભમાં [illegible] દેખાતું નથી; પણ અંધારું ભિન્ન બને છે ત્યારે પ્રકાશ આવે છે. તેમ પ્રારંભમાં જે ભાર પડ્યું છે તેને જો નિયમન મળે તો એ ભાર હળવો થઈ જાય છે અને નિરાશા ભાગી જાય છે. એટલે નિરાશા દૂર થાય છે અને નવો પ્રકાશ છે. તે માટે અનુબંધ જરૂરી છે! વાત સાચી છે. તો પુરુષાર્થ કરો, અનુબંધ જોડો, બલિદાન આપવા તૈયાર થાઓ—તેમાં સફળતા વરશેજ; એની ખાત્રી રાખવાની છે.



ચર્ચા–વિચારણા

શ્રી દેવજીભાઈએ ચર્ચા કરતાં કહ્યું : "પૂ. મહારાજશ્રીએ સવારે કહ્યું તેમ અનેક પુરુષો સંઘરૂપી નૌકામાં બેસીને તરી ગયા છે; તેમ શુદ્ધિપ્રયોગમાં પણ લોકસંગઠન, લોક-સેવક-સંગઠન, રાજ્યસંગઠન અને સાધુજનો રૂપી ચાર સંસ્થાના-સંઘોના અનુબંધ વડે વિશ્વ વ્યાપક બલિદાનની, શુદ્ધિપ્રયોગની અને શાંતિ સેનાની વાત ખરે જૈન તત્ત્વજ્ઞાનને અનુરૂપ જ છે. ચારે બાજુના અંધકારમાં સાધુસાધ્વી શિબિર નવો પ્રકાશ લાવશે. જૈન સાધુ–સાધ્વીઓ ઊંડો રસ લઈ રહ્યા છે. તેઓ પ્રત્યક્ષ આપણી ચર્ચા અને વિ સામેલ હોત તો બધાને કેટલો વિશેષ આનંદ મળત અને સક્રિયરૂપ લેત? પણ બી રોપાઈ ચૂક્યાં છે. નહીં આવેલ પણ આની કાર્યવાહી વાંચી દૂર રહીને સાચે પંથે લાગી

પૂ. નેમિમુનિએ શુદ્ધિપ્રયોગ ઉપર પ્રકાશ નાખ્ય અનુબંધ હશે તો એકલો સાધક કે સાધુ ગમે ત્યાં શુ તોયે ચાલશે; કારણ કે શુદ્ધિપ્રયોગની સંસ્થાઓ સાથેનું ને

સંઠાય તેમ કોમવાદ સાથે પણ વાંધો છે. કોંગ્રેસ સાથે અનુસંધાન ન હોવાના કારણે ન તો સામ્યવાદને લઈ શકીએ કે ન સમાજવાદને! ન જનસંઘપક્ષને કે ન સ્વતંત્રપક્ષને.

આજના મોટાભાગના પ્રશ્નો માત્ર બે જ વાદમાં સમાઈ જાય છે. એક મૂડીવાદ (અમેરિકા) અને બીજું સામ્યવાદ (ચીન–રૂસ વિ.)માં. એટલે એનો લગવાડ કોઈને કોઈ સ્વરૂપે હોવાનો. તેથી શુદ્ધિપ્રયોગમાં બેસનાર કોઈ કોંગ્રેસી હશે કે કોઈ બિન–પક્ષી હશે તો ચાલશે.

શાંતિ સેના અંગે આ વાતો વિનોબાજીના ગળે ઊતરી ન હતી. રાજસ્થાનમાં ગયા પછી તેમને અનુભવ થયો કે એમાં કેટલાક સ્વાર્થી તત્ત્વો પ્રવેશી ચૂક્યાં છે. કોંગ્રેસી લોકોએ કહ્યું : " શાંતિ સેનામાં દાખલ થઈશું પણ કોંગ્રેસ સાથે સંબંધો નહીં છોડીએ." તો તેમને ચલાવી લેવું પડયું.

આ બધી વાતો લાંબા ગાળાના અનુભવે આવી છે. અત્યારે તો લગવાડ જેવું કંઈ પણ નહીં લાગે; પણ ભવિષ્યમાં બીજો લગવાડ નીકળવાનો. કોંગ્રેસ સિવાયના પક્ષોનો લગવાડ મૂડીવાદ કે સામ્યવાદ સાથે આજે નહીં તો ચૂંટણી વખતે પણ દેખાશે જ! સંયુક્ત–મહારાષ્ટ્રની લડત વખતે, મહાગુજરાતના આંદોલન વખતે આ બધું બહુ સ્પષ્ટ રીતે સામે આવ્યું. તમે કહેશો કે કોંગ્રેસે પણ આવું કર્યું છે તો શું કરવું?

સાણંદ શુદ્ધિપ્રયોગ બાબતમાં એક ભાઈએ કહ્યું: "તમે કોંગ્રેસ વિરોધીઓની કેમ મદદ લીધી?" ખરેખર તો એમ બન્યું જ નથી; ઊલટું એ લોકો મદદ આપવા તૈયાર થયા ત્યારે કાર્યકરોએ કહ્યું: "નાગરિક તરીકે મદદ કરવા ઇચ્છો તો છાવણીમાં આવો. અમે તમારી પાસે નહીં આવીએ!"

(૬) તેમાં બેસનાર વ્યકિત વ્યસની ન હોવો જોઇએ. દારૂ, બીડી કે બીજી તેનામાં લત ન હોવી જોઇએ, જેથી તેનામાં લોકો વિશ્વાસ કરી શકે.

(૭) લોકો ગમે તેટલા આક્ષેપો કરે; તો પણ તે સાંભળી શકે; ભૂલ હોય તો સ્વીકારવા તૈયાર થાય; તેમજ નિર્મળ ચરિત્ર વાળો હોવો જોઈએ.

શુદ્ધિપ્રયોગનો વિધિ અને કાર્યક્રમ :

પ્રાર્થના : શુદ્ધિપ્રયોગનો પ્રારંભ પ્રાર્થનાથી થવો જોઈએ. શુદ્ધિપ્રયોગ પોતેજ પ્રાર્થનાનું તત્ત્વ છે. એમાં વ્યકિત સમાજ સમષ્ટિ જોડાયેલાં છે. એકનો દોષ થવામાં બીજાની ભૂલ છે. એ રીતે કે તમે આંખ આડા કાન કર્યા હશે, કાં પ્રતિકાર નહીં કર્યો હોય! એટલે દોષ વધ્યા. તે દોષ નિવારણ માટે પ્રાર્થના કરવી જોઇએ. પણ પ્રાર્થના માટે એકાગ્રતા જોઇએ તે પેટમાં પડ્યું હોય ત્યાં સુધી ન આવે.

ઉપવાસ : એટલે ઉપવાસની વાત આવી. અલબત્ત એટલા બધા ઉપવાસો ન થવા જોઇએ કે શરીર સાવ નકામું થઇ જાય! એટલે પહેલાં ત્રણ ઉપવાસ રાખતા, હવે બે ઉપવાસ રાખે છે. તેના કારણે ગોપાલકો, ખેડૂતો પણ આ પ્રયોગમાં ભળી શકે છે. ત્રણ ઉપવાસથી વધારે નહીં રાખવાનું કારણ એટલુંજ કે શરીર અન્નમય કોષથી બનેલું છે, એટલે અન્ન પડે તો શાંતિ રહે અને મનમાં વિચારવાનું કંઈક કિરણ પ્રગટે.

ઉપવાસ માટે કેટલાક કિસ્સામાં અપવાદ હોય છે. સાળંગપુરમાં

...લભાઇએ પાંચ ઉપવાસથી શરૂઆત કરી હતી કુરેશીભાઇએ હરિજન
...શ્રમમાં સાત ઉપવાસ કર્યા હતા. ખાસ કિસ્સામાં કોઇ આમરણાંત
...પવાસની તૈયારી બતાવે તો તે સંસ્થાની મંજૂરીથી થઇ શકે. જો
...સંસ્થા કહે કે વચમાં તમારે છોડી દેવું તો તે માટે તૈયાર રહેવું
...જોઇએ. મતલબ કે શરતી અનશન હોવું જોઇએ.

કાંતણ રેંટિયો : ગરીબોની સાથે અનુસંધાન રહે તેના શ્રમના
... પ્રતીક તરીકે રેંટિયો હોય છે અને તેનુ કાંતણ એકાગ્રતા લાવે છે;
તે પણ હોવું જોઇએ.

સફાઈ : શુદ્ધિપ્રયોગ કરનારને છાવણી અને આસપાસની
... જાતે કરવાની હોય છે. તેથી તે સ્વાવલંબનનો પાઠ સહેજે
...ી શકે.

પ્રભાતફેરી : સવારમાં પ્રભાતફેરી નીકળે-ધૂન ભજન બોલવાં
...શં સૂત્રોચ્ચારણ થાય! જેમ ગ્રામસફાઇ અને ક્ષેત્ર વિશુદ્ધિ માટે
...ગ ઉપયોગી છે તેમ આ પ્રયોગને અનુકૂળ એવાં સૂત્રો તૈયાર કરવાં
...અને બોલવાં જોઇએ. તે બોલાય એટલે લોકો પૂછે કે આ શું? સેવા
શું અને સત્તા શું? તે વખતે શાંત પ્રાર્થના દ્વારા એવા પ્રશ્નોના ઉકેલ
આપવામાં આવવો જોઇએ.

એક વખત શુદ્ધિપ્રયોગમાં આવેલા ભાઈઓને પોલિસે પૂછ્યું :
"શુદ્ધિપ્રયોગમાં આવેલ ભાઈઓ સાચુંજ કહેશો ને!" તેમણે ગામમાં
બનેલો એક પ્રસંગ સાચી રીતે જણાવ્યો. કોઈ ભૂલ ન થાય તે
માટેજ ઉપવાસ અને પ્રાર્થનાને મહત્ત્વ આપવામાં આવે છે.

સાંધ્ય-ફેરી : સંધ્યાકાળે ચારથી છ વાગ્યાની વચ્ચે સંધ્યાફેરી
નીકળે. તેમાં વિદ્યાર્થીઓ અનેબહારથી આવેલા ખેડૂતો ભળે છે. તે વખતે
ચકલે ચકલે પત્રિકાનું વાંચન થાય. જાહેર સ્થળોએ ચોંટાડવામાં આવે
તેમાં સૂત્રો હોય છે. તેમજ ગાંધીજીના આધારો-સંસ્થાના અનુભવે
... લેવાં હોય છે. લોકો પ્રશ્નો પૂછે તેના ખુલાસા કરવાના હોય ...

જગાડ્યાં હતાં. પછાત વર્ગોને હરિજન નામ આપ્યું. તેમને અહિંસક અને સંસ્કારી બનાવ્યા. મુસલમાનો સાથે હિંદુઓને પ્યાર રહેવાનું જગાડ્યા અને મુસલમાનોને ન્યાય મળે તેની ખાસ કાળજી લેતા.

ગાંધીજીએ શાંતિસેનાના પાયા માટે, ગામગામ હિંસા ક્યાં છે તે તપાસી લીધી અને તેને દૂર કરવા પ્રયત્ન કર્યો હતો. જો શીખોને કોઈ અપમાનજનક કહીને દબાવે તો તે તરત હુમલો કરવા તૈયાર થઈ જાય. એવી જ રીતે મુસલમાનોને નાની તક મળે તો તેઓ હુલ્લડ કરી મૂકે છે. પછાતવર્ગના લોકો પણ દાઝે-બળીને બદલો લેવા તૈયાર થાય; આ બધું સ્વાભાવિક છે.

આવાં બળોને શાંતિસેના વડે અહિંસા તરફ વાળીએ તો કેટલું મોટું કામ થઈ શકે? નહીંતર સંઘર્ષ વધુ થાય અને તેવા સંઘર્ષને ઉત્તેજન આપવા કોમવાદી કે સામ્યવાદી પક્ષો તો પહેલા કરતાં જ હોય છે. સામ્યવાદીઓ તો એ લઈને બેઠા છે કે મજૂરો અને શ્રમિકોમાં અસંતોષ ઊભો કરી તેને મૂડીવાદી પરિબળો સાથે લડાઇ કરાવવી તેમજ પોતે દૂર રહીને તમાશો જોયા કરવો. આવી હિંસાના મૂળિયાં ઉખેડવામાં ન આવે ત્યાં સુધી શાંતિસેનાનો પાયો મંડાય કઈ રીતે?

કદાચ એકવખત લાગશે કે ઉપરથી શાંતિ થઇ ગઇ છે; પણ હિંસાના મૂળિયાંનો નાશ કર્યા વગર; તેની અસર સ્થાયી રહી શકશે નહીં. ગાંધીજીએ હિંદુ-મુસ્લિમોનો સમન્વય કર્યો હતો. સર્વ ધર્મ સમન્વયની દષ્ટિએ તો ખરું જ, પણ તેમણે બન્ને ભાષાની-હિંદી-ઉર્દૂ ભાષાની એક્તાની દષ્ટિએ હિંદુસ્તાનીનો પ્રયોગ પણ કર્યો હતો. તે વખતે અન્ય ધર્મગુરુઓ ચેત્યા નહીં.

હવે એ કામ શાંતિસેનામાં માનનારા આપણા જેવા લોકોએ કરવાનું છે; પક્ષમુક્તતાની વાતો કરીને ખોટા પક્ષોને પણ આડકતરી રીતે ટેકો ન મળી જાય એ ખાસ જોવાનુ છે. જે પક્ષો હિંસામાં માને છે; એવા લોકો શાંતિસેનામાં આવે તો તેઓ દ્વારા થતી હિંસા વખતે

અહિંસક પ્રતિકાર શકિત કામ નહીં આવે. હુલ્લડ અને તોફાની તત્ત્વોને વખોડવા જોઈએ; નહીંતર શાંતિ–સેના પાયા વગરની થશે.

પછાતવર્ગોને પણ એ દૃષ્ટિએ સારા માર્ગે વાળવાની જરૂર છે' કેવળ વિચારો આપવાથી એ કામ નહીં થાય; પણ સાથે ઘડતર જરૂરી છે. નહીંતર એ લોકો તોફાની, હિંસાવાદી, સામ્યવાદી, કે કોમવાદી તત્વોના હાથમાં રમી જશે. શાંતિની વાતોથી શાંતિ આવતી નથી, પણ તે માટે સર્વપ્રથમ અહિંસા વડે જાત ઘડતર અને પછી લોકઘડતર કરવાથી જ થશે. તેથી જ સર્વ સામાન્ય લોકોમાં હિંસાના બદલે અહિંસા પ્રત્યે શ્રધ્ધા બેસશે અને આમ જનતા તેમાં રસ લેતી થશે.

શાંતિ સૈનિકની યોગ્યતા :

આટલો વિચાર કર્યા પછી હવે શાંતિસૈનિકની યોગ્યતા વિષે વિચારીએ 'શાંતિસેના' શબ્દમાં સૈનિક–સંગઠન આવી જ જાય છે. શિસ્તબદ્ધ અને સંસ્થાબદ્ધ એ શાંતિસૈનિક હોવો જોઈએ. તેનો સુસંસ્થાઓ સાથે અનુબંધ હોવો જોઈએ. તે ઘડાયેલી સંસ્થામાં ઘડતર પામીને આવેલો હોવો જોઈએ।

વગર ઘડાયેલા ગમે તે પક્ષના લોકોને શાંતિસેનામાં દાખલ કરવાથી અને પાછળથી ઘડતર થઈ જશે, એમ વાત કરવાથી, યોગ્ય સેના નહીં બને. કદાચ એવો સૈનિક કવાયત કરશે, શિસ્ત પાળશે, પણ મોકો આવતાં કેટલો ટકી શકશે તે એક શંકા છે. તેના બદલે ગ્રામસંગઠન, લવાદી પ્રયોગ, શુદ્ધિપ્રયોગ વગેરેમાં એ ઘડાતો ઘડાતો આવશે તો, આવા ઘડાયેલા શાંતસૈનિકો ભલે સંખ્યામાં ઓછાં હશે પણ ટકી શકશે તેમજ અહિંસામાં માનનારા ઘણા બીજાનું ઘડતર કરી શકશે.

શાંતિના પ્રયોગો :

દેશ અને દુનિયાના પ્રવાહો જોતાં મને લાગે છે કે શાંતિ માટે ત્યાગ-બલિદાન કરનારા લોકો કેવળ ભારતમાં જ નહીં, પણ અન્ય

દેશોમાંયે પાકયા છે. પણ, આ બધા પ્રયોગો વ્યક્તિગત થયા છે હવે તેને સંગઠિત બળ રૂપે કરવાની જરૂર છે.

વેર વિખેર જે બળો આ દિશામાં પડયાં છે; તેનું સર્વપ્રથમ સંકલન કઈ રીતે થાય તે અંગે હવે પછી (આવતે અઠવાડીયે) વિચારશું. પછી એ સંગઠિત બળનો પ્રવાહ આગળ ધપાવશું તો અદ્‌ભૂત કાર્ય થઈ શકશે. શાંતિસેનાના સંદર્ભમાં જે વ્યક્તિગત પ્રયોગો દેશવિદેશમાં થયા છે, તે અંગે થોડુંક જોઈ જઈએ; જેથી ખરા શાંતિ-સૈનિકનો ખ્યાલ આવી જાય.

યુફેંગનું અસરકારક બલિદાન:

આજનું જે રાષ્ટ્રવાદી ચીન છે, તેને આધીન ફાર્મોસા દ્વીપ હતું. ચીનના શાહંશાહે ત્યાનું રાજ્ય ચલાવવા માટે ત્યાંના એક આદિવાસી 'યૂફેંગ'ની નીમણૂંક કરી હતી. યુફેંગે ત્યાંના આદિવાસીઓના કલ્યાણ અને શુભનિષ્ઠા દ્વારા તેમનું હૃદય જીતી લીધું હતું. તેણે આદિવાસી પ્રજાને જે હિંસક અને ક્રુર હતી, સન્માર્ગે અને સંસ્કૃતિને માર્ગે વાળવા માટે માથાવૂટ પ્રયત્નો કર્યાં. આ આદિવાસીઓમાં એક જંગલી અને ક્રુર પ્રથા હતી, જીવિત માણસોનો શિકાર કરીને તેમના માથાં દેવતાઓને બલિ ચઢાવવામાં આવતાં. યુફેંગે આદિવાસીઓને સમજાવીને આ કુપ્રથા બંધ કરાવવા ઘણા પ્રયત્નો કર્યા, પણ તેમાં તે સફળ ન થયો.

એક વખત આ આદિવાસીઓએ એકી સાથે ૪૦ જીવિત માણસોનો શિકાર કરી નાખ્યો. આ જોઈને યુફેંગનું હૈયું ધ્રુજી ઊઠયું. એણે તરત આદિવાસીઓને બોલાવીને નમ્ર સ્વરે કહ્યું–" જો તમે દર વરસે એક માથું દેવીને ચઢાવશો તો એટલા બધાં માથાં તમારે માટે ૪૦ વરસ સુધી ચાલશે. ત્યાં સુધી તમારે એકેય માણસનો નવો શિકાર નહિ કરવો. યુફેંગ પ્રત્યે આદિવાસીઓએ આદર અને પ્રેમથી, પ્રેરાઈને તેની વાત કબૂલી. યુફેંગે વિચાર્યું ૪૦ વરસ જેટલા લાંબા ગાળામાં આ લોકો આ બધું હિંસા કરવાનું ભૂલી જશે. પણ થયું એનાથી ઉલટું જ.

ચાલીસ વરસના અંતે પણ તે લોકો દેવીને એક માણસનું માથું ચઢાવવા માટે મુહૈંગ પાસે સલાહ લેવા આવ્યા; ત્યારે મુહૈંગે તેમને ઘણું સમજાવ્યું કે હવે આ કુપ્રથાને બંધ કરો, કાઢી નાખો. પણ મુહૈંગની વાત તે લોકોએ નહિ માની. બહુ વિચારને અંતે તેણે એક રસ્તો કાઢયો કે 'જો તમારે માણસનું માથું જ ચઢાવવું હોય તો અમૂક ઠેકાણે લાલ કપડાં પહેરેલા માણસને જુઓ તેનું જ માથું કાપજો, બીજાનું કાપતા નહિ " તેમણે કબૂલ્યું,

મુહૈંગ હવે સમજી ગયો કે માત્ર ઉપદેશોથી એ લોકો માનવાના નથી, બલિદાન આપવું જ પડશે. તે પોતે લાલ કપડાં પહેરીને આદિવાસીઓને બતાવેલ ઠેકાણે ઊભો રહ્યો. તેણે પોતાનો ચેહરો બદલી નાખ્યો, એટલે ઓળખતો ન હતો. આદિવાસીઓએ તેનું માથું કાપી નાખ્યું. દેવીને ચઢાવ્યું તે વખતે તેમનો ચેહરો ઓળખીતો લાગ્યો. હવે શું થાય ! અરર ! આતો મુહૈંગ ! ! ગજબ થઈ ગયો.

મુહૈંગના બલિદાનની ધારી અસર થઈ. ત્યાર પછી આ આદિવાસીઓએ નરબલિ પ્રથા બંધ કરી દીધી.

સ્વીટ્ઝરલેંડનો જોન બુદરોજ :

ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓમાં પણ અહિંસક શાંતિવાદીઓના ઘણા દાખલા મળે છે. સ્વીટ્ઝરલેંડના જોન બુદરૌજનો દાખલો બહુ જ પ્રેરણાદાયક છે. તે ત્યાં લશ્કરી તાલીમ આપનાર એક પ્રોફેસર હતો. તે લશ્કરને તાલીમ આપતો. તેના હાથે તાલીમ પામેલાને પહેલું સ્થાન મળતું.

તેના ખિસ્સામાં એક નાની બાયબલની ચોપડી હમેશા રહેતી. જ્યારે તે પ્રાર્થના કરતો ત્યારે બાયબલ ઉઘાડી ને થોડુંક વાંચતો. એકવાર બાયબલ વાંચતાં–વાચતાં તે મંથનમાં પડી ગયો કે "તારા ડાબા ગાલ ઉપર તમાચો મારે તો જમણો ધરજે" જિસસના આ વાક્ય સાથે યુદ્ધની તાલીમનો મેળ પડતો નથી. ખ્રિસ્તી ધર્મ સાથે પણ માનવસંહારનો મેળ ખાતો નથી. તો શું મારે હવે આ લડાઈની તાલીમ આપવાની નોકરી છોડી દેવી જોઈએ.

આમ મન સાથે નોકરી છોડવાનું નક્કી કરી તે એક દિવસની રજા લઈને પોતાને ઘેર જાય છે. પોતાની પત્ની આગળ આ વાત કરે છે. તે પણ જોનના વિચાર સાથે સહમત થઈ અને આ વિચાર ને કાર્યાન્વિત કરવાનું પ્રોત્સાહન આપ્યું. જોને નક્કી કરી લીધું કે આ નોકરી છોડતાં જે કાંઈ આફતો કે કષ્ટો આવશે તે ખુશીથી સહીશ.

તે ઘરથી સીધો પોતાના કમાંડિંગ ઑફિસર પાસે છાવણીમાં આવ્યો અને પોતાનો ફોજી પોશાક અને રાઈફલ તેમની આગળ મૂકીને વિનંતિ કરી. "સાહેબ, હવે મારાથી આ નોકરી નહિ થાય. મેં ઈશ્વરનો અવાજ સાંભળ્યો છે. અત્યાર સુધી તો મેં લડાઈની તાલીમ આપી, હવે હું ઈશુના પ્રેમ અને અહિંસાની તાલીમ આપવા માગું છું."

તેના ઑફિસરે તેને ઘણું સમજાવ્યું અને કહ્યું કે "જો તું અધવચ્ચેથી નોકરી છોડીશ તો તને હમણાં જ પકડીને જેલખાનામાં લઈ જવામાં આવશે અને તારા ઉપર કાયદેસર કેસ ચાલશે અને તને સજા થશે. એટલે આ ગાંડપણ છોડી દે. ઘરડે ઘડપણ કોણ તને પાળશે." તેના ઑફિસરે વિચાર્યું કે હમણાં લડાઈનો કોઈ પ્રસંગ નથી, છતાં આટલો મોટો હોદ્દો છોડીને જાય છે, તેથી એનું મગજ ચસકી ગયું લાગે છે. તેણે જોનને ગાંડાની હૉસ્પિટલમાં દાખલ કરાવ્યો. પણ ત્યાં જોન જેવા આશિકને કોણ રાખે! છેવટે તેના ઉપર કેસ ચાલ્યો. મેજર ઑર્નોલ્ડ સેરીસોલ નામના સરકારી વકીલે તેના ગુના પ્રમાણે થોડાક માસની સજા આપી. જોન બુદ્દેરોજ પોતાના વિચારોમાં ખૂબ જ મક્કમ રહ્યો. તેણે ગુનો પણ કબૂલ્યો અને લોકો આગળ પોતાની આત્મકથા કહી સંભળાવી. હવે તો એક પછી એક ફોજી તાલીમવાળા જોન બુદ્દેરોજનું અનુકરણ કરવા લાગ્યા. લોકો ઉપર તેના ત્યાગની જબ્બર અસર થઈ. તેના આંતરરાષ્ટ્રીય શાંતિદળમાં ઘણા લોકો જોડાઈ ગયા.

ફિનલેન્ડની મરિકારીટ :

એવી જ અહિંસાની સાધિકા ફિનલેન્ડની મરિકારીટ નામની બાઈ થઈ. તે ત્યાંના ગવર્નરની પુત્રી હતી, બહુ જ રૂપાળી અને કોમળ

રમાવતી. નાનપણથી જ તેની જિંદગી ક્રૂર કેદીઓમાં વીતી હતી. તે વખતે ફિનલૅન્ડમાં જેલોની હાલત બહુ વિચિત્ર હતી. પહેરેગીરો પણ ક્રૂર અને અત્યાચારી હતા જેને પરિણામે કેદીઓ પણ ક્રૂર બની જતા. તેઓ આપસમાં લડતા, એકબીજાને મારતા અને લાગ મળતાં પહેરેગીરો ઉપર પણ જુલમ કરતા. એથી શાંતિ સ્થાપવી મુશ્કેલ થઈ જતી.

એ બાઈને પ્રેરણા થઈ કે હું મારું જીવન આવા ક્રૂર ગુનેહગાર લોકોની વચ્ચે ગાળું અને એમના સૂતેલા ભગવાનને જગાડું! પહેલાં તો તેને રાજ્યાધિકારીઓએ તથા માવતરોએ ઇજાજત ન આપી. પણ જ્યારે તેમણે જોયું કે આ બાઈ બહુ પ્રેમાળ છે અને પોતાના વાત્સલ્યથી આ લોકોને સુધારી શકે છે. લોકોએ પહેલાં તો તેને ગાંડી કહી. પણ તેણે પોતાનું કામ ચાલુ રાખ્યું. શરૂઆતમાં તો કેદીઓ પણ તેની મજાક કરતા, પણ તે બહુ જ કાળજીથી, નિર્ભીત થઈને પૂરી સહાનુભૂતિથી ભયંકરમાં ભયંકર કેદીની વીતક કથા સાંભળતી; તેના ગુન્હાના કારણો ઉપર વિચારતી, જેલના ઑફિસરો અન્યાય–અત્યાચાર કરતા તો તેમને પણ પ્રેમથી સમજાવતી. આમ તેણીએ બધાનાં હૃદય જીતી લીધાં. અને કેદીઓ તથા ઑફિસરો પણ એની વાત માનતા. કેદીઓ સુધર્યા, જેલો સુધરી. મટિલ્ડાએ અહિંસાનો ચમત્કાર પ્રત્યક્ષ બતાવી આપ્યો કે જેલથી મુક્ત થયા પછી પણ મટિલ્ડાની સાથે ઘણા કેદીઓ સેવાના કાર્યમાં શાંત અને અહિંસક બનીને લાગી ગયા. કેટલાક નાગરિક જીવન વિતાવવા લાગ્યા. મટિલ્ડાએ 'આંતરરાષ્ટ્રીય મૈત્રી વર્દ્ધક સંઘ' સ્થાપ્યો; તેમાં ઘણા લોકો શાંતિ સ્થાપવા અને સેવા આપવા તૈયાર થયા.

ઇંગ્લાંડની ફ્લોરેંસ નાઈટિંગેલ :

એવી જ રીતે 'હાથ બત્તી સાથેની દેવી' નામે મશહૂર થયેલી ઇંગ્લાંડની ફ્લોરેંસ નાઈટિંગેલનો દાખલો પણ શાંતિ માટે અદ્‌ભૂત છે. તેણે માંદા–ઘાયલ વગેરેની સેવાસુશ્રુષા માટે જીવન આપી દીધું અને

જીવનમાં જે સ્ત્રીઓ આવી છે તેને આ સેવા-ચાકરી વડે નિર્મળતામાં ફેરવી નાંખી. તેને અનુસરીને ઘણી ગામ ઘરની સ્ત્રીઓ એ સેવા-કાર્યમાં દાખલ થવા લાગી.

બૌદ્ધ સાધ્વી રૂકમાવતી

વ્યક્તિગત પ્રસંગોમાં બૌદ્ધ સાધ્વી રૂકમાવતીનો દાખલો પ્રેરક છે. તે વખતે એક મોટો દુકાળ પડ્યો. લોકો પાસે કાંઈ ખાવાનું ન રહ્યું. તેમાં એક બાઈની સ્થિતિ એટલી કફોડી આવી ગઈ કે તે પોતાના બાળકને મારીને ખાવાની તૈયારી કરતી હતી. ત્યાંથી સાધ્વી રૂકમાવતીને પસાર થવાનું થયું. તેણે બાઈને સમજાવી! પણ બાઈ ન માની એટલે તેણે એ બાળક લઈ લીધું અને પેલી બાઈને પોતાનું સ્તન કાપીને આપી દીધું.

આવા નમૂના દરેક ધર્મમાં છે. માત્ર તેનું સંકલન થવું જરૂરી છે.

રાણાપ્રતાપનો પુરોહિત:

રાણાપ્રતાપ અને શક્તિસિંહ બન્ને ભાઈઓ જ્યારે વાદે ચઢી ગયા હતા અને તલવાર કાઢીને એક બીજાનું માથું ઊડાવવાની તૈયારીમાં હતા, ત્યારે તેમનો પુરોહિત વચ્ચે આવી ને સમજાવે છે. જ્યારે તેઓ સમજતા નથી–ત્યારે પુરોહિત પોતાના હાથે જ બન્નેની વચ્ચે છરી પોતાના પેટમાં હુલાવીને પોતાનું બલિદાન આપી દે છે. આની બન્ને ઉપર તરત અસર થઈ. અને બન્ને ભાઇઓ લડવાનું ભૂલી પસ્તાવો કરવા લાગ્યા અને પ્રેમથી રહેવા લાગ્યા.

ગુરુ ગોવિંદના બે પુત્રો:

ગુરુ ગોવિંદસિંહ પાસે એ વાત મૂકવામાં આવી કે " કાંતો આખી શીખ કોમ ઉપર અત્યાચાર થશે–નહીંતર તમારા બે દીકરાને સોંપો! અમે તેમને અમારા બનાવશું!"

બટ્રાંડ રસેલ અને શાંતિની વાતો:

આમ દેશ-વિદેશોમાં ઘણાં વ્યક્તિગત આંદોલનો થયાં છે. બટ્રાંડ રસેલ જેવાએ તાજેતરમાં "અણુબોમ્બ બંધ કરવાની" શાંતિવાદી ઝુંબેશ ઉપાડી હતી પણ એમાં સંસ્થાનો અનુબંધ નથી. વ્યક્તિઓ ઘણી ભલી છે; ઘણી સંસ્થાઓ થઈ છે પણ વ્યક્તિઓના સરવાળાથી કંઈ સક્રિય થતું નથી; ઘડતર પામેલી વ્યક્તિઓ તૈયાર થાય તો જ શાંતિનું આંદોલન જગાડી શકે, વગર ઘડાયેલા લોકો કે તેમની શાંતિસેના તૈયાર કરવાથી કોઈ પણ કાર્ય સરતું નથી.

જનતા સાથે શાંતિ-સેનાનું સંકલન:

આના સંદર્ભમાં મને એક વાત યાદ આવે છે. મારું ચોમાસું ઘોળકા હતું અને સન ૧૯૫૬ માં મહાગુજરાતવાદીઓના તોફાન વખતે મોરારજીભાઈ ઉપવાસ કરી રહ્યા હતા. ત્યારે મને થયું કે સર્વપ્રથમ મારી ઉપવાસ કરવાની ફરજ છે! તે છતાં પણ ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિની કોઈ વ્યક્તિએ ઉપવાસ કરવાની જરૂર હતી! તેના બદલે એક કોંગ્રેસી અને સરકારી હોદ્દેદાર (મુંબઈના મુખ્ય પ્રધાન) રૂપે

[illegible] ઉપવાસ કરે તે જરૂર મંથન જગાડનારું હતું. [illegible]
[illegible] ઉપવાસ કરત તો આટલી [illegible]

[illegible]

[illegible]

[illegible]

હોય ત્યાં અવ્યક્તબળ ઉપર શ્રદ્ધા રાખવાથી જ આશાનું કિરણ ફૂટે
છે. કોઈને કોઇ સ્ફુરણા દ્વારા સાક્ષાત્કાર થાય જ છે।
આજે ક્રુશ્ચેવે, ૫૦ મેગાટનનો બોમ્બ બનાવીને અખતરો કરાવ્યો
છે તે લોકોને ડરાવવા માટે કે હિંસક શક્તિમાં અમે કેટલા આગળ
છીએ? પણ, આ પ્રકારનો ગર્વ શું કામનો? ગોડસેએ ગાંધીજીને
મારીને ગર્વ અનુભવ્યો તેથી શું થયું? ગાંધીજી તો અણનમ રહ્યા।
એક ગાંધીજી ગયા તો શું થયું તેઓ અહિંસાનો વારસો આખા જગતને
આપી ગયા. પરિણામે શસ્ત્રો ઘટાડવાથી લઈને મહારાષ્ટ્રોની શિખર
મંત્રણા, અને અણુવિકસિત રાષ્ટ્રોના વિકાસથી લઈને રાષ્ટ્રોના
શાંતિમય સહઅસ્તિત્વની વાતો કરતું જગત થઇ ગયું છે.

આમજનતાની શાંતિ સેનામાં સહાયતા!

આ અંગે અગાઉ ચર્ચા થઈ ચૂકી છે કે જનસંગઠનોનું ઘડતર
એ દિશામાં થશે તો તેમાંથી શાંતિ સહાયકો મળ્યા વગર નહીં રહે।
અમદાવાદમાં ૧૯૫૬ માં મહાગુજરાતવાદીઓનું તોફાન ચાલતું હતું
ત્યારે પરિસ્થિતિ એવી વિકટ હતી કે કોઇ સાધુ, લોકસેવક કે કોંગ્રેસી
બહાર નીકળી આ તોફાનીઓને કહી શકતું નહીં. મોરારજીભાઈએ તો
ઉપવાસ કરી પોતાની ફરજ બજાવી હતી. પણ લોકોમાં નિર્ભયતાનો
સંચાર કોઇ કરવા તૈયાર ન હતું. તે વખતે ભાલનળકાંઠામાંથી ખેડૂતો
અને ગોપાલકોની ટુકડીઓએ આવીને નિર્ભયતાનો સંચાર કર્યો. લોકોમાં
નૈતિક જાગૃતિ આણી અને તોફાનીઓને શાંતિનો પાઠ શીખવ્યો.
હવે પ્રશ્ન એ છે કે શું એ ટુકડીઓને ઘડતર મળ્યું હતું? ના,
તેમને માત્ર ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ અને ખેડૂત-ગોપાલક મંડળ
પ્રતિ શ્રદ્ધા હતી. પૈસા આપવાના હોય તો લોકો સહેલાઇથી આપી શકે;
પણ અહીં પ્રાણ-પ્રતિષ્ઠા આપવાના હતા. ખેડૂત મંડળ જેટલું ગોપાલક
મંડળનું ઘડતર પણ થયું ન હતું. તે છતાં ગોપાલકો અને ખેડૂતો
સહી ન શકાય તેવી ગાળો, આક્ષેપો અને પત્થરમારા વચ્ચે શાંત રહ્યા

ચર્ચા – વિચારણા

શ્રી. ચંચળબેન : આજની ચર્ચાનો આરંભ કરતાં કહ્યું " ગાંધીજીના હિંદુ–મુસ્લિમ—એકતાના પ્રયાસો પાયાના હતા. તે સ્વરાજ્ય બાદ તેમને નોઆખલી સાંભળ્યું. તેઓ હિંસાના ખોળા આશયને બતાવી આપતા.

સવારે પૂ. મહારાજશ્રીએ કહ્યું તેમ સન ૧૯૪૬ માં ઇંદુમતીબે હિંસક હથિયારોવાળાં ટોળાં વચ્ચે જઇને ભાષણ આપ્યું હતું. જે શૌ છે તેને હિંસાના બદલે અહિંસાને માર્ગે વાપરવામાં આવે તો કેટલુ બધું કામ થાય! સુભાષ બે ઝ. રાજપૂત કોમ વગેરે વ્યકિત અને સમૂ કેટલું ભવ્ય કામ કરી શકે! પૂ. ગુરુદેવ બલિદાનની વાતો ગાંધીજીન અનુસંધાનમાં કહી રહ્યા છે, તેથી આપણે સૌ ઘડાઈ રહ્યાં છીએ. એટલે આ શિબિરનું પરિણામ ઘણું સુંદર આવશે તેમાં શંકા નથી."

શ્રી. દેવજીભાઇ : " શાંતિસેનાની વિદ્વત્તાભરી વાતોથી શાંતિસેના નહીં આવે. એનો પાયો અને યોગ્યતા કાર્યક્રમોમાંથી અને તેયે ગ્રામ જનતામાંથી આવશે. ગ્રામટુકડીઓ તેમજ મહિલા ટુકડીઓ ઉપર અમદાવાદમાં જે બન્યું તેમાં એ બધાં ટકી રહ્યાં. તેની પાછળ પૂ. મહારાજશ્રી પ્રત્યેની અને ભાલ નળકાંઠા પ્રયોગની સંસ્થાઓ પ્રત્યેની શ્રધ્ધા સિવાય મુખ્યબળ બીજું શું હતું ? એ પ્રસંગો ભવ્ય બની ગયા. જે કયાંયે નથી મળતું તે અનુબંધમાંથી મળે છે. ગાંધીજીને જે મુખ્યબળ મળ્યું હતું તે તો મુંગી જનતાની સમજસૂઝભરી શ્રધ્ધાથી જ મળ્યું હતું."

શ્રી. પૂંજાભાઈ: શાંતિસૈનિક મોટે ભાગે સાધુવર્ગમાંથી જ આવવા જોઈએ, કારણ કે, પાછળની એને ચિંતા ન હોય! જો કે સાધુ જાતે જ શાંતિસૈનિક જ છે. પણ તેઓ આજે તેવા રહ્યા નથી. હવે તેમને બદલાવું પડશે.

[illegible] પણ મળી શકે; કારણ કે
[illegible] તેમને ઓળખનારા [illegible] ઓળખે છે. પણ તેની સાથે
[illegible] પણ [illegible] ગાંધીજીના [illegible] હિન્દુસ્તાનમાં જ
[illegible] શાંતિ [illegible] થયાં છે.
[illegible] અહિંસા-શાંતિ! આવી શાંતિ [illegible] પડતી નથી.
[illegible] તેની [illegible] અસર [illegible] પણ
[illegible] નહીં હોવાથી તેની [illegible] પ્રતિભા [illegible]
[illegible] ઉપર [illegible] તે એક તરફ [illegible]
[illegible] પ્રભાવ પેદા કરી શકે છે. [illegible]"

શ્રી. ભગવંતરાય : " હું ઘડાયેલો નથી પણ મને અહિંસામાં [illegible] બલિદાન આપવા પણ તૈયાર [illegible] શાંતિસેનાનો પ્રયોગ કરવા [illegible] ગુજરાતમાં [illegible] દેશમાં [illegible] છું. [illegible] સાધુઓ માટે [illegible] આટલા બધા જૈન સાધુઓ [illegible] કરતાં [illegible] ગૃહસ્થાશ્રમી [illegible] આદમીઓમાં [illegible] સારું કામ થઈ શકે! [illegible] ઢાલ બનવી છે—વૈદિક સાધુઓ છે. શું મહાત્માજી જેવા [illegible] તો હું [illegible] તલવાર સામે [illegible] એટલી જ તેમની જવાબદારી ઓછી છે? આજે [illegible] ઊભી થઈ છે. [illegible] અહિંસા પણ દુનિયામાં મજબૂત [illegible] સાથે અહિંસા [illegible] અત્યારે અહિંસા મજબૂત જોઈએ તેમ [illegible] હિંસા સામે શાંતિ સાથ. [illegible] મજબૂત કરીએ; તો જ વિશ્વભરમાં [illegible] માટે પુષ્કળ તક છે.

શ્રી. સુંદરલાલ : " જેમ સૈનિકોને સેનાપતિ ઉપર વિશ્વાસ હોય છે તેમ આપણને પણ જોઈએ! શાંતિસેનાના સેનાપતિ પાસે પ્રેમનું જ મુખ્ય બળ હશે એટલે કશી હરકત નહીં આવે! હું એવો શાંતિ સૈનિક બનવા ઇચ્છું છું."

શ્રી. દુલેરાય માટલિયા : સેનામાં સાત વસ્તુઓ હોય તો [illegible] સૈન્ય બને છે.— (૧) સેનાની (૨) શિસ્ત (૩) તાલીમ (૪) સંગઠન (૫) સંખ્યા (૬) જુસ્સો અને (૭) વ્યૂહ. શાંતિ-સેના [illegible]

વિશ્વમાં અહિંસાનાં પરિબળોનું અનુસંધાન

સામુદાયિક અહિંસાના પ્રયોગમાં શાંતિ-પ્રયોગ, શાંતિ સેના અંગે આગળ વિચાર થઈ ચૂક્યો છે. પણ આ પ્રયોગોની અસર સમસ્ત વિશ્વ સુધી પહોંચતી ન કરવામાં આવે તો તેની અસર અમુક ક્ષેત્ર-પ્રાંત કે પ્રદેશ સુધી જ રહી જશે અને કાળાંતરે તેનું અનુસંધાન પણ તૂટી જશે. જગતમાં હિંસા અને અહિંસા બન્નેનું અસ્તિત્વ યુગયુગથી ચાલતું આવ્યું છે. અને તેને શાંતિ અને અહિંસાને શરણે આવવું પડ્યું છે। પણ તેમ કરવામાં અનેક યુદ્ધો—પ્રતિહિંસા વગેરેમાંથી જગતને યાતનાસહિત પસાર થવું રહ્યું. એટલે જ વિશ્વનાં અહિંસાના પરિબળો શોધીને તેનું અનુસંધાન કેવી રીતે કરી શકાય તે અંગે વિચારવાનું છે.

અહિંસા સાથે ખાન—પાનને ઘણો સંબંધ છે. વિચાર સાથે તો છે પણ આચારમાં તેને ઘણા ઓછા ઉતારે છે. એટલે અહિંસક ખાન—પાન કોનાં—કોનાં છે તેનો સર્વપ્રથમ વિચાર કરીએ :—

જૈનો અને અહિંસા :

અહિંસા સાથેનો ખોરાકનો વિચાર જૈન અને વૈષ્ણવ ધર્મમાં કરવામાં આવ્યો છે. જૈનધર્મમાં આહારશુદ્ધિ ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. તે અંગે અહિંસાનો ઝીણવટથી વિચાર કરવામાં આવ્યો છે. એમાં પણ પહેલાં મહારંભ અને મહાપરિગ્રહને પાપકારક અને નરકગતિમાં લઈ જનારા બતાવ્યા. પછી બીજા બે તત્ત્વો ઉમેરાયાં— "કુણિમાહારેણં, પંચેંદ્રિયવહેણં" માંસાહાર અને પચેંદ્રિયવધ. એક બાજુ ત્યાં વિશ્વ વિશાળ જીવ અહિંસાને સાચવવાની ભૂમિકા છે અને એક તરફ જૈન શ્રાવક રાજા ન્યાય માટે ખૂનખાર જંગ લડે તેમાં ૧ કરોડ ૮૦ લાખ માણસો મરે. તે છતાં તેને સ્વર્ગગામી બતાવ્યો ત્યારે માંસાહાર કરનારને નરકગામી બતાવ્યો. આ વાતને ઊંડાણથી સમજવા જેવી છે। એ તત્ત્વ ન સમજવાને કારણે આજે જૈનોમાં પણ

[illegible]

આર્ય સમાજ જેવા રાષ્ટ્રીય સ્વતંત્રતાને માનનારો અને વિરોધી સમાજ, ક્યારેક હિંદુમહાસભા કે ક્યારેક જનસંઘને ટેકો આપી કોમવાદની લાગણીને પોષ્યા કરે છે. એટલું જ નહીં, હિંદુ-મુસ્લિમ હુલ્લડ વખતે મુસલમાનોને ખતમ કરવા માટે હિંસક શસ્ત્રો લેવામાં આવતા રોકો ખાસ નહી માને. વૈદિક સંન્યાસીઓમાં અહિંસાની લાગણી ગોવધ–નિષેધ માટે જેટલી છે તેટલી લાગણી અન્યાયના અહિંસક–પ્રતિકાર માટે ધર્મ–કોમ સમન્વયની ભાવનાની નથી. પણ તે છતાં આ એક અહિંસાનું પરિબળ છે ખરું!

બૌદ્ધો અને અહિંસા :

હવે બૌદ્ધ ધર્મ ઉપર આ ... ધર્મ ... લાવો ખાસ
કરીને હિંદુસ્તાનની બહાર ... ોટા ભાગ ... ારને
બૌદ્ધ લોકોએ ક્ષમ્ય ગણ ... મણાં જે ...
ધર્મનો પ્રચાર થઈ રહ્યો છે
આવશે એમ લાગે છે. એટલે ...

...ાકાહાર અને અહિંસા :

અહિંસાના પ્રચાર માટે, ...

એ ઘણું અત્યંત જરૂરી છે કે તેઓ શાકાહારનો પ્રચાર! તેથી આપણે વિચારનો વિચાર સૌથી પહેલાં કરવાનો છે. હું નિર્માંસાહારી મરઘી મિશનરી કરતો હોઉં છું. એમાં ઘણી મુશ્કેલી પડે છે. મુસ્લિમ, ખ્રિસ્તી અને કેટલાક હિંદુ લોકોનો શાકાહારી સંપર્ક થતો નથી. મહારાષ્ટ્રમાં તો ઘણો રસ્તે મુશ્કેલી પડી. પ્રાંતોમાં ઉપર સાધુઓ વિહાર થાય છે. વિહારયાત્રામાં ઘેર ઘેર જતાં શાકાહારી સંપર્ક થાય છે ત્યારે જ તેમની ભાવનાનો ખ્યાલ આવી શકે છે! પણ તે મુશ્કેલ હોવા છતાં જરૂરી છે.

કસાઈખાનાંઓ અને અહિંસા :

એ દૃષ્ટિએ નિર્માંસાહારનો પ્રચાર કરવા અને અહિંસાને સમષ્ટિ સુધી પહોંચાડવા માટે જરૂરી છે કે વિશ્વની જે માંસાહારી પરિષદો છે; તેની સાથે અનુસંધાન કરવું જોઈએ. અહીં પ્રશ્ન એમ થશે કે આવી પરિષદોના સભ્યો મોટા ભાગે પશ્ચિમના દેશોમાં હોય છે ત્યાં તેમનાં અંગત જીવનમાં શાકિંગનાં મૂળો જુદી જ રીતે ઘડાયેલાં છે? તો તેને ચલાવવા કે કેમ? ત્યારે બે મુદ્દાઓને એકી સાથે લેવામાં આવે તો એક સારૂં—અહિંસક પરિણામ હોય—બીજું ન પણ હોય! પણ દરેક વાતનો વ્યક્તિગત વિચાર ન કરતાં સંસ્થાગત કરવો પડશે

કેટલાક જૈન વૈષ્ણવ અહિંસક ધર્મ સંસ્થાના સભ્ય હશે; બીજી બાજુ વ્યક્તિગત જીવનમાં શોષણ કરતા હશે. કદાચ શોષણને સારૂં ન પણ માનતા હોય! અહીં એ વિચારવાનું છે કે માણસ શોષણ સંસ્થાગત તો કરતો નથીને; અગર તો શોષણ કરનાર સંસ્થા સાથે જોડાયેલો તો નથીને, કે શોષણને સારૂં માનતો તો નથીને? આ ત્રણેય વિકલ્પો ન હોય તો એ અહિંસક સંસ્થા સાથે જોડાયેલ માણસને લેવામાં બાધ નથી. અહીં શોષણનો મુદ્દો અલગ રીતે લેવાનો છે.

ઉપરોક્ત બાબતમાં આપણી કસોટી પ્રમાણે જે રાજ્યોય વિરોધી પક્ષો ગોવધ-નિષેધ અંગે કામ કરે છે ... એ ... છે.

તેની સાથે અનુસંધાન ભલે થઈ શકે। તેનાં ચોક્કસ પરિણામ આગળ જતાં આવે છે.

હવે એની સાથે વિશ્વમાં જે અહિંસાના પરિબળો વ્યક્તિગત કે સંસ્થાગત કામ કરી રહ્યા છે તેનો વિચાર કરીએ. આમાં માર્શલ ટીટો, નાસર અને પંડિત નેહરૂ લોકશાહીનાં પરિબળો છે. જે શાંતિમાં માનનારાં છે. એવી જ રીતે પંચશીલના સિદ્ધાંતો ઉપર સહી કરનારાં રાષ્ટ્રો છે. તે પણ એક રીતે અહિંસાના પ્રસાર માટે મદદરૂપ છે. તે ઉપરાંત એવાં પરિબળો જેને સામ્યવાદ, કોમવાદ કે મૂડીવાદ સાથે લગવાડ નથી, તેને ટેકો આપી શકાય। કારણ કે આ પક્ષો સત્તા દ્વારા ક્રાંતિમાં માનનારા છે અને તેઓ તે માટે અહિંસાનો કે સાધનશુદ્ધિનો આગ્રહ રાખતા નથી; એટલે તેઓ અહિંસાના પ્રચાર ને વખત આવે બાજુએ રાખી શકે છે. તેથી જ્યાં સર્વોદયવાળાનો આ બન્ને પક્ષો સાથે લગવાડ હોય ત્યાં તેનો વિરોધ આપણે કરીએ છીએ.

એ દૃષ્ટિએ વિશ્વ શાકાહારી પરિષદ તટસ્થ છે. તેનો રાજકીય પક્ષો સાથે લગવાડ નથી. તેવીજ રીતે જીવદયા મંડળી, હિંસા વિરોધક સંઘ કે પ્રાણી પ્રત્યે કૂરતા અટકાવતો સંઘ; પણ સંસ્થાગત રીતે તટસ્થ છે. તેમની સાથે અનુસંધાન કરવામાં વાંધો આવતો નથી. વ્યક્તિગત રીતે જે સભ્યોનો એવા પક્ષો સાથે લગવાડ હોય છે, તેને દૂર કરવો જોઈએ

આ બધી સંસ્થાઓએ નિર્માંસાહારનો જોરશોરથી પ્રચાર કરવો જોઇએ; પોતે માંસ ન ખાય, બીજામાં તેનો પ્રચાર રોકે. અને શાકાહારની શકયતા ઊભી કરી શકે। આ સંસ્થાઓ ખ્રિસ્તી, ઈસ્લામ અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓમાં વધારે પ્રભાવશાળી થઈ શકશે. એકવાર જો એ ધર્મના વડાઓને એમ થાય કે ઊંડાણથી જોતાં કાઈસ્ટે કે મહંમદે પરિસ્થિતિ બદલાય તો પણ માંસાહાર કરવાનું એકાંત વિધાન નથી કર્યું; તો આ દિશામાં ઘણું ઉપયોગી કાર્ય થાય.

ખ્રિસ્તી ધર્મનો પ્રેમ અને અહિંસા :

શું ખ્રિસ્તીધર્મ સતત હિંસા કે માંસાહારમાં માને છે? કે એને અહિંસા તરફ વાળી ન શકાય? આના જવાબમાં હું બે વાત રજૂ કરીશ. એક તો એ કે વનસ્પતિ આહાર સંઘનો જન્મ જોવા જઈએ તો પરદેશમાંથી જ થયો છે. તે ઉપરાંત વિજ્ઞાન પણ એવા સિદ્ધાંત ઉપર આવી રહ્યું છે કે માંસાહાર કરતાં વનસ્પતિ આહાર માનવ શરીરને વધારે અનુકૂળ છે. તે ઉપરાંત "પ્રાણીઓ પ્રતિ ક્રૂરતા અટકાવો" એમાં માનનારો સંઘ પણ સર્વપ્રથમ ત્યાંથી થયો છે. એ ઉપરથી, આશા કરી શકાય કે ખ્રિસ્તીધર્મ જરૂર શાકાહાર તરફ વળી શકશે.

જિસસ્ ક્રાઈસ્ટે તે જમાનામાં પ્રેમની વાત કરી; "તારા ડાબા ગાલ ઉપર તમાચો મારે તો જમણો ગાલ ધરજે।" એજ સંપ્રદાયમાં ધર્મસંસ્થા દ્વારા યુદ્ધની વાત કરવામાં આવી. તેનો વિરોધ કેટલાક ઈસાઈ સંતોએ કર્યો. પણ તેમણે જે કર્યું તે લોકસંસ્થાના અનુબંધ વગર એટલે તેમનો અવાજ વ્યાપક ન બન્યો. ઇસાઇ ધર્મમાં ક્વેકર્સ સંપ્રદાય નીકળ્યો કે જેણે ગમે તેવા કષ્ટો કે આફતો સહીને લડાઈમાં દાખલ થવાનો વિરોધ કર્યો. એમાં પહેલાં કેટલાંક સેનાપતિ હતા. તેમના મનમાં એ વિચાર સ્ફૂર્યો કે "આપણે આ માનવહિંસાના કાર્યમાં પડવું નથી।" તેમણે પદ-પ્રતિષ્ઠાનો ત્યાગ કર્યો. આવા ઘણા ખ્રિસ્તીધર્મના માણસો મળી શકે છે. સંપ્રદાય જીવન શુદ્ધિ ઉપર ભાર મૂકે છે તેમજ તેને કોઇપણ પ્રકારનો રાજકીય પક્ષનો લગવાડ નથી. એટલે તેની સાથે અનુબંધ જોડવો જોઇએ.

ગાંધીજીને ખ્રિસ્તીધર્મ પ્રત્યે બે કારણોથીં આકર્ષણ થયું હતું. એક તો રક્તપિતીયાની સેવા દ્વારા એકાત્મ ભાવ કેળવવાની વાત; બીજું, મારનાર પ્રત્યે પ્રેમ અને ક્ષમા. એમાંથા એમને પ્રેમ, સેવા ને સત્યાગ્રહ એ ત્રણ સિદ્ધાંતો લાધ્યા હતા.

[illegible] છે. તેમને પણ અહિંસાની દિશામાં [illegible] છે, [illegible] આ ભાગમાં [illegible] છે. જ્યારે જ્યારે [illegible] ત્યારે ત્યારે [illegible] ભાગમાં તેઓ અહિંસાની વાત કરે છે, [illegible] પરિષદમાં [illegible] કે મજૂર મહાજનવાળા [illegible] રાષ્ટ્રોને તેમજ સંસ્થાઓને [illegible] સાફ સાફ કહી દેવું કે [illegible] તો અમારા રાષ્ટ્રે તટસ્થ બળ તરીકે રહેવું જોઈએ.

એટલે અહિંસાના પરિબળો માટે કોંગ્રેસનું અનુસંધાન રાખવું પડશે તેમજ તેને ટેકો આપવો પડશે. એની સાથે એ વાતની તકેદારી રાખવી પડશે કે સીધી કે આડકતરી રીતે સામ્યવાદી, સમાજવાદી કે કોમવાદી અથવા હિંસા ને માનનારાં બળોને ટેકો ન મળે, તેમજ તેમને આપનિર્ભર કરવાં જોઈએ.

'યુનો' અને અહિંસા :

દેશની જેમ વિશ્વની સપાટીએ અહિંસાના પરિબળ માટે 'યુનો'ને ટેકો આપવો જોઈએ. કારણ કે તે એક તટસ્થ બળ છે અને જગતમાં શાંતિના પ્રચાર માટે કાર્ય કરી રહ્યું છે. એટલું ખરું કે આ સંયુકત રાષ્ટ્ર સંઘની શકિત ખૂબજ અસરકારક બનાવવી જોઈએ. જેથી તે રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચે સુસંબંધો સ્થાપી શકે.

'યુનો'ના હસ્તક ચાલતું "યુનેસ્કો" પણ વિશ્વશાંતિ માટેનું સારું બળ છે. તે જગતમાં જ્ઞાન-વિજ્ઞાન અને સંસ્કૃતિના પ્રચાર સાથે અણવિકસિત રાષ્ટ્રો માટે ઘણી કલ્યાણકારી યોજનાઓને સાકાર કરી રહ્યું છે. એટલે એ પરિબળનું અનુસંધાન પણ જરૂરી છે.

તટસ્થ રાષ્ટ્રો અને અહિંસા :

ત્રીજું બળ છે સક્રિય તટસ્થ રાષ્ટ્રો. તેમને પણ લોકશાહીની દષ્ટિએ ટેકો આપવો જોઇએ. પહેલાં તો પંચશીલ ઉપર ચીન-જાપાન

ઈ રેડક્રોસે સારી કરી હતી પણ આખરમાં એના ઉપર રહી ન
શ. બેલ્જીયમમાં હમણાં એવા રાષ્ટ્રોની બેઠક મળી હતી. તેમાં કામ
ે થયું પણ સંકલ્પ, કેનિયા અને નાઈજીરીયા ઉપરના પક્ષો આવ્યા
ે કોઈ શ્રેષ્ઠ, તો કોઈ નાનો, તો કોઈ ગામડાનાં, તો કોઈ
સંસ્થાની ઝડપથી માર્ગે ગયા. તેથી તટસ્થ રાષ્ટ્રવાદના સમૂહમાં
ઉદય આવી. હવે એને બહુજ ઝડપથી આગળ વધારવાની
તક આવી લાગી છે. નિરાશ થવાની જરૂર નથી. શાંતિની વાતો
કરનારાં અનેક લોકો પ્રજાની ઇચ્છાએ વાત કરતા થાય તો નિઃશસ્ત્રીકરણ
અણુપ્રયોગ પ્રતિબંધ કે વિશ્વ ઘટાડાનો પ્રશ્ન બહુજ ઝડપથી પતે. પણ
મોટાં મોટાં રાષ્ટ્રો અંદરો અંદર ગુંચવાયેલી રહેવાનો પ્રયત્ન
કરતાં હોય છે.

હમણાં–હમણાં એ આનંદપ્રદ વાત બની છે કે કેનેડી અને ક્રુશ્ચેવ
બન્નેની પત્નીઓએ શાંતિ માટે પત્ર—વાર્તા વાતો કરી છે. તેને સ્ત્રી
સંસ્થાઓ મારફત આ કામ થાય તો વિશ્વમાં શાંતિનો માર્ગ સાફ થઈ
જાય. માતૃ સમાજને આગળ પણ આ વાત હું મૂકવા ઈચ્છું છું.
વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘને પણ આ ખુશી સમાચાર જણાવ્યા છે.
ઉપરથી તો જનતાનાં સંગઠનો વડે જ વિશ્વમાં અસરકારક સામુદાયિક
અહિંસાનો પ્રયોગ કરી શકશું.

વ્યક્તિગત શાંતિનાં પ્રયોગો :

હવે આપણે વ્યક્તિગત રીતે વિશ્વમાં શાંતિનાં જે પ્રયોગો છે,
તે વિષે વિચારીએ. મને જ્યાંસુધી યાદ છે; ગાયસસ નામના ટાપૂ
ઉપર "રસીલ" નામનો એક યુવાન કિસાન રહેતો હતો. ઈંગ્લાંડ અને
જર્મનીના ઝઘડા વખતે ઈંગ્લાંડની ફોજ જર્મની બાજુ ઉપડી ત્યારે
એ યુદ્ધનો વિરોધ કરવા માટે એ લોકોની ટુકડીઓ ઉપડી. અને એક
છાવણીમાં એણે ૨૧ ઉપવાસ કર્યા. એની સહાનુભૂતિમાં બીજા સહાયક
ઉપવાસીઓ પણ ઘણા હતા.

એવીજ રીતે બર્ટ્રેંડ રસેલે અણુબોંમ પ્રયોગ ઉપર પ્રતિબંધ મૂ
માટે બ્રિટીશ કચેરીઓ ઉપર પ્રદર્શનો કર્યા. હિંદુસ્તાનમાં મુંબઈ
પણ આ રીતે વિદેશી કચેરીઓ ઉપર પ્રદર્શનો કરવામાં આવ્યાં હ
લાખો વિજ્ઞપ્તિઓ (pamphlets) વહેંચી. પછી કાંઈક કાનૂન
કર્યો હશે એટલે રસેલને બ્રિટીશ સરકારે જેલમાં પૂર્યા છે।

એવીજ રીતે આંતરરાષ્ટ્રીય શ્રમ શિબિર નામની એક સં
ભ્રાતૃભાવ વધારવાનું કામ કરે છે. પણ, એ બધા નાના મોટા પ્રયો
છેવટે વ્યક્તિવાદી પ્રયોગોમાં માનનારા છે. એ બધાં શાંતિવાદી બળો
અનુસંધાન કરવા માટે સર્વસેવા સંઘ તરફથી થોડોક પ્રયત્ન ચાલે છ

એવીજ રીતે વિશ્વના ધર્મોવાળાને ભેગા મળીને વિચાર કરવ
માટેની ભૂમિકા મુનિશ્રી સુશીલકુમારજીએ વિશ્વધર્મ સંમેલન વગેરે દ્વાર
ઊભી કરી છે તેમજ અહિંસાના વિકાસ માટે અહિંસા શોધપીઠ અને
અને અહિંસા પુસ્તકાલય પણ ચલાવવાની યોજના છે.

હિંસા વિરોધક સંઘ, જીવદયા મંડળી તેમજ જુદી જુદી ગૌશાળાઓના
પ્રયત્નો પણ ચાલે છે. પણ એ બધાનું સંકલન થાય અને બધા ભેગા
મળીને કામ કરી શકે તોજ અહિંસા વિજયી બની શકે. નહીંતર
હિંસાના પ્રવાહો એટલી ઝડપથી વહી રહ્યા છે કે એને ખાળવાનું કામ
અઘરું બની જશે.

હિંસક શસ્ત્રો-અણુબોમ ઉપર પ્રતિબંધ:

હવે તો અણુબોમ ઉપર પ્રતિબંધ મૂકવાની અપીલ લાલચીન અને
સામ્યવાદી રશિયા તરફથી પણ બહાર પડી છે. હવે રાષ્ટ્રો એ દિશામાં
કૂચ કરી રહ્યા છે. અણુબોમ ઉપર પ્રતિબંધની માંગ દિવસે દિવસે
વધતી જાય છે. પણ લોકોને ચીન કે રશિયા ઉપર વિશ્વાસ બેસતો નથી.

કારણ કે રશિયા અણુબોમ-પ્રતિબંધની વાત એક તરફ કરે છે
ત્યારે બીજી તરફ ૫૦ મેગાટન બોંમના પ્રયોગો કરે છે. આ બન્નેનો
મેળ ખાતો નથી.

તે ઉપરાંત સામ્યવાદી નીતિ સંઘર્ષની છે. તે પણ હિંસાનો ફેલાવો કરે છે. એટલે પંડિત જવાહરલાલ નેહરુએ ચીનને 'યૂનો'માં દાખલ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેની પાછળનો આશય એટલો જ કે સામ્યવાદી નિરંકુશ લાગવગ ઉપર મર્યાદા આવી જાય! તે માટે ચીન સાથે ઘણી બાંધ-છોડ કરી પણ ચીનનું સ્પષ્ટતઃ આક્રમણકારી સ્વરૂપ આગળ આવી રહ્યું છે!

આ બધા પ્રશ્નોમાં આપણે શું કરી શકીએ? આપણી શક્તિની મર્યાદા છે. જે પ્રયોગ આપણો ચાલે છે (પ્રાયોગિક સંઘ) એનું કાર્ય સાચવીને આંતરાષ્ટ્રિય અહિંસક પરિબળોનું અનુસંધાન કેવી રીતે કરી શકશું એ સવાલ છે.

તો પછી શું કોંગ્રેસ-રાજ્ય સંસ્થા એ કાર્ય કરી શકશે? એની એક મર્યાદા છે એટલે રાજ્ય કરતાં પ્રજા પાસે વધારે આશા રાખવી પડશે: કોમવાદ ભારતને ઓછો પજવતો નથી; તે છતાં પ્રજાના ઘડતર વગર એ અંગેના પ્રતિબંધના ઠરાવને પડતો મૂકી દેવો પડ્યો. એવું જ સામ્યવાદનું છે અને ચીનના આક્રમણ સમયે તો એ બહુ જ સ્પષ્ટ રીતે આગળ આવ્યું. તે છતાં એ અંગે કહી શકાતું નથી.

એ માટે લોક સંગઠનોને ઘડવાનું છે. તે કાર્ય રચનાત્મક કાર્યકરોનું છે અને તેમને જગાડવા કે માર્ગદર્શન આપવાનું કાર્ય ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓનું છે. તેમણે જ્યાં જ્યાં રચનાત્મક કાર્યકરોની ક્ષતિ થઈ છે તે સાફ કરીને આગળ વધવાનું છે. દા. ત. સર્વોદયના પ્રેરકોએ સર્વપક્ષ સમન્વયની વાત કરી. યેલવાલ ખાતે થયેલી ગ્રામદાન પરિષદમાં બધા પક્ષોનો ટેકો મળશે એવી આશા રખાઈ હતી. એ વખતે શ્રી નંબુદ્રિપાદ (કમ્યુનીસ્ટ પાર્ટીના મંત્રી-કેરલના તે વખતના મુખ્ય મંત્રી) નો ટેકો રહ્યો-પણ એ પછી શાંતિસેના કે ગ્રામદાન માટે સામ્યવાદી પાર્ટીનો સક્રિય ટેકો મળ્યો હોય, એમ લાગતું નથી. સમાજવાદી લોકો જુદા જુદા ફંટાઈ ગયા છે. સમાજવાદી કે સામ્યવાદી પક્ષ સત્તા દ્વારા ક્રાંતિમાં

ગાને છે. ત્યાં તેમનો સર્વોદયની રાજ્યમુક્તિ કે રાજ્ય નિરપેક્ષતાની વાત સાથે ક્યાંથી મેળ બેસી શકે? વ્યક્તિગત રીતે સારા માણસો હોઈ શકે પણ સમગ્ર પક્ષ કે સંસ્થાની સાથે અનુસંધાનની વાત વ્યક્તિના માધ્યમથી થતી હોય ત્યારે તેમાં કાળજી રાખવી જોઈએ।

સામુદાયિક અહિંસાના પરિબળો સામે સર્વોદયિ કાર્યકરો અથડાતા હોય એવો ઘણીવાર આભાસ થાય છે એટલે સામુદાયિક અહિંસાના પ્રયોગો કરવામાં જે કાળજી રાખવાની છે તે રાખ્યા વગર તો બધું જ કાર્ય ઊંધું વળી જવાની ભીતિ છે.

સામુદાયિક અહિંસાના પ્રયોગના વિશ્વ માટેના કાર્યક્રમો?

આ અંગે વિચાર કરીએ તો નીચેના કાર્યક્રમો ઉપાડવા જોઇએ, એમ લાગશે :—

(૧) **વિશ્વસરકારનો** વિચાર સર્વપ્રથમ કરવો પડશે. આજે વિશ્વની કક્ષાએ જ્યારે એ વસ્તુનો વિચાર કરીએ છીએ ત્યારે 'યૂનો'નેજ લેવું પડશે. તેને સક્રિય, તટસ્થ, નિષ્પક્ષ, અહિંસાની દિશામાં પ્રગતિશીલ અને બળવાન બનાવવી પડશે.

(૨) **વિશ્વઅહિંસા સંપર્ક સમિતિ** રચવી પડશે. જે વિશ્વના રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિ સપાટી ઉપર કામ કરતાં અહિંસાનાં પરિબળો સતત સાથે સંપર્ક સાધશે.

અત્યારે તો 'વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ' અને ભાલ નળકાંઠા (ગ્રામ્ય) પ્રાયોગિક સંઘ બન્ને આ વિષે પ્રયત્નશીલ છે. બીજાં પરિબળોને સંપર્કમાં રાખવા વિશેષ પ્રયત્નો કરવા પડશે.

(૩) **અણુઓમ પ્રયોગ પ્રતિબંધ** મૂકવાની વાત ઝડપથી વિશ્વના રાષ્ટ્રોના કાને પહોંચાડવી પડશે.

તટસ્થ બળ

૪) **સક્રિય તટસ્થ બળ :** એક એવું સક્રિય તટસ્થ બળ
રવું જેનો અવાજ વિશ્વમાં પહોંચી શકે. આપણે પણ એક
તટસ્થ બળ તરીકે કામ કરી રહ્યા છીએ એનો ઘણા ઓછાને
ત હશે. કોંગ્રેસને ટેકો આપવાનું કારણ એટલું જ કે વિશ્વમાં
ણો સાદ પહોંચાડવા માટે આપણા દેશમાં એનાથી વધુ સબળ
જું કોઈ માધ્યમ નથી. તેથી ઘણીવાર આક્ષેપો આવે છે તે વહોરીને
યુ અહિંસાની દિશામાં આગળ વધવું જોઈએ। લોકો આપણને
આગ્રહી કહેશે પણ તેથી કંટાળીને સત્યનો આગ્રહ છોડી દેવાનો નથી.
પણા કાર્યકરોને લાગે છે કે આપણા સિધ્ધાંતો પ્રતિ અતિ આગ્રહો છે
તેથી તેમના મનમાં એક ગ્રંથિ બંધાતી જાય છે. તેમનું કહેવું છે કે
કોંગ્રેસમાં અનિષ્ટ તત્ત્વો દિવસે દિવસે ધસી રહ્યાં છે, છતાં તેને ટેકો
આપવો એ યુકિત સંગત નથી। અનુબંધ વિચારધારા પ્રમાણે આપણી
દૃષ્ટિ કોંગ્રેસથી કંટાળીને ભાગવાની નથી; પણ પ્રેરક અને પૂરક બળો
દ્વારા એક બાજુથી શુદ્ધિ અને બીજી બાજૂથી સિધ્ધાંતોને લીધે કોંગ્રેસની
ગતિ કરવાની છે; તેથી તે વધારે મજબૂત બની આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં
કામ કરી શકે. કોંગ્રેસને તરછોડવાથી તો મૂડીવાદી, કોમવાદી,
રવાદી, દાંડતત્વો કે તોફાની બળોને જ ટેકો મળશે અને તે
નાત્મક કાર્યકરોને ભારે પડશે.

મને તો ખાતરી છે કે જ્યારે વિશ્વસરકાર માટેની જગતમાં
ભૂમિકા થઈ જશે; તે વખતે કોંગ્રેસે માનવું પડશે કે લોક સંગઠનો
અને લોકસેવક સંગઠનો; સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક ક્ષેત્રે
ખરાં પૂરક પ્રેરક બળો છે; તેમજ લોકસંગઠનો માટે રાજકીય ક્ષેત્રે
તેના માતૃત્વ સંબંધ હોઈ કોંગ્રેસના પૂરકબળ તરીકે એ રહેશે. એવી જ

રીતે પ્રાયોગિક સંઘ તેના માટે પ્રેરકબળ રહેશે. ઘણાને આ વાતમાં જરા ગર્વ જેવું લાગશે; પણ ગાંધીજીને જેમ કોંગ્રેસના સરમુખત્યાર, હિંદુઓના પક્ષપાતી કહેતા, તેમ આ બધા આક્ષેપો સહીને જ આપણે આગળ વધવાનું રહ્યું.

(૫) દેશમાં અહિંસક બળોના સંપર્ક : એજ રીતે આ દેશમાં જ્યાં જ્યાં અહિંસક બળો છે તેમની સાથે સંપર્ક સાધી, જે સાધુઓ, બહેનો, રચનાત્મક કાર્યકરો છે, તેમના ગળે આ વાત ઉતારવી પડશે; ગ્રામો અને શહેરોમાં ચાલતાં અનિષ્ટો અને હિંસક પરિબળોને દૂર કરવા પડશે. આ કાર્ય ચાલુ થશે એટલે અહિંસક પરિબળો પણ મળી રહેવાના એવી મારી શ્રદ્ધા છે.



ચર્ચા–વિચારણા

શ્રી. પૂંજાભાઈએ આજની ચર્ચા પ્રારંભ કરતાં કહ્યું : 'સવારે પૂ. મહારાજશ્રીએ આ અંગે ઘણી સુંદર રીતે કહ્યું છે. મારા નમ્ર મતે તો કાર્યક્રમો આપણા જેમ–જેમ આગળ વધતા જશે તેમ–તેમ તે પરિબળોનું અનુસંધાન આપોઆપ થશે. જેમકે વૈષ્ણવો અને જૈનો નિરામિષાહારના કાર્યક્રમમાં આપોઆપ અનુસંધાન પામશે. કારણ એ કાર્યક્રમમાં તે બન્ને નજીક જ છે. પછાત કોમમાં પણ ઘણા શાકાહારી નીકળશે.

રામાયણમાં હનુમાને લંકા જઈ આવ્યા પછી સાફ કહ્યું: " યુદ્ધ અનિવાર્ય છે. " તેમ આજે ભારતીય સંસ્કૃતિનું અપહરણ થયું છે. તેને જો પુનઃ વિશ્વ પ્રતિષ્ઠિત કરવી હોય તો ગાંધીયુગ પછી અનુબંધ વિચાર

પ્રમાણે પૂનાની ડેરીના કારીગરો જેમ આસનજીકના અને ગુજરાતમાં શકાય છે, તેમ હવે આ શિબિર પછી દેશ-દેશાંતરમાં આપવાના કે આપણે વર્તમાન યોજનામાં સામુદાયિક અહિંસાના પ્રયોગોવાળી ન સીધી રીતે મૂકી દેવી જોઈએ. હિંસાના અનુભવમાં નિરામિષા- ફરી જ્યારે લાગે પણ યુદ્ધોની હિંસા તો જશે જ. તેમ જ કુર્કુઓ આવતાં જગતમાંના બધાં અહિંસક બનેલું અનુસંધાન થઈ જ જવાનું."

શ્રી. સુંદરલાલ : મારા નમ્ર મત પ્રમાણે નિરામિષાહારની વાત પણ જગતની માનવજાતમાં કોરણી ફેલાશે! પશુ-પંખીને શત્રુ દુઃખ જે જાતે જુએ તો આજનો માનવી એ છોડશે જ।"

શ્રી. માટલિયા : "સવારે પ્રવચનમાં બટ્રાંડ રસેલની વાત આવી હતી. આ અંગે થોડી ચોખવટ કરી લઉં. અત્યાર સુધી રસેલની જીવન ફિલસૂફી ભોગવાદી-સ્વચ્છંદતાની હોય તેવી તેમના સાહિત્ય પરથી છાપ પડે છે. તેઓ અહિંસાને સિદ્ધાંત તરીકે નહીં, પણ ઉપયોગિતાની દૃષ્ટિએ માનતા જણાય છે. છતાં ખરેખર એમને અગર સાચી રીતે હોય તો જુદી વાત છે. નહીં તો આપણે એમની સાથે અનુસંધાન એ છતાં વ્યાપક પ્રતિષ્ઠા નહીં આપી શકીએ.

આપણી અનુબંધ વિચારધારા સાથે વધુ સુસંગત તો ક્વેકર સંપ્રદાયના શાંતિવાદીઓ છે. તેઓ ખેતી, ડૉક્ટર કે શિક્ષકનો ધં પસંદ કરે છે કારણ કે શુદ્ધ આજીવિકાનો તેમનો આગ્રહ હોય એમનામાં ચાર બાબતો મુખ્ય છે:-(૧) નિશ્ચિત સમયે ક્યાંક હોઈએ (મૌન) પ્રાર્થના, (૨) યુદ્ધનિષેધ (યાતના સહીને (૩) શુદ્ધ આજીવિકાનો આગ્રહ, (૪) બાળકો પૈકી એકાદને ...પણ ચર્ચામાં કટુતા લાવતા નથી. છતાં ઉગ્રતા કોઈવાર ઘણા નેતાનું કહેવું "માનીએ કે ન માનીએ" એવી પ